RNI NO GUJGUJ/2005/23814
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ - ૯ — શુક્રવાર, તા.૦૩-૦૫-૨૦૨૪ — અંક : ૧૦૯ — વર્ષ : ૧૯ — jamnagar@aaspassaindia.com — કિંમત રૂા. ૨-૫૦ — પાના - ૮

## નેતાઓ માંડી રહ્યા છે ગણિત

# મોદીની ૬ સભા પછી ૨૬ બેઠક પાકી ?

### ૧ બેઠક ભાજપને મળી ચુકી છે જ્યારે ૧૨ બેઠકો સલામત મનાઈ રહી છે, અન્ય પૈકી ૪ પર કશ્મકશ

ભાવનગર, તા.૩

ત્રીજા તબક્કાના મતદાનમાં નરેન્દ્ર મોદીના ગુજરાતની ૨૬ બેઠક પણ સામેલ છે. આ વખતે દેશમાં ભાજપ અને સાથી પક્ષોનું ૪૦૦ પારનું લક્ષ્યાંક છે તો ગુજરાતની ૨૬ બેઠક પર કમળ ખીલવવા ભાજપ કામે લાગ્યું છે. પ્રચાર માટે હવે અંતિમ દિવસો રહ્યા છે ત્યારે ગુજરાતની ૨૬ બેઠક પર મતદારોને રીઝવવા ભાજપ તમામ સ્તરે કામે લાગ્યું છે. ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડીસા, હિંમતનગર, સુરેન્દ્રનગર, વિદ્યાનગર, જૂનાગઢ, જામનગરની છ સભાઓ બાદ મોદી મેજીકથી ૨૫ બેઠક પૈકીની કશ્મકશવાળી બેઠકમાં મતદારોને કઇ રીતે રીઝવવા તેની વ્યુહ રચના ઘડાઇ રહી છે.

૨૬ પૈકી સુરતની ૧ બેઠક ભાજપને બિનહરીફ મળી ચુકી છે. અન્ય ૨૫ પૈકી ૧૨ બેઠક પર ભાજપ પોતાને સલામત માને છે. જ્યારે અન્ય ૧૩ પૈકી ૪ બેઠક પર પરિણામ ધાર્યું ન પણ મળી શકે તેવી અવઢવ ભાજપના નેતાઓમાં પણ છે. આ બેઠકો પર સભાઓ ઉપરાંત મિટીંગ બેઠક, સમાજ કક્ષાએ વ્યુહ રચના સહિત પર હવે ધ્યાન આપવામાં આવી રહ્યું હોવાનું સુત્રોએ જણાવ્યું છે. ખાસ કરીને વડાપ્રધાન મોદીની સભા અને તેની અસર દરમિયાન રીસાયેલા મતદારોને મનાવી લેવા પ્રયત્નો હાથ ધરાયા છે. ક્ષત્રિય સમાજની નારાજગી જુદા જુદા સ્તરેથી દૂર કરવાના પ્રયાસો પણ ધીમે ધીમે સફળ થઇ રહ્યા છે ત્યારે ભાજપની એક ટીમ આ અંતિમ દિવસોમાં રીસાયેલાને મનાવવામાં કામે લાગી છે.

## બાર એસોસિએશનમાં એક તૃતિયાંશ મહિલા અનામત લાગુ કરો : સુપ્રીમ કોર્ટનો નિર્દેશ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે મહિલા સશક્તિકરણની દિશામાં વધુ એક પગલુ આગળ વધાર્યું છે. સુપ્રીમ કોર્ટે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનમાં એક તૃતિયાંશ મહિલા અનામત લાગુ કરવાનો આદેશ આપ્યો છે. બેન્ચના આદેશ અનુસાર સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનનું ખજાનચીનું પદ મહિલા માટે અનામત રહેશે. આ સિવાય એસોસિએશનની કાર્યસમિતિના ૯ માંથી ૩ સભ્યોના પદ મહિલાઓ માટે અનામત રહેશે. આ આદેશનું પાલન પહેલી વખત સોળ મે એ થનારા સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનની ચૂંટણીમાં થશે. આ ચૂંટણીના પરિણામ અઢાર મે એ આવશે.

ઉલ્લેખનીય છે કે એસસીબીએના પદાધિકારીઓ અધ્યક્ષ, સચિવ અને ખજાનચીમાં ખજાનચી પદ મહિલાઓ માટે અનામત રહેશે. સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનમાં સીનિયર એડવોકેટ્સ માટે બનેલી સીનિયર કાર્યકારી સમિતિના છ સભ્યોમાંથી બે અને સામાન્ય કાર્યકારી સમિતિના ૦૯ સભ્યોમાંથી ૦૩ સભ્યના પદ મહિલાઓ માટે અનામત હશે.

કોર્ટે કહ્યું કે ઉમેદવારોની યોગ્યતા અને

## રાહુલ ગાંધી રાયબરેલીથી લડશે ચૂંટણી

### કેએલ શર્મા અમેઠીથી ઉમેદવાર જાહેર કરાયા : પાંચમા તબક્કામાં અમેઠી અને રાયબરેલી બેઠકો પર ૨૦ મેના રોજ મતદાન

અમેઠી,

કોંગ્રેસે લોકસભા ચૂંટણીમાં નોમિનેશનની છેલ્લી ક્ષણે તેના કાર્ડ જાહેર કર્યા છે. રાહુલ ગાંધીને રાયબરેલીથી અને કિશોરી લાલ શર્માને અમેઠીથી જાહેર કર્યા છે. બંનેના નામની યાદી આવી ગઈ છે. અમેઠીથી કોંગ્રેસના ઉમેદવાર કેએલ શર્માનું પૂરું નામ કિશોરી લાલ શર્મા છે




સાત તબક્કાની સામાન્ય ચૂંટણીના પાંચમા તબક્કામાં અમેઠી અને રાયબરેલી બેઠકો પર ૨૦ મેના રોજ મતદાન થશે. આ બંને બેઠકો પરંપરાગત રીતે ગાંધી-નેહરુ પરિવારના સભ્યો પાસે છે. પાર્ટીએ પહેલીવાર અમેઠીમાંથી બિન-ગાંધી પરિવારના ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે.

શુક્રવારે એટલે કે આજે અમેઠી અને રાયબરેલી બેઠકો માટે ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ છે અને તેને ધ્યાનમાં રાખીને પાર્ટીએ પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. રાહુલ ગાંધી ૨૦૦૪માં પહેલીવાર અમેઠી બેઠક પરથી ચૂંટણી જીત્યા હતા.

## પશ્ચિમ બંગાળમાં રાજ્યપાલ પર છેડતીનો થયો આરોપ

### એક હંગામી મહિલા કર્મચારીએ ડૉ. સીવી આનંદ બોઝ પર આરોપ લગાવ્યો

પટણા,

મહિલાનો આરોપ છે કે રાજ્યપાલે તેને તેના બાયોડેટા સાથે રાજભવન ખાતેની ચેમ્બરમાં આવવા કહ્યું, જ્યાં તેની છેડતી કરવામાં આવી. મહિલાએ વધુમાં કહ્યું કે તેમણે આ અંગે પહેલા રાજભવન સ્થિત ચોકી પર તૈનાત પોલીસકર્મીઓને ફરિયાદ કરી હતી. ત્યાંથી તેને પોલીસ સ્ટેશન જવાનું કહેવામાં આવ્યું.

કોલકાતા રાજભવનની એક હંગામી મહિલા કર્મચારીએ રાજ્યપાલ ડૉ. સીવી આનંદ બોઝ પર છેડતીનો સનસનાટીભર્યો આરોપ લગાવ્યો છે. મહિલાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મહિલા ગુરુવારે સાંજે લગભગ ૭ વાગે હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશન ગઈ હતી અને રાજ્યપાલે તેની બે વખત છેડતી કરી હોવાનો દાવો

## કોંગ્રેસના નેતાએ પ્રજ્વલ રેવન્નાની તુલના ભગવાન કૃષ્ણ સાથે કરી !!

### ભાજપે કોંગ્રેસ નેતાના મંત્રી પદ પરથી રાજીનામું માંગ્યું : કોંગ્રેસે મંત્રીના નિવેદનને પર્સનલ ગણ્યો

બેંગુલરૂ,

કર્ણાટકના મંત્રી રામાપ્પા તિમ્માપુરે હાસન સેક્સ સ્કેન્ડલ કેસના આરોપી ત્નહ્રજી સાંસદ પ્રજ્વલ રેવન્ના અંગે એવું નિવેદન આપ્યું છે, જેના કારણે વિવાદ ઉભો થયો છે. મંત્રી તિમ્માપુરે જેડીએસ સાંસદ પ્રજ્વલ રેવન્નાની તુલના ભગવાન કૃષ્ણ સાથે કરી છે. તિમ્માપુરનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે પ્રજ્વલ રેવન્ના અને હિંદુ દેવતાઓ વિશે વાત કરી રહ્યો છે. રામાપ્પા તિમ્માપુર કોંગ્રેસની આગેવાની હેઠળની કર્ણાટક સરકારમાં આબકારી મંત્રી છે.

વિજયપુરામાં એક જાહેર સભામાં લોકોને સંબોધતા મંત્રી રામાપ્પા તિમ્માપુરે કહ્યું, "એમ.બી. પાટીલે કહ્યું તેમ, આ પેનડ્રાઈવનો મુદ્દો, દેશમાં આનાથી વધુ ખરાબ કંઈ થયું નથી. આ માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવી શકાય છે. શ્રી કૃષ્ણ ઘણી સ્ત્રીઓ સાથે ભક્તિપૂર્વક જીવ્યા હતા, પરંતુ પ્રજ્વલ રેવન્નાના કિસ્સામાં મને લાગે છે કે તે તેમનો રેકોર્ડ તોડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જેડીએસ સાંસદ રેવન્ના પર સેંકડો મહિલાઓનું યૌન ઉત્પીડન કરવાનો આરોપ છે.

તે જ સમયે, કોંગ્રેસ નેતાના આ વિવાદાસ્પદ નિવેદન પર ભાજપે તરત જ પ્રહારો કર્યા હતા. પાર્ટીએ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની સરકારમાં મંત્રી રહેલા રામાપ્પા તિમ્માપુરના રાજીનામાની પણ માંગ કરી હતી. બીજેપી નેતા અને પૂર્વ મંત્રી સીટી રવિએ કહ્યું, "કોંગ્રેસના નેતા, કર્ણાટક

## ગુજરાતમાં ત્રણ દિવસ યલો એલર્ટ, સાંજે પછી ૬ વાગ્યે ગરમી ટોચ પર હશે

### રાજ્યના સાત શહેરનું મહત્તમ તાપમાન પણ ૪૦ ડિગ્રીને પાર

અમદાવાદ

હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં ત્રણ દિવસ યલો એલર્ટની આગાહી કરી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરી છે.

અમદાવાદ અને આસપાસના જિલ્લાઓમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચે તેવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી હતી, જેને લઈને ગઈકાલે અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૧.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત રાજ્યના અન્ય સાત શહેરનું મહત્તમ તાપમાન પણ ૪૦ ડિગ્રીને પાર પહોચ્યું હતું. જેમાં ગત રોજ સૌથી વધુ સુરેન્દ્રનગર શહેરમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## કોવેક્સિન સલામત છે : ભારત બાયોટેક

### આ એકમાત્ર એવી વેક્સિન જેનું ભારતમાં પરીક્ષણ થયું છે




નવીદિલ્હી,

કોરોના વેક્સિન કોવિશિલ્ડ પર ઉઠી રહેલા સવાલો વચ્ચે કોવેક્સિન મેન્યુફેક્ચરિંગ કંપની ભારત બાયોટેકએ કહ્યું છે કે અમારી વેક્સિન સુરક્ષિત છે. તેને બનાવતી વખતે અમારી પ્રથમ પ્રાથમિકતા લોકોની સુરક્ષા હતી અને બીજી પ્રાથમિકતા રસીની ગુણવત્તા હતી. ભારત બાયોટેકે સોશિયલ મીડિયા સાઈટ ઠ પર એક પોસ્ટમાં આ વાત કહી છે.

કંપનીએ કહ્યું કે ભારત સરકારના કોવિડ-૧૯ રસી કાર્યક્રમમાં કોવેક્સિન એકમાત્ર રસી હતી, જેની ટ્રાયલ ભારતમાં કરવામાં આવી હતી. કંપનીના જણાવ્યા અનુસાર લાયસન્સ મેળવવાની પ્રક્રિયાના ભાગરૂપે, ૨૭ હજાર લોકો પર કોવેક્સિનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેને ક્લિનિકલ ટ્રાયલ મોડ હેઠળ મર્યાદિત ઉપયોગ માટે લાઈસન્સ આપવામાં આવ્યું હતું, જ્યાં તેનું હજારો લોકો પર પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

હકીકતમાં, કોવિશિલ્ડને લઈને એક વિવાદ ચાલી રહ્યો છે કે કેટલાક કિસ્સાઓમાં તેનો ઉપયોગ થ્રોમ્બોસિસ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ એટલે કે TTSનું કારણ બની શકે છે.

## દિલ્હીમાં શાળાઓ બાદ હવે પોલીસ હેડક્વાર્ટરને ઈમેલથી બોમ્બની ધમકી

નવીદિલ્હી,

દિલ્હી પોલીસ હેડક્વાર્ટરને ઈમેલ દ્વારા બોમ્બની ધમકી મળી છે. તપાસ બાદ પોલીસે આ ઈમેલ મોકલનારને શોધી કાઢ્યો છે. ઈમેલ એક સગીર દ્વારા મોકલવામાં આવ્યો હતો. પોલીસે આરોપીને પકડી લીધો છે.બહારી દિલ્હીના નાંગલોઈ વિસ્તારમાં બોમ્બ મૂકવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું કે બાળકે મસ્તી કરવાં મેઈલ મોકલ્યો હતો. પોલીસે સગીર સામે જેજે એક્ટ હેઠળ કાર્યવાહી કરી હતી. જે બાદ કાઉન્સેલિંગ બાદ બાળકને તેના માતા-પિતાને સોંપવામાં આવ્યો હતો. આ પહેલા પણ ઈમેલ મળ્યા હતા કે દિલ્હી-એનસીઆરમાં શાળાઓ, હોસ્પિટલો, રાષ્ટ્રપતિ ભવન અને આઈજીઆઈ એરપોર્ટ સહિત અનેક સરકારી ઈમારતોમાં બોમ્બ મુકવામાં આવ્યા છે. ધમકીભર્યા મેલ મળ્યા બાદ શાળાઓ સહિત અન્ય સ્થળોએ શોધખોળ હાથ ધરવામાં આવી હતી અને કંઈ મળ્યું ન હતું. બુધવારે સવારે રાજધાનીની ૨૨૩ શાળાઓમાં બોમ્બ મુકવામાં આવ્યા હોવાના બનાવટી ઈ-મેઈલ પછી સાંજે સોશિયલ મીડિયા પર ઓડિયો અને ટેક્સ્ટ મેસેજ વાયરલ થયા હતા.

## દુબઈમાં ફરી ભયંકર તોફાન સાથે ધોધમાર વરસાદ,ઓરેન્જ એલર્ટ

દુબઇ,તા.૨

ગયા મહિને સંયુક્ત આરબ અમીરાતમાં આવેલા ભયંકર પૂરના થોડા દિવસો પછી, ગુરુવારે વહેલી સવારે અબુ ધાબી અને દુબઈમાં ભારે વરસાદ અને તોફાન આવ્યો. આ પછી ઘણી ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી અને દુબઈમાં બસ સેવાઓ સ્થગિત કરી દેવામાં આવી. સ્થાનિક અખબારના અહેવાલ મુજબ, દુબઈ આવતી પાંચ ફ્લાઈટને રાતમાં ડાયવર્ટ કરી દેવામાં આવી, જ્યારે નવ ઇનકમિંગ અને ચાર આઉટગોઈંગ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમીરાતની ઘણી ફ્લાઈટ્સ પણ રદ કરવામાં આવી છે. સ્થાનિક મીડિયાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે દુબઈના નાગરિકો ગુરુવારે સવારે ૩ વાગે જોરદાર પવન, વાદળની ગર્જના અને વીજળીના કારણે જાગી ગયા હતા. વરસાદના લગભગ એક કલાક પછી, લગભગ ૪ વાગ્યે, દેશના હવામાન વિભાગે એમ્બર એલર્ટ જારી કર્યું, જેમાં કહેવામાં આવ્યું છે કે દેશના મોટાભાગમાં વરસાદી વાદળો ઘેરાઈ ગયા છે. દેશમાં પ્રતિકૂળ હવામાન ૩ મે સુધી ચાલુ રહેવાની ધારણા છે.

સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, અબુ ધાબીના કેટલાક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ જવાના અહેવાલ છે, જ્યારે જેબેલ અલી, અલ મકતુમ ઈન્ટરનેશનલ એરપોર્ટ, દુબઈ ઈન્ડસ્ટ્રિયલ સિટી, દુબઈ ઈન્વેસ્ટમેન્ટ પાર્ક અને જુમેરાહ વિલેજ ટ્રાયેન્ગલમાં જોરદાર પવન ફૂંકાવાના અહેવાલ છે.



# મોદીની છ સભા સાથે ભાજપમાં વિજય વિશ્વાસ બમણો થયો

## ચૂંટણી પ્રચારના હવે અંતિમ દિવસો છે ત્યારે વાતાવરણ બનાવવા એડીચોટીનું જોર



ભાવનગર, તા.૩

૭મી મેએ ગુજરાતમાં મતદાન થવાનું છે ત્યારે ભાજપ, કોંગ્રેસ અને આપ પ્રચારના અંતિમ તબક્કામાં પહોંચ્યા છે. ખાસ કરીને ભાજપે તમામ બેઠકો અંકે કરવા એડીચોટીનું જોર લગાવ્યું છે. ૧ અને ૨ મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવી છ જાહેર સભાઓ કરી ૨૬ પૈકી ૧૧ લોકસભાની બેઠકોના મતદારોને સંબોધીત કરી ગયા છે. ખાસ કરીને ક્ષત્રિય સમાજની નારાજગી કેટલીક બેઠકો પર અસર કરી શકે છે ત્યારે વડાપ્રધાન મોદીએ કરેલી આ સભાઓ માસ્ટર સ્ટ્રોક સમાન માનવામાં આવી રહી છે.

૫મી મેએ પ્રચાર પૂર્ણ થાય તે પહેલા હજુ અન્ય નેતાઓ પણ સભાઓ માટે આવશે તેમ સુત્રો જણાવી રહ્યા છે. જો કે, સંગઠનના નેતાઓ હવે પ્રચાર ઉપરાંત મતદારોને મત મથક સુધી લઈ આવવાની ગોઠવણમાં લાગી ગયા છે. ખાસ કરીને ગરમીનો કહેર જોવા મળી રહ્યો છે ત્યારે મતદાન પાંખુ ન થાય તે માટે કાર્યકરોને લક્ષ્યાંકો સાથે કામ સોંપી દેવામાં આવ્યું છે. મોદીએ કરેલી સભાઓમાં જોવા મળેલી ભીડ અને તેમના પ્રવચનની અસર મતમાં પરિવર્તિત થાય તે માટે પ્રદેશ ભાજપ હવે કામે લાગ્યું છે.

## હિન્દુ સમાજના ભાગલા પાડવા માટે ખેલ ખેલ્યો છે

સુરેન્દ્રનગર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરેન્દ્રનગરમાં જનમેદનીને સંબોધી હતી. આ સભામાં ભાવનગર અને સુરેન્દ્રનગરના ઉમેદવાર હાજર હતા. સભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર આકરા પ્રહાર કરતાં કહ્યું હતું કે 'કોંગ્રેસ રામ અને શિવભક્તોને લડાવવા માગે છે', ત્યારે સાંભળી લો..રામને ખતમ કરવા નીકળેલાના શું હાલ થયા છે'.

મોદીએ કહ્યું, કોંગ્રેસના મેનિફેસ્ટોમાં જોશો તો ખબર પડી જશે કે તેના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ છે, તેઓના એક શાહજાદાએ કહ્યું હતું કે, આ દેશમાં હું શક્તિનો વિનાશ કરવા માગુ છું. ત્યારે આ શક્તિ સ્વરૂપ મારી માતાઓ-બહેનો બેઠી છે, તેઓ શક્તિની ઉપાસના કરી રહી છે. શાહજાદાએ કહ્યુ કે હુ શક્તિનો વિનાશ કરવા માગુ છું, ત્યારે જે શિવ અને રામને લડાવવાનો પ્રયાસ કરે છે તેનો સ્વિકાર કરી શકાય?

કોંગ્રેસના અધ્યક્ષ મલ્લીકાઅર્જુન ખડકેએ ભગવાન રામ અને ભગવાન શિવના સંબંધમાં એક નિવેદન આપ્યું હતું, હિન્દુ સમાજના ભાગલા પાડવા માટે ખેલ ખેલ્યો છે, તેઓ રામ ભક્તો અને શિવ ભક્તોને લડાવવા માગે છે, હજારો વર્ષોથી ચાલી આવતી આપણી મહાન પરંપરાને કોઈ તોડી નથી શકતું. મુગલ પણ તોડી નથી શક્યો અને કોંગ્રેસ આપણે તોડવા માગે છે, કોંગ્રેસના લોકો સાંભળી લો જે રામને ખતમ કરવા નિકળ્યા હતા તેના શું હાલ થયા છે.

## સંવિધાન માટે જીવવુ અને સંવિધાન માટે મરવુ તે શીખવું હોય તો મોદી પાસે આવો

આણંદ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આણંદ અને ખેડા લોકસભા બેઠક માટે વિદ્યાનગર સ્થિત શાસ્ત્રી મેદાનમાં જાહેર સભાને સંબોધી હતી. આ તકે મોદીએ વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ઈન્ડિ ગઠબંધનની રણનીતિની પોલ તેના જ એક નેતાએ ખોલી નાખી છે, 'ઈન્ડિ ગઠબંધન કહે છે મુસ્લિમો વોટ જેહાદ કરો, હવે તમે સમજો વિપક્ષનો ઈરાદો કેટલો ખતરનાક છે'.

મોદીએ કહ્યું, હું સરદાર સાહેબની ભૂમિથી કોંગ્રેસને ચેલેન્જ ફેંકુ છું. મારી ત્રણ ચેલેન્જ છે, કોંગ્રેસ અને કોંગ્રેસની ઈકોસિસ્ટમને. પ્રથમ ચેલેન્જ છે કે, કોંગ્રેસ દેશને લેખીતમાં ગેરેન્ટી આપે કે તેઓ સંવિધાન બદલીને ધર્મના આધાર પર મુસલમાનોને આરક્ષણ નહીં આપે. દેશના ભાગલા પાડવાનું કામ ના કરે, મારી બીજી ચેલેન્જ છે કે, કોંગ્રેસ દેશને લેખીતમાં આપે કે તેઓ જીઝ, જી,'મ્ઝને મળનાર આરક્ષણમાં કઈ ફેરફાર ન કરે, તેઓનો અધિકાર ન છીનવે. ત્રીજી ચેલેન્જ છે કે, કોંગ્રેસ દેશને લેખીતમાં કહે અને ગેરેન્ટી આપે કે, જે જે રાજ્યોમાં કોંગ્રેસની સરકાર છે તેઓ ક્યારેય પણ વોટબેંકની ગંદી રાજનીતી ન કરે.'મ્ઝનો કોટા કાઢીને મુસલમાનોને આરક્ષણ ન આપે. આ મારા ત્રણ પડકાર છે, સાહજાદે હિંમત હોય તો આવી જાવ.

## મારુ સપનું છે તમારું વીજળીનું બિલ ઝીરો કરવાનું છે

જુનાગઢ,

મોદીએ બપોરે જૂનાગઢમાં ત્રીજી સભાને સંબોધી હતી. જૂનાગઢમાં યોજાયેલી વિજય વિશ્વાસ સભાના માધ્યમથી વડાપ્રધાને જૂનાગઢ, અમરેલી અને પોરબંદર લોકસભા બેઠકને આવરી લીધી હતી.

જૂનાગઢમાં સરદાર પટેલના પ્રદાનને યાદ કરી કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, હું તો વિચારીને ક્યારેક કાંપી ઉઠું છું કે, સરદાર પટેલ ન હોત તો તેને ગુજરાતના ગૌરવની ચિંતા એ લોકો ન કરત અને મારું જૂનાગઢ પણ પાકિસ્તાન પાસે ચાલ્યું ગયું હતો. આવડો મોટો દેશ કોઈ અજાણ્યા માણસને તમે આપી શકો. અમારી સામે જે લોકો ચૂંટણી લડે છે. ભારતમાં બહુમતી જોઈતી હોય તો તમારે ૨૭૨ સીટ જીતવી જોઈએ. ભાજપ સિવાય એકેય પાર્ટી ૨૭૨ સીટ પર ચૂંટણી જ નથી લડતી.મારુ સપનું છે તમારું વીજળીનું બિલ ઝીરો કરવાનું તમારી ગાડીનું બિલ ઝીરો કરવાનું. સોલાર પેનલ મૂકો સરકાર પૈસા આપશે. કોંગ્રેસ સંવિધાન બદલીને આખા દેશમાં દલિત, આદિવાસી અને OBCનું અનામત ઘટાડીને વહેંચવાનો સંકલ્પ લઈને બેઠી છે.મોદીએ કહ્યું, આ ચૂંટણી સામાન્ય ચૂંટણી નથી. દેશ માટે તો મહત્વપૂર્ણ તો છે જ. ભારતમાં સ્થિર અને મજબૂત સરકાર દુનિયા માટે પણ મહત્વપૂર્ણ છે. અને મારા માટે વ્યકિતગતરૂપથી આ ચૂંટણી મહત્વકાંક્ષા માટે નથી. એ મહત્વકાંક્ષા તો ૨૦૧૪માં દેશની જનતાએ પૂર્ણ કરી દીધી છે. ૨૦૨૪ની ચૂંટણી મોદીની મહત્વકાંક્ષા માટે નહી મોદીના મિશન માટે છે.

## રાજા-મહારાજાઓના યોગદાનને ક્યારેય નહીં ભૂલી શકાય

જામનગર,

જામનગર ખાતે વડાપ્રધાન મોદીએ સંબોધન કરતા જણાવ્યું કે તેઓ જયારે ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારના એક પ્રસંગનો ઉલ્લેખ કરતા ક્ષત્રિય સમાજના કર્યા હતા, તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે બનનારા રાજવીઓના મ્યુઝિયમનો ઉલ્લેખ કર્યો હતો. આજે જામનગર આવ્યો છું ત્યારે અનેક જૂની વાતો તાજી થઈ છે. એકવાર મહત્વની ઘટના બની. ભૂચર મોરીની યુદ્ધની વાત. મને આપણા ક્ષત્રિય સમાજના આગેવાનો નિમંત્રણ આપવા આવ્યા. પછી મને કોઈએ કાનમાં કહ્યું, અમે સાહેબ નિમંત્રણ આપવા આવ્યા છીએ પણ તમે નહીં આવો પણ આતો અમારું કર્તવ્ય છે એટલે અમે આવ્યા છીએ. મે કહ્યું કેમ નહીં આવું. તો કહ્યું કે, કોઈ મુખ્યમંત્રી નથી આવ્યાં. મેં કહ્યું કે, મારા ક્ષત્રિય સમાજના આ બલિદાન સામે મારા મુખ્યમંત્રી પદની કોઈ કિંમત નથી. હું આવીશ જ. અને હું આવ્યો હતો.

મોદીએ કહ્યું, આપણા દેશના રાજા-મહારાજાઓએ અખંડ ભારત બનાવવા માટે પોતાની પેઢીઓ અને રાજ-પાઠ આપી દીધા હતા. તેમના યોગદાનને આ દેશ ક્યારે નહીં ભૂલી શકે. 'કોંગ્રેસ પાર્ટી હાલ બે રણનીતિઓ પર ચૂંટણી લડી રહી છે. જાતિના નામ પર સમાજને વહેંચવો. તૃષ્ટીકરણ દ્વારા વોટ બેંકને એકજુટ કરવી.

# ફૂટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને ૨૦ લાખનું MD ડ્રગ્સ મળી આવ્યું

## ડ્રગ્સના મુદ્દામાલ સાથે એક ઈસમને પકડવામાં સફળતા મળી

સુરત

સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ પોલીસને ડ્રગ્સના મુદ્દામાલ સાથે એક ઈસમને પકડવામાં મોટી સફળતા મળી છે. માન દરવાજા પાસે ફૂટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને જોઈને એક યુવક ભાગવા લાગ્યો હતો. તેની પૂછપરછ કરતા તેની પાસે સ્હ્ઠ ડ્રગ્સ હોવાનું સામે આવ્યુ હતું. પોલીસ દ્વારા ૨૦ લાખની કિંમતનું ૨૦૦ ગ્રામ એમડી ડ્રગ્સના મુદ્દામાલ સાથે



મોહંમદ તોકિર શેખની ધરપકડ કરવામાં આવી છે અને તેને ડ્રગ્સ આપનાર રેહાન જાવેદ શેખને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

સુરત શહેર પોલીસ કમિશનર દ્વારા લોકસભાની ચૂંટણીને લઈને અલગ-અલગ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવા માટે પોલીસને સૂચનાઓ આપવામાં આવી છે ત્યારે સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સુરતના માન દરવાજા વિસ્તારમાં ફુટ પેટ્રોલિંગ કરવામાં આવતું હતું. તે સમયે પોલીસને જોઈને એક અજાણ્યો યુવક ભાગવા લાગ્યો હતો.

# ગુમ થયેલા બંને બાળકોની લાશ નહેરમાંથી મળી આવી

## નાહવા જવાનું કહી સાયકલ લઈ નીકળેલા બાળકોના તરતી હાલતમાં મૃતદેહ મળ્યા

ઓલપાડ

ઓલપાડના કુડસદ ગામે આવેલા રણછોડ નગર માંથી ગુમ થયેલા બંને કિશોરોના મૃતદેહ નહેરના પાણીમાંથી મળી આવ્યા હતા. ગઈકાલે સાંજના સમયથી બંને ગુમ થયા હતા. ભારે શોધખોળ બાદ રાત્રે બંનેના કપડાં અને ચપ્પલ પિપોદ્રા ગામ નજીક નહેરમાં ઉતરવાના દાદર પાસેથી મળી આવ્યા હતા. જોકે જે સાયકલ પર બંને ગયા હતા એ સાયકલ હજુ મળી નથી

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કુડસદ ગામે કીમ મનડવી રોડ પર આવેલા રણછોડ નગરમાંથી ગઈકાલે આશરે ૫ વાગ્યાના આસપાસ સત્યમ મિશ્રા (ઉં.વ.૧૩) અને કરણ કુશવાહા (ઉં.વ.૧૫) નામના બે કિશોરો ગુમ થઈ ગયા હતા. ગુમ થયાની જાણ થતાં જ કીમ પોલીસ અને પરિવારજનો બંને કિશોરોની શોધખોળમાં લાગી ગયા હતા.

# 'પાર્સલ બ્લાસ્ટ' તપાસમાં પોલીસને સફળતા : પ્રેમ પ્રકરણ કારણભુત

## પ્રેમિકાના પતિએ સમગ્ર ઘટનાને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું

સાબરકાંઠા

વડાલીના વેડાછાવણીમાં થયેલા પાર્સલ બ્લાસ્ટ મામલો જિલ્લા પોલીસ વડાએ મોટો ખુલાસો કર્યો છે. સાબરકાંઠા પોલીસે ગણતરીના કલાકોમાં પાર્સલ બ્લાસ્ટનો ભેદ ઉકેલ્યો છે. આખા મામલામાં પ્રેમિકાના પતિએ સમગ્ર ઘટનાને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે જયંતીભાઈ વણઝારા નામના ઈસમને ઝડપી લીધો છે. પાર્સલમાં જીલેટીન સ્ટીકથી બ્લાસ્ટ કરાયા હોવાનુ સામે આવ્યું છે. રેડિયો જેવા ઈન્સ્ટ્રુમેન્ટમાં ફીટ જીલેટિન સ્ટ્રીક કરાયું હતું. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે રીક્ષા ચાલકને ઝડપી પાડ્યો છે. રીક્ષા ચાલકને પાર્સલ આપતો જયંતીલાલ વણઝારા કેમેરામાં કેદ થઇ ગયો હતો. પોલીસે તેને ઝડપી પાડી પૂછપરછ કરતા મામલો સામે આવ્યો છે.

સાબરકાંઠાના વડાલી તાલુકાના વેડાછાવણી ગામમાં અજાણી વ્યક્તિ દ્વારા મોકલવામાં આવેલા પાર્સલ બ્લાસ્ટ થયું હતું. સાબરકાંઠાના વડાલી તાલુકાના વેડાછાવણીમાં રહેતા જીતેન્દ્ર વણઝારાના ઘરે ગુરૂવારે ) અજાણ્યો રીક્ષા ચાલક પાર્સલ આપી ગયો હતો. જે પાર્સલ ખોલતાની સાથે જ મોટો બ્લાસ્ટ થયો હતો.

# સુરતના પરિવારનો આપઘાત કે પછી અકસ્માત : રહસ્ય

સુરત


સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલા વરિયાવ ખાતે કેનાલમાં એક મહિલા અને એક બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. જયારે એક પુરુષનો મૃતદેહ ઓલપાડ નજીકથી મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે, પતિ-પત્ની અને તેમનો અઢી વર્ષના પુત્રનું મોત થયું છે. આ પરિવાર ભરૂચનો રહેવાસી છે અને અમરોલી ખાતે એક મૈયતમાં આવ્યો હતો. ત્યાંથી પરત ફરતા સમયે આ ઘટના બની છે. જો કે, હાલ આપઘાત છે કે, અકસ્માત તે અંગે રહસ્ય ઘૂંટાઈ રહ્યું છે.

મળતી માહિતી પ્રમાણે મૃતક મહિલાનું નામ ૨૪ વર્ષીય ખુર્શીદા વસીમ પટેલ છે. તેના અઢી વર્ષના દીકરાનું નામ મોઈત પટેલ છે. જયારે ઓલપાડ નજીકથી મૃતક મહિલાના પતિનું નામ વસીમ પટેલ છે. આ પરિવાર બાઈક પર ભરૂચ પોતાના ઘરે જવા માટે નીકળ્યા હતા. જો કે, આ પરિવાર સાથે રસ્તામાં વચ્ચે કોઈ ઘટના બની અને ત્રણેયના મૃતદેહ મળી આવ્યા છે. અમરોલી વિસ્તારમાં પોતાના સંબંધીના ઘરે મૈયતમાં સામેલ થવા વસીમ પટેલ અને તેનો પરિવાર આવ્યો હતો. આજે સવારે પાંચ વાગ્યે ભરૂચ જવા માટે આખો પરિવાર ઘરેથી નીકળ્યો હતો. હાલ તો જે બાઈક પર ઘરે જવા નીકળ્યા હતા તે મળી આવી નથી.

# અમિત શાહે ચુંટણી માટે ૧૪.૯૬ લાખના ખર્ચના હિસાબ રજૂ કર્યા

ગાંધીનગર

ગુજરાતની લોકસભાની સીટો પૈકી સૌથી હાઈ પ્રોફાઈલ ગણાતી ગાંધીનગર લોકસભા સીટ પર કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અને કોંગ્રેસના સોનલ પટેલ વચ્ચે ચૂંટણીનો જંગ ખેલાશે. બીજીતરફ લોકસભાની આ ચૂંટણીમાં રૂપિયાના જોરે ઉમેદવારો ન ખરીદાય તે માટે ઉમેદવારને ૯૫ લાખ સુધીનો



ખર્ચ કરવાની છૂટ અપાઈ છે. જેમાં બીજા તબક્કામાં ભાજપના અમિત શાહે ૧૪.૯૬ લાખ તેમજ કોંગ્રેસના સોનલ પટેલે ૯.૨૫ લાખનો ચૂંટણી ખર્ચ જાહેર કર્યો છે. બીજીતરફ ચૂંટણી ખર્ચ જાહેર ન કરનારા બે અપક્ષ ઉમેદવારને ચૂંટણી ચંત્ર દ્વારો નોટીસ ઈશ્યુ કરવામાં આવી છે.

બીજા તબક્કાના ઉમેદવારોને ખર્ચ રજીસ્ટર સાથે હાજર રહેવા આદેશ અપાયો છે. ગાંદીનગર જીલ્લા પંચાયત કચેરી ખાતે કર્ચ નિરીક્ષક દ્વારા ખર્ચના હિસાબોની ચકાસણી કરવામાં આવી હતી. જેને પગલે અમિત શાહે અત્યારસુધીમાં ૧૪.૯૬ લાખ અને સોનલબેન પટેલે ૯.૨૫ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હોવાના હિસાબ રજૂ કર્યા છે.જોકે હિસાબ રજૂ ન કરનારા બે અપક્ષ ઉમેદવાર બાગવાન બહાદૂર શાહ ગુલમહંમદ અને શાહનવાઝખાન એસ.પઠાણને નોટીસ ફટકારવામાં આવશે.

# ટેલિગ્રામમાં ટાસ્ક પૂર્ણ કરી પૈસા કમાવવાની લાલચ આપીને ઠગાઈ કરનાર શખ્સ ઝડપાયો

સુરત,

દિવસે ને દિવસે બેરોજગાર લોકો મહંત કરી કમાવવાના બદલે ખોટ રસ્તાઓ પર ચઢીને ગુનાઓ આચરે છે, વડોદરા પોલીસને એક ઓનલાઈન ફ્રોડ કરતાં આરોપીની ધરપકડ સુરત થઈ કરવામાં સફળતા મળી છે. વડોદરા શહેરના કરાલીબાગ વિસ્તારમાં રહેટી એક સ્ત્રીના મોબાઈલ ફોન પર અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે અમે લોકોને પાર્ટ-ટાઈમ ઓનલાઈન કામ કરવા માટે શોધી રહ્યા છીએ. તેથી તેઓ લાલચમાં આવીને ઓનલાઈન કામ કરવા તૈયાર થઈ ગયા.

જેમાં તેમને સોશિયલ મીડિયા પર આઈડી બનાવવાનું અને ગૂગલ પર રિવ્યુ આપવાનું કામ આપવામાં આવ્યું હતું. જેમાં શરૂઆતમાં તેમને કામ માટે વળતર આપવામાં આવ્યું હતું જેથી તેઓ તેમના પર વિશ્વાસ કરી શકે. ત્યારબાદ ભેજાબાજો ઠગ વ્યક્તિએ પ્રીમિયમ ટાસ્ક આપવાના બહાને તેમની પાસેથી ૬.૯૩ લાખ અલગ અલગ ખાતામાં ટ્રાન્સફર કરાવડાવ્યા હતા અને ટાસ્ક પૂર્ણ થઇ ગયા બાદ તેમના રિવોર્ડ સાથેની રકમ ક્રિપ્ટો વોલેટમાં બતાવતી હતી. જેથી તેઓએ ક્રિપ્ટો વોલેટમાંથી રૂપિયા ઉપાડવા માટે પ્રયાસ કર્યો હતો પરંતુ રૂપિયા ઉપાડી શક્યા ન હતા. જેથી તેમના સાથે છેતરપિંડી થઇ હોવાની સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા

# ગુજરાતના ૧૪ મતદાન મથકો પર વાયરલેસ સેટ ઉભા કરાશે

દાહોદ

દાહોદ જિલ્લામાં લોકસભાની ચૂંટણીને લઈ તંત્ર સજ્જ છે. મતદાન મથકોને લઈને પણ તૈયારીઓ અંતિમ ચરણમાં ચાલી રહી છે. આ માટે અંતરિયાળ વિસ્તારમાં કેટલાક પડકારનો પણ સામનો કરવો પડી રહ્યો છે. આ સાથે જ ચૂંટણી પ્રક્રિયાને લઈને પણ કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે ચાલે તેવા પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. જોકે કેટલાક વિસ્તારોમાં ચૂંટણીને વખતે કેટલાક પડકારોને પણ તંત્રએ ઝીલવાના છે. જેમાંનો એક પડકાર શેડો એરિયાની સમસ્યાનો છે. દાહોદ જિલ્લામાં ક્યાંક જંગલ વિસ્તાર છે તો ક્યાંક ડુંગરાળ વિસ્તાર પણ છે.આવા સ્થળોએ મોબાઈલ ફોનના નેટવર્કનો અભાવ છે. જેથી લોકસભાની ચુંટણી દરમિયાન આવા જંગલ વિસ્તાર કે ડુંગરાળ વિસ્તારમાં મતદાન મથક ઉપરથી મતદાનના આંકડા મેળવવા તેમજ અન્ય કોઈ પણ માહિતી મેળવવી હોય કે સંદેશો પહોંચાડવો હોય તો સમસ્યા સર્જાઇ શકે છે. જેથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આવા મતદાન મથકોને અલગ તારવવામાં આવ્યા છે.

દાહોદ ચૂંટણી પંચે આવા મતદાન મથકોની અલગ યાદી તૈયાર કરી તેમને 'શેડો એરીયા'માં સ્થાન આપ્યું છે. અહીં સૌથી મોટા પડકાર પૈકી એક મોબાઈલ નેટવર્કનો સામે આવ્યો છે. જિલ્લાના ૧૪ ગામના મતદાન મથકો ઉપર મોબાઈલ ટાવરનું નેટવર્ક નહીં હોવાને કારણે તેમને વાયરલેસ સિસ્ટમથી સજ્જ કરી સમગ્ર ચૂંટણી પાર પાડવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યુ છે. આંકડાકિય માહિતી અને કઈ પણ જરૂર પડે સંપર્ક સાધી શકાય માટે મતદાન મથકો પર ખાસ પોલીસ જવાન વોકીટોકી સજ્જ રાખવા સાથે આ મતદાન મથકોને વાયરલેસ સેટથી જોડવામાં આવનાર છે.

આજના સમયમાં મોબાઈલ જીવનનું એક અભિન્ન અંગ બની ગયુ છે. મોબાઈલમાં ઈન્ટરનેટ સુવિધાએ જીવન સરળ કરી દીધુ છે તો તેના ગેરફાયદા પણ એટલા જ છે. ત્યારે મધ્ય ગુજરાતના દાહોદ, પંચમહાલ, મહિસાગરમાં

## પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે અટકાયતી પગલાંનો દૌર શરૂ

રાજ્યમાં ચૂંટણીમાં હવે માત્ર ગણતરીના દિવસોજ બાકી રહ્યા છે ત્યારે, શાંતિપુર્ણ માહોલમાં ચૂંટણી ની પ્રક્રિયા યોજાય તે માટે પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે અટકાયતી પગલાંનો દૌર શરૃ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ચૂંટણી જાહેર થઇ ત્યારથી અત્યાર સુધી સાડા સાત હજારથી વધુ તત્વો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે એટલુ જ નહીં, પ્રોહિબીશન ડ્રાઈવ અતંર્ગત દેશી-વિદેશી દારૃના ૭૮૭થી વધુ ગુના પણ નોંધવામાં આવ્યા છે અને ચૂંટણી સુધી આ પ્રક્રિયા ચાલુ રાખવામાં આવનાર છે. લોકસભાની ચૂંટણી અંતર્ગત આદર્શ આચારસંહિતાનું પાલન કરવા માટે ચૂંટણી તંત્રની સાથે પોલીસ પણ મેદાન ઉતરી આવી છે ત્યારે આગામી સાત મેના રોજ મતદાનની પ્રક્રિયા હાથ ધરવાની છે ત્યારે ચૂંટણી સમયે કોઇ અનિશ્ચનીય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા અટકાયતી પગલાંનો દૌર શરૃ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આચારસંહિતા લાગુ થઇ ત્યારથી અત્યાર સુધી અલગ અલગ પોલીસ મથકોને કાર્યવાહી કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

# પૌત્રએ મિત્ર અને અન્ય ઈસમ સાથે મળી બંનેનું ગળુ કાપ્યું; પુત્રવધુએ લોહીના પગલા સાફ કર્યા

## નિવૃત્ત પોલીસકર્મી અને તેની પત્નીની હત્યા તેમજ લૂંટના ગુનાનો ભેદ પોલીસે ઉકેલી લીધો

હિંમતનગર

હિંમતનગરના ખેડ તસિયા રોડ પર આવેલા રામનગર સોસાયટીમાં નિવૃત્ત પોલીસકર્મી અને તેની પત્નીની હત્યા તેમજ લૂંટના ગુનાનો ભેદ પોલીસે ઉકેલી લીધો હતો. ડબલ મર્ડર સાથે લૂંટની આ ઘટનામાં પુત્રવધુ, પૌત્ર તેમજ તેના મિત્રની પોલીસે ધરપકડ કરી રોકડ રૂપિયા ૩૦ લાખ ૩૦ હજાર તથા સોનાના દાગીના ૧૨૯.૫૯૮ ગ્રામનો મુદ્દામાલ રિકવર કર્યો હતો. લૂંટ વીથ ડબલ મર્ડરની આ ઘટનામાં સાસુ-સસરાના ત્રાસથી કંટાળેલી પુત્રવધુ અને પૌત્રએ ભેગા મળીને મિત્રની મદદ લઇ હત્યા માટે રૂપિયા ૧૦ લાખની સોપારી આપી હોવાનું પણ બહાર આવ્યું હતું. ત્યારે પોલીસે હાલ તો લૂંટ વીથ ડબલ મર્ડર કેસમાં સંડોવાયેલા ચાર શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની નાયબ પોલીસ અધિક્ષક ઢ્ઢઅ.જૅ એ.કે.પટેલે જણાવ્યું હતું કે, હિંમતનગરના રામનગર સોસાયટીમાં રહેતા નિવૃત્ત પોલીસ કર્મચારી વિક્રમસિંહ જુજારસિંહ ભાટી તથા તેમના પત્ની મનહરબાની તેમના ઘરમાં મંગળવારના સુમારે હત્યા કરવામાં આવી હતી. લૂંટ વીથ મર્ડરની આ ઘટનાની જાણ થતા પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી તપાસ હાથ ધરી હતી. પોલીસે એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નિવૃત્ત પોલીસકર્મી વિક્રમસિંહ જુજારસિંહ ભાટી તથા તેમની પત્ની મનહરબા ભાટીની અજાણ્યા બે ઈસમો દ્વારા હત્યા કરીને ઘરમાં રહેલા રોકડા રૂપિયા ૩૫ લાખ તથા સોનાના દાગીના ૬૫ તોલા કિંમત રૂપિયા ૪૨,૨૫,૦૦૦ની લૂંટના બનાવ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# જામનગરમાં વડાપ્રધાને વિકસિત ભારતના વિકાસમાં મતદાન કરવા ક્ષત્રિય સમાજને અપીલ કરી

## ભૂચરમોરીના પ્રસંગને યાદ કરી કોંગ્રેસ પાર્ટીને મત નહીં વેડફવા જણાવ્યું



જામનગર : જામનગરમાં ગઈકાલે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની યોજાયેલી ચૂંટણીલક્ષી જાહેર સભા દરમિયાન હાલાર પંથકમાં ચાલી રહેલા ક્ષત્રિય સમાજના આંદોલનના સંદર્ભમાં વડાપ્રધાને આડકતરો ઉલ્લેખ કર્યો હતો અને ભારતની વિકાસયાત્રામાં અને ૨૦૪૭માં ભારતને વિશ્વ ગુરુ બનાવવા માટેના આ ત્રીજા તબક્કામાં ભાજપની તરફેણમાં મતદાન કરવા માટે અપીલ કરી હતી.

ક્ષત્રિય સમાજ દ્વારા પોતે મુખ્યમંત્રી હતા, ત્યારે ભૂચરમોરીના સમારંભમાં નિમંત્રણ આપવા સંબંધેની વાતની યાદીને મંચ પરથી તાજા કરાવી હતી અને તેઓએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રમાં એવી લોકવાયકા હતી કે, ભૂચરમોરીના સમારોહમાં જે મુખ્યમંત્રી આવે, તેની ખુરશી જાય છે. પરંતુ પોતે આ વાતની પરવા કરી ન હતી અને ભારતની આઝાદી માટેના ક્ષત્રિય સમાજના બલિદાનને યાદ કરીને તેઓના સન્માનમાં પોતે ભૂચરમોરીના કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હોવાનું અને મુખ્યમંત્રીની ખુરશી જાળવી રાખી હતી. જે ક્ષત્રિય સમાજના બલિદાનના આશીર્વાદ ગણાવ્યા હતા.

આ ઉપરાંત ક્ષત્રિય સમાજની નારાજગી ચાલી રહી છે ત્યારે તેઓએ એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે, કેટલાક લોકો દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવી રહી છે, ત્યારે ખાસ ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીને મત આપવાની વાત ચાલી રહી છે. તો હાલમાં લોકસભાની ચૂંટણીમાં સત્તા સંભાળવા માટે ૨૭૨ બેઠકોની જરૂર રહે છે, ત્યારે કોંગ્રેસ પાર્ટી તેટલી બેઠક પર ચૂંટણી પણ લડી નથી રહ્યું, જેથી કોંગ્રેસ પાર્ટીને મત આપીને પોતાનો મત નહીં વેડફવા જણાવી ભારતની વિકાસયાત્રામાં મોટી સંખ્યામાં ભાજપની તરફેણમાં અને પૂનમબેન માડમના સમર્થનમાં મતદાન કરવા માટે ફરીથી ભાર મૂક્યો હતો.

# જામનગરના લેન્ડ ગ્રેબિંગના ગુનામાં સંડોવાયેલ સાયચા ગેંગના બે આરોપીના જામીન રદ્દ

જામનગર : જામનગરમાં બેડી વિસ્તારના ચકચારી બનેલા લેન્ડ ગ્રેબિંગ કેસમાં જેલમાં ગયેલા બેડી વિસ્તારના સાયચા જૂથના બે આરોપીઓની રેગ્યુલર જામીન અરજી અદાલતે રદ કરતો હુકમ કર્યો છે.

જામનગર વહીવટી તંત્રના સર્કલ ઓફિસર દ્વારા ગત્ તા. ૬ઠી માર્ચના રોજ ઈમ્તિયાઝ નૂરમામ સાયચા અને તેના ભાઈ સિકંદર નૂરમામદ સાયચા સામે બેડી વિસ્તારમાં સરકારી જમીન ઉપર દબાણ કરી મકાન બનાવવા અંગે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધી ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે બાદ પોલીસ દ્વારા ઈમ્તિયાઝ અને સિકંદર સાયચાની ધરપકડ કરીને જેલમાં મોકલવામાં આવ્યા હતા.

આ જ રીતે રજાક નૂરમામદ અને હનિફ નૂરમામદ સાયચા સામે પણ તે જ દિવસે ગુનો નોંધાયો હતો. જેની પણ ધરપકડ કરીને જેલ હવાલે કરવામાં આવ્યા હતા. પકડાયેલા ચારેય આરોપીઓ પૈકી હનિફ નૂરમામદ અને ઈમ્તિયાઝ નૂરમામદ સાયચાએ અહીંની સેશન્સ અદાલતમાં જુદી જુદી રેગ્યુલર જામીન અરજ કરી હતી.

જેની સુનાવણીઓ કરવામાં આવી હતી. આ સુનાવણી દરમ્યાન ઉભય પક્ષની દલીલો સાંભળીને, સરકાર પક્ષે થયેલી રજૂઆતો ગ્રાહય ગણીને લેન્ડ ગ્રેબિંગના એક જ વિસ્તરના બે કેસમાં થયેલી જુદી જુદી જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, સાયચા ગેંગના વકીલ હારૂન પલેજા હત્યા કેસમાં તમામ આરોપીઓ ઝડપાઈ ગયા બાદ અનેક ફરિયાદો દાખલ કરવામાં આવી છે.

# જામનગરમાં વડાપ્રધાને સભા પૂર્વે માજી રાજવી શત્રુશલ્યસિંહજીના નિવાસસ્થાને લીધી મુલાકાત

## જામસાહેબે વડાપ્રધાનને હાલારી પાઘડી પહેરાવી 'વિજયીભવ'ના આશીર્વાદ પાઠવ્યા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આજે જામનગરના પ્રદર્શન મેદાનમાં ચૂંટણીલક્ષી જાહેર સભા યોજાઈ હતી, ત્યારે તેઓ જામનગરના એરપોર્ટ પરથી ઉતરીને પોતાના રસાલા સાથે પ્રદર્શન મેદાન તરફ આવી રહ્યા હતા, જે દરમિયાન પાયલોટ બંગલા પાસે તેઓએ પોતાના રસાલાને થંભાવીને જામનગરના માજી રાજવી શત્રુશલ્યસિંહજી જાડેજાના નિવાસ્થાને પહોંચ્યા હતા, અને જામ સાહેબ સાથે મુલાકાત કરી હતી. જ્યાં માજી રાજવી શત્રુશલ્યસિંહજીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું ફુલહાર પહેરાવી સ્વાગત કર્યા પછી તેઓને હાલારી પાઘડી પહેરાવી હતી. જેને વડાપ્રધાને પ્રસાદ સમજ્યો હતો, અને શત્રુશલ્ય સિંહજીએ પણ તેઓને 'વિજયી ભવ'ના આશીર્વાદ પાઠવ્યા હતા. જે આશીર્વાદ મેળવીને વડાપ્રધાને ધન્યતા અનુભવી હતી. જે સમગ્ર ઘટનાની જાણકારી તેઓએ સભા મંચ પરથી પણ પ્રજાજનોને આપી હતી. જામ સાહેબ શત્રુશલ્યસિંહજીના વિજયીભવના આશીર્વાદ મળી ગયા છે પછી હવે બાકી કશું રહેતું નથી તેવો તેમણે સભાસ્થાનેથી ઉલ્લેખ કર્યો હતો.

# જામનગરમાં સૂર્યદેવતાનો પ્રકોપ : તાપમાનનો પારો ૩૮ ડિગ્રીને પાર

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી સૂર્યદેવતાનો પ્રકોપ જોવા મળી રહ્યો છે, અને તાપમાનનો પારો બપોર દરમિયાન છેલ્લા ત્રણ દિવસથી ૩૮ ડિગ્રી આસપાસ રહ્યો છે, અને કાળજાળ ગરમી પડી રહી છે. આગામી બે-ત્રણ દિવસમાં હજુ વધુ હિટવેવ રહેશે, તેવી હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે.

જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી કાળજાળ ગરમી પડી રહી છે. બપોર દરમિયાન ગરમીનો પારો ઉપર ચડીને ૩૮ આસપાસ રહ્યો છે, જેથી આકાશમાંથી અગ્નિવર્ષા થઈ રહી છે. પવનની તીવ્રતામાં પણ ઘટાડો નોંધાયો હોવાથી દિવસ દરમિયાન ઉકળાટ ભર્યું વાતાવરણ જોવા મળે છે.

આગામી દિવસોમાં હજુ ગરમી વધે તેવી શક્યતા દર્શાવાઈ છે, અને ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી જાય તેવી હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે.

જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમના જણાવ્યા અનુસાર આજે સવારે ૮ વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડીગ્રી નોંધાયું હતું, જ્યારે મહત્તમ તાપમાન નો પારો ૩૮ ડીગ્રી ને પાર પહોંચ્યો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૦ ટકા રહ્યું હતું, જ્યારે પવનની ગતિ સરેરાશ પ્રતિકલાકના ૨૦ થી ૨૫ કિ.મી ની ઝડપે રહી હતી.

# જામનગરના લાલ બંગલા સર્કલમાં મંજૂરી વિના લગાવેલા કોંગ્રેસ પાર્ટીના હોર્ડિંગ ઉતરાવતું ચૂંટણી તંત્ર



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના લાલ બંગલા સર્કલમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા કોઈપણ પ્રકારની મંજૂરી વગરના મોટા ચાર હોર્ડિંગ લગાવેલા હતા, જે હોર્ડિંગ ચૂંટણી તંત્ર દ્વારા આચાર સંહિતાના ભંગના સંદર્ભમાં ઉતરાવી લેવામાં આવ્યા હતા.

કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર જે. પી. મારવીયાના પ્રચાર પ્રસારને લગતા ચાર મોટા હોર્ડિંગ લાલ બંગલા સર્કલમાં આજે સવારે લગાવવામાં આવ્યા હતા. જે અંગેની જામનગરના ચૂંટણી તંત્રને જાણકારી થઈ હોવાથી મહાનગર પાલિકાની એસ્ટેટ શાખાની ટુકડીએ તાત્કાલિક અસરથી લાલ બંગલા સર્કલમાં પહોંચી જઈ કોઈપણ પ્રકારના મંજૂરી વિના લગાવેલા જુદા જુદા ચાર હોર્ડિંગ આચાર સંહિતાના ભંગ સબબ ઉતારી લેવામાં આવ્યા હતા અને મહાનગર પાલિકાની કચેરીમાં જમા કરાવી દેવાયા છે.

# જામનગરમાં સભા સ્થળે મુખ્યમંત્રીએ હાલારી પાઘડી પહેરાવતા વડાપ્રધાને જામસાહેબની પાઘડી યથાવત રાખી



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં પ્રદર્શન મેદાનમાં યોજાયેલી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભા દરમિયાન મંચ પર વડાપ્રધાનના સ્વાગતની તૈયારીઓ ચાલતી હતી, અને જામનગર જિલ્લાના સાંસદ અને લોકસભાની બેઠકના ઉમેદવાર પૂનમબેન માડમ તેમજ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું જામનગરની ઓળખસમી બાંધણીથી સ્વાગત કરાયું હતું.

ત્યારબાદ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કે જેઓ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું હાલારી પાઘડી થી સન્માન કરવાનો વારો આવ્યો, ત્યારે નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે મને અહીં મંચ પર આવ્યો તે પહેલાં જામનગરના માજી રાજવી જામસાહેબે પાઘડી પહેરાવી છે, જે મારા માટે પ્રસાદી રૂપ છે. તેને ઉતારવાની હિમ્મત કોનામાં હોય, તેમ કહી તે પાઘડી ઉતારી ન હતી, અને સભા સ્થળ પરથી વિદાય લીધી ત્યાં સુધી તે પાઘડી પહેરીને જ રાખી હતી.

જ્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા અપાયેલી પાઘડીને પોતાના હાથમાં લઈને તેઓનું અભિવાદન જીલી લીધું હતું. પોતે પહેરેલી માજી રાજવી ની હાલારી પાઘડી પોતાના માટે પ્રસાદ રૂપ છે. તેવો પણ પોતાના વક્તવ્યમાં વડાપ્રધાને ઉલ્લેખ કર્યો હતો.

# દ્વારકા જિલ્લા પોલીસે ગંભીર ગુનાઓના બે આરોપીઓને કચ્છમાંથી ઝડપી લીધાં

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસે ગંભીર પ્રકારના ગુના આચરતા બે શખ્સોને કચ્છમાંથી ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દ્વારકા જિલ્લા પોલીસવડા નિતેશકુમાર પાંડેયની સૂચના તથા માર્ગદર્શન હેઠળ અગાઉ ૧૬ જેટલા શરીર સંબંધી, ચોરીના ગુનામાં પકડાયેલા રીઢા ગુનેગાર દ્વારા સલાયા વિસ્તારમાં માદક પદાર્થ ગાંજાની હેરાફેરી તથા વેચાણ અંગે માહિતી મેળવી આરોપી અકરક રજાક ઈશા સંઘારને માદક પદાર્થ ગાંજા ૮ કિલો જેની કિંમત રૂા. ૭૯૪૬૦ મુદ્દામાલ સાથે પકડી પાડી આરોપી વિરૂધ્ધ એનડીપીએસ એક્ટ ગુના હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. જે ગુનામાં સંડોવાયેલ આરોપી એસઓજી ઈન્ચાર્જ પીઆઈ સિંગરખિયાના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા વ્યૂહરચના બનાવી અલગ અલગ ટીમોને રવાના કરી હતી. જે દરમ્યાન ગત્ તા. ૨૬મી એપ્રિલના એસઓજી ટફીમ તથા સલાયા પોલીસ પેટ્રોલિંગમાં હતી તે સમયે સ્ટાફને મળેલી બાતમી મળેલ કે, ફરાર આરોપી રીઝવાન રજાક સંઘાર ખંભાળિયાથી હાજીપીર કચ્છ તરફ કાળા કલરનું મોટર સાયકલ લઈને જાય છે. આ હકીકતના આધારે આરાધના ધામ પાસે રીઝવાન રજાક સંઘાર નામના શખ્સને પકડી પાડી સલાયા પોલીસને સુપરત કરાયો હતો. એજાજ રજાક સંઘાર નામના શખ્સને હાજીપીર (કચ્છ) ખાતેથી ઝડપી લેવામાં આવ્યો હતો.

# દ્વારકા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરે પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું

## જિલ્લા વિકાસ અધિકારી, ખંભાળિયા પ્રાંત અધિકારી, નાયબ પોલીસ અધિક્ષક વગેરેએ પણ મતદાનની પવિત્ર ફરજ નિભાવી



દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી તા. ૦૭-૦૫-૨૦૨૪ના રોજ મતદાન થનાર છે. ત્યારે ચૂંટણી કામગીરીમાં રોકાયેલા અધિકારીઓ/ કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે પોસ્ટલ બેલેટથી મતદાનની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યાં જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર જી. ટી. પંડ્યા તેમજ જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી.ધાનાણી સહિત ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ - કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કરી લોકશાહીના અવસરમાં ભાગીદાર થયા હતા.

મતદાન કર્યા બાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર જી. ટી. પંડ્યાએ જણાવ્યું હતું કે, આગામી તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ લોકશાહીના મહાપર્વથી કોઈ વંચિત ન રહે તેમજ અધિકારીઓ અને કર્મચારીઓ પણ પોતાનો મત આપી શકે તે માટે પોસ્ટલ બેલેટ થકી મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહ્યું છે. ઉપરાંત જિલ્લાના સૌ નાગરિકો મહત્તમ મતદાન કરી સશકત લોકશાહીના નિર્માણમાં સહભાગીતા અદા કરવા માટે અપીલ કરી હતી.

# જામનગરની ગાયત્રી શક્તિપીઠમાં નિઃશુલ્ક આયુર્વેદિક સર્વરોગ નિદાન કેમ્પ

જામનગર : અખિલ ભારતીય પરંપરાગત વનૌષધિ પ્રશિક્ષિત વૈદ્ય મહાસંઘ અને ગાયત્રી શક્તિપીઠના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક આયુર્વેદીક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન આગામી તા. ૦૫-૦૫-૨૪ (રવિવાર)ના સવારે ૧૦ થી ૫ દરમિયાન ગાયત્રી મંદિર, ગાયત્રી શક્તિપીઠ, સરૂ સેકશન રોડ, જામનગરમાં કરવામાં આવ્યું છે. આ આયુર્વેદિક સર્વરોગ નિઃશુલ્ક નિદાન કેમ્પમાં સેવા આપનાર પારંપરિક વૈદ્યો દ્વારા ઋષિ પદ્ધતિથી પરંપરાગત સર્વ રોગ નાડી પરીક્ષણ અને દર્શન પરીક્ષણના પારંગત વૈદ્યશ્રી રમજુભાઈ સરવૈયા જેસર (ભાવનગર), સ્નાયુ સાંધાના દુખાવા માટે કાયરો થેરાપીના જાણકાર વૈદ્ય ભરતભાઈ દરજી, દેવપર (યક્ષ) કચ્છવાળા, સુજોક થેરેપી, એક્યુપ્રેશર, એક્યુપંચરના અનુભવી વૈદ્ય અશ્વિનભાઈ પટેલ (પાંચોટીયા) મોરબીવાળા, આહાર એ જ ઔષધ, ખોરાક જ આપણી દવાના નિષ્ણાત પ્રાકૃતિક ચિકિત્સક અરવિંદ પાનસુરીયા જામકંડોરણાવાળા અને જામનગરના અનેક નામાંકિત આયુર્વેદિક ડોકટરો પણ આ નિઃશુલ્ક આયુર્વેદિક સર્વરોગ નિદાન કેમ્પમાં સેવા અને સારવાર આપશે તો જામનગરની સ્વાસ્થ્યપ્રેમી જનતાને વધુમાં વધુ લાભ લેવા આયોજકોએ જણાવ્યું છે.

# દ્વારકા જિલ્લામાં આવતીકાલે સુદર્શન સેતુ ખાતે બાઈક રેલી તથા તા.૦૫ મેના રોજ ખંભાળિયા ખાતે રન ફોર વોટનું આયોજન



દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત મતદાન જાગૃતિ અભિયાન અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આવતીકાલે સુદર્શન સેતુ ખાતે બાઈક રેલી તથા તા. ૦૫/૦૫/૨૦૨૪ના રોજ ખંભાળિયા ખાતે "રન ફોર વોટ" દોડના આયોજન અંગે જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી. ધાનાણીની અધ્યક્ષતામાં કલેકટર કચેરી સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી.

આ તકે જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી. ધાનાણીએ કાર્યક્રમમાં સુચારુ આયોજન અંગે અધિકારીઓને જરૂરી સૂચનો આપી માર્ગદર્શિત કર્યા હતા.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે. ડી. પટેલે કાર્યક્રમની વિગત જણાવતા કહ્યું હતું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી તા.૦૭ મેના રોજ મતદાન થવાનું છે. જે અન્વયે નાગરિકોમાં મતદાન જાગૃતતા કેળવાઈ તેમજ નાગરિકો મહત્તમ મતદાન કરવા પ્રેરાય તેવા ઉમદા હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આગામી તા. ૦૪-૦૫-૨૦૨૪ના રોજ સવારે ૦૭ (સાત) કલાકે ઓખાથી સુદર્શન સેતુ થઈ ઓખા સુધી બાઈક રેલીનું આયોજન કરવામાં આવશે.

ઉપરાંત તા.૦૫/૦૫/૨૦૨૪ના રોજ ખંભાળિયામાં સવારે ૦૭ (સાત) કલાકે ખાતે "રન ફોર વોટ" દોડનું આયોજન કરવામાં આવશે. જેમાં દોડ પ્રાંત કચેરી ખંભાલિયાથી શરૂ થઈ બસ સ્ટેશન, જી.વી.જે હાઈસ્કૂલ, નગર ગેટ, શારદા સિનેમા રોડ, બેઠક રોડ થઈને પ્રાંત કચેરી ખંભાળિયા ખાતે પરત ફરશે. આ તકે બેઠકમાં નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, ચૂંટણી શાખાના મામલતદાર નેહા સોજીત્રા, સ્વીપ નોડલ અધિકારી મધુબેન ભટ્ટ સહિત અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં ઈટરા દ્વારા અનિંદ્રાને લગત રોગો માટે વિનામૂલ્યે નિદાન- સારવાર કેમ્પ

જામનગર : જામનગરમાં આઈ.ટી.આર.એ. ખાતે ક્રિયા શરીર વિભાગ દ્વારા અનિંદ્રાને લગત રોગો માટે વિનામૂલ્યે નિદાન સરવાર ઓ.પી.ડી.નું આયોજન કરવામાં આવ્યું છે.

અનિંદ્રાની સમસ્યા સામાન્ય ભલે લાગતી હોય, પરંતુ આજે વિશ્વમાં દર ૩ વ્યક્તિએ ૧ વ્યક્તિ જાણતા અજાણતા અનિંદ્રાથી પિડાતી હોય છે! આ રોગમાં સપ્તાહમાં ૩થી વધુ વાર ઊંઘવામાં તકલીફ પડવી, ઊંઘમાંથી વારંવાર જાગી જવું, જાગ્યા પછી ફરી ઊંઘવામાં તકલીફ પડવી, દિવસભર થાક લાગવો, દિવસે વધારે ઊંઘ આવવી, ચિડીયાપણું, ડિપ્રેસન, ધ્યાન કેન્દ્રિત કરવામાં કે યાદ રાખવામાં મુશ્કેલી વગેરે જેવી ગંભીર બાબતોના લક્ષણ હોય છે.

આપણા ભારત દેશમાં જ અનિંદ્રાની તકલિફથી આશરે ૧૨.૧૩ ટકા લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ત્યારે આયુર્વેદ પધ્ધતિથી તેના નિદાન અને સારવાર માટે ક્રિયાશરીર વિભાગ, ઓ.પી.ડી. રૂમ નં.૧૬-સી, હનુમાન ગેઈટ પોલીસ ચોકી પાસે, ધન્વંતરી મેદાન પરિસર માં ઓ.પી.ડી.નું વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવાં સંસ્થના નિયામક પ્રો. વૈદ્ય અનૂપ ઠાકર દ્વારા યાદીમાં જણાવવામાં આવે છે.

# દ્વારકામાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ

દ્વારકા : રાવલ પરિવાર દ્વારા શ્રી દિવેશ્વર માયારામ રાવલના સમસ્ત પરિવારના પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ સપ્તાહ તા. ૨/૫ ને ગુરુવારથી તા. ૮/૫ ને બુધવાર સુધી સવારે ૯ થી બપોરના ૧ વાગ્યા દરમિયાન ગાયત્રી મંદિર, દ્વારકામાં રાખવામાં આવી છે. પ.ભ. શાસ્ત્રી પ્રહ્લાજભાઈ જે. ભોગાયતા વ્યાસાસને બિરાજીને શ્રોતાઓને કથાનું રસપાન કરાવી રહ્યા છે. જેમાં તા. ૪/૫ ના સવારે ૧૧-૩૦ વાગ્યે નૃસિંહ જન્મ, બપોરે ૧૨-૩૦ વાગ્યે વામન જન્મ, તા. ૫/૫ સવારે ૧૧ વાગ્યે શ્રીરામજન્મ, બપોરે ૧ વાગ્યે શ્રીકૃષ્ણ જન્મ, તા. ૬/૫ ના બપોરે ૧૨-૩૦ વાગ્યે શ્રી ગોવર્ધન પૂજા, તા. ૭/૫ ને બપોરે ૧૨ વાગ્યે રૂકમણી વિવાહ, અને તા. ૮/૫ ને બુધવારે સવારે ૧૧-૪૫ વાગ્યે કથા વિરામ લેશે. બપોરે ૧ વાગ્યાથી મહાપ્રસાદ રાખવામાં આવ્યો છે. તેવું નિમંત્રક પ્રકાશભાઈ લાભશંકર રાવલ, દિપકભાઈ લાભશંકરભાઈ રાવલ, વીણાબેન પ્રકાશભાઈ રાવલ અને સુહાગબેન દિપકભાઈ રાવલ દ્વારા જણાવાયું છે.

# ગીતા વિદ્યાલય ખાતે નેત્ર અને સર્વરોગ નિદાન કેમ્પ

જામનગર : જામનગરમાં તા. ૯મીએ સવારે ૯ થી ૧૨ દરમ્યાન કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં આવેલા ગીતા વિદ્યાલય ખાતે વી. વી. ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશૂલ્ક નેત્રાયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો છે. જેમાં મોતિયાની જરૂરિયાતવાળા દર્દઓને રાજકોટ રણછોડદાસજી બાપુ આંખની હોસ્પિટલ ખાતે મોકલી નિઃશૂલ્ક ઓપરેશન કરાવી પરત લાવવામાં આવશે આ કેમ્પનો લાભ લેવા સંસ્થાએ અનુરોધ કર્યો છે.

# સુરજકરાડીમાં વિપ્ર યુવાનનો મોબાઈલ ચોરાયો

ખંભાળિયા : દ્વારકા નજીકના મીઠાપુર ખાતે રહેતો એક યુવાન ગઈકાલે સુરજકરાડી ખાતે ખરીદી કરવા ગયો હતો. ત્યારે કોઈ ગઠિયાઓ તેનો મોબાઈલ ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

જુનાગઢ જિલ્લાના મૂળ વતની અને હાલ મીઠાપુરની ટાટા ટાઉનશીપ ખાતે રહેતા ભવદીપભાઈ પ્રવીણભાઈ જોશી નામના ૩૨ વર્ષના વિપ્ર યુવાન તા. ૧ ના રોજ સુરજકરાડીની બજારમાં ખરીદી કરવા માટે ગયા હતા, ત્યારે કોઈ ગઠિયાઓ તેમનો રૂપિયા ૧૪,૦૦૦ ની કિંમતનો સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન ચોરી કરીને લઈ ગયા હોવાની ફરિયાદ મીઠાપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે

# સલાયામાં સમસ્ત હિન્દુ સમાજનું સમૂહ ભોજન

સલાયાઃ સલાયાના જેન્તિલાલ રામજીભાઈ વિઠ્ઠલાણી પરિવાર દ્વારા સ્વ. ભારતીબેન જેન્તિલાલ વિઠ્ઠલાણીના સ્મરણાર્થે સમસ્ત હિન્દુ સમાજ, બ્રહ્મ સમાજ, સારસ્વત મહાસ્થાન, રાજગોર સમાજ, સાધુ સમાજ માટે સમૂહ ભોજનનું આયોજન તા. ૫-૫-૨૦૨૪ ના દિને સલાયા લોહાણા મહાજન વાડીમાં બપોરે ૧ વાગ્યે કરવામાં આવ્યું છે. સવારે ૧૧ વાગ્યે જલારામ મંદિરે નૂતન ધ્વજારોહણ કરવામાં આવશે.

સમૂહ ભોજનની પૂર્વ સંધ્યાએ તા. ૪-૫-૨૦૨૪ ના રાત્રે ૧૦ વાગ્યે લોહાણા મહાજન વાડીમાં ખંભાળિયાના ગાયત્રી ગરબા મંડળ દ્વારા શ્રીનાથજીની ઝાંખીનો કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન એકત્ર થયેલ ફાળો ગૌમાતાના લાભાર્થે વાપરવામાં આવશે. સલાયા લોહાણા મહાજન તથા જલારામ સેવા સમિતિ દ્વારા જહેમત ઊઠાવવામાં આવી રહી છે.

# જામનગરમાં પરશુરામ જયંતીની શોભાયાત્રા માટે આવતીકાલે બેઠક

જામનગર : બ્રાહ્મણોના આરાધ્યદેવ પરશુરામ ભગવાનના જન્મોત્સવ નિમિતે જામનગરમાં ભવ્ય શોભાયાત્રા અંગે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. જામનગર જિલ્લા તથા શહેર સમસ્ત બ્રહ્મસમાજ (સૌરાષ્ટ્ર- કચ્છમાં આગામી તા. ૧૮ ને શુક્રવારના રોજ બ્રાહ્મણોના આરાધ્યા દેવ પરશુરામ ભગવાન જન્મોત્સવ શોભાયાત્રા નિમિત્તે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૪-૫-૨૦૨૪ને શનિવારે રાત્રે ૯:૩૦ વાગ્યે શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, પંચેશ્વર ટાવર રોડ, જામનગરમાં મિટીંગ રાખવામાં આવી છે, જે મિટીંગમાં બ્રહ્મસમાજના તમામ ઘટકો, પેટા જ્ઞાતિ, ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવું તેમ જિલ્લા પ્રમુખ પ્રફુલભાઈ વાસુની યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## કલ્ચરલ ટુરીઝમ સેન્ટર

સંસ્કાર ભારતી સંસ્થા માત્ર ભારતમાં જ નહીં પણ દેશ વિદેશમાં પણ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજે છે. તાજેતરમાં બાલોત્સવ ઉજવાયો ભારતના મોટાભાગના શહેરોમાં આ સંસ્થા દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અવિરત ચાલે છે ભારતમાં એવા અનેક સ્થાનો છે જેને સાંસ્કૃતિક કેન્દ્રો તરીકે વિકસિત કરવા માટે સંસ્કાર ભારતીયે જે યોગદાન આપ્યું છે તે જેવું તેવું નથી આવા સેન્ટરોને કલ્ચરલ ટુરીઝમ સેન્ટર બનાવવામાં તેમને અગ્ર ભૂમિકા ભજવી છે જેમાં લલિત કલા નૃત્ય સંગીત થી માંડી તમામ પ્રકારની યોગ સહિતની પ્રવૃત્તિઓ ભારતના કોઈપણ શહેરમાં કરી શકાય છે આ સંસ્થાએ સાબિત કર્યું છે કે શહેરના કોઈ પણ ખૂણાને પણ કલ્ચરલ સેન્ટર બનાવી શકાય તેમ છે

આપણા શહેરોમાં એવા અનેક વિસ્તારો છે જે સમયની સાથે ઉપેક્ષિત અને વેરાન થતા ગયા છે. આપણા દેશમાં આ પ્રકારના સ્થાનો ક્યાં તો કાનૂની લડાઈ હારી જાય છે કે તેમના પર કોઈ નિવાસી કે વ્યવસાયિક ઉપયોગ માટે કબજો કરી લેવાય છે. પછી તેને ભીમકાય ઈમારતોમાં તબદીલ કરી દેવાય છે. આ પ્રકારના સ્થળોમાં સામેલ છે, રજવાડાનાં સમયના જીર્ણ-શિર્ણ મહેલો, ભૂતિયા હોસ્પિટલ, નાના બગીચા કે રેલવેની બિનઉપયોગી સંપત્તિઓનો તેમાં સમાવેશ થાય છે.

જોકે, સવાલ એ પેદા થાય છે કે આ સ્થાનોને શા માટે સારી રીતે જાળવણી કરવામાં ન આવે અને તેમને વારસાની જેમ સાચવવામાં આવે. કેટલાક આવા સ્થાનોનો ઉપયોગ પારંપરિક કથાવાચન, લોકનૃત્ય અને સંગીતની પ્રસ્તુતિ માટે કરી ના શકાય? તેને સમકાલીન કલાઓ માટે પણ એ હાંસિયા તરીકે વિકસિત કરી શકાય છે, પછી તે આંધ્ર-તેલંગાણાની બુર્રા કથા હોય કે રાજસ્થાનના કાવડિયા. જો આ સ્થાનોએ ફ્યૂજન સંગીતની પ્રસ્તુતિ આપવામાં આવે તો ખોટું શું છે? કોઈ ભૂલાઈ ગયેલી ઈમારતને એક ક્રિએટિવ-મેકઓવર તેને તદ્દન નવું સ્વરૂપ આપી શકે છે. જેની બીજી અનેક અસરો પણ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, તેની આસપાસના વિસ્તારો કલ્ચરલ-ડેસ્ટિનેશન બની શકે છે, જેનાથી ત્યાંના સ્થાનિક લોકોને આર્થિક ફાયદો થશે. પેરિસનું દૃષ્ટાંત જુઓ, જ્યાંની કુલ વસતીથી ૧૨૦ ટકા પ્રવાસી અહીં આવે છે અને તેને વિદેશીઓ પાસેથી જ વાર્ષિક ૧૨ અબજ ડોલરની કમાણી થાય છે. આ ફ્રાન્સની કુલ વિદેશી મુદ્રાની આવકનો લગભગ અડધો ભાગ છે. કલ્ચરલ-ટૂરિઝમમાં અઢળક સંભાવનાઓ છે અને તે કલા, નૃત્ય, સંગીત, વાંચનાલય, ગપ્પાબાજીના અસંખ્ય વિવિધ સ્વરૂપોને પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ રોજગાર ઉપલબ્ધ કરાવી શકે છે. આપણે જોયું છે કે જો તેને સારી રીતે નીતિગત ટેકો મળે તો સ્થાનિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપની કલ્ચરલ-ટૂરિઝમના સેક્ટરમાં અઢળક સંભાવનાઓ છે અને તે કળા, નૃત્ય, સંગીત, રીડિંગ એરિયા, ગપ્પાબાજીના અસંખ્ય વિવિધ સ્વરૂપોને રોજગાર ઉપલબ્ધ કરાવી શકે છે. દેશ-દુનિયામાં તેનાં અનેક સફળ ઉદાહરણ છે. મદદથી આવા સ્થાનોને થિન્ક ટેન્ક અને કલ્ચરલ- ગેટકીપર્સ તરીકે પણ વિકસિત કરી શકાય છે - જેમકે નવી દિલ્હીમાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર અને મુંબઈમાં નેશનલ સેન્ટર ફોર ધ પરફોર્મિંગ આર્ટિસ.

દિલ્હીની સુંદર નર્સરીનું જ ઉદાહરણ જુઓ. તેનો પુનરોદ્ધાર આગા ખાન ફાઉન્ડેશન દ્વારા કરાવાયો છે. અહીં ૯૦ એકરની જમીનને એક વનસ્પતિ- ઉદ્યાનનું સ્વરૂપ અપાયું છે- એક બાગાયતી સ્વર્ગ, જેમાં મોગળયુગની ૬ ઈમારતો છે. આજે આ શાંતિનું સ્થાન બની ગયું છે. મુંબઈના કાલાઘોડા વિસ્તારનું ઉદાહરણ જુઓ, જે ૧૯૯૮ પછી કળા, ફેશન અને પ્રતિષ્ઠિત સમારોહો-ઉત્સવો માટે નેબરહૂડ બનેલું છે. વિદેશોમાં પેરિસનું શાંજલિજે કે ઇસ્તંબુલનું ઇસ્તીકલ એવેન્યુ આવા પ્રકારના ખાનગી-જાહેર સંસ્કૃતિ કેન્દ્રો છે. જે પગપાળા યાત્રીઓ, કલાકારો અને ફિલ્મ સમારોહોને પોતાની તરફ આકર્ષે છે. ભારતમાં તો આવા અસંખ્ય સ્થળો છે જેનો આ રીતે પુનરોદ્ધાર કરી શકાય છે, પછી તે કોવલમની મિન્ટ બિલ્ડિંગ હોય કે નવી દિલ્હીના જામા મસ્જિદ વિસ્તારની વેરાન સ્કૂલ. નાગપુરના ગોંડ કિલ્લામાં આવેલી મોટાભાગની હેરિટેજ-સાઈટ્સ આજે બરબાદ થઈ ગઈ છે, જેમાંથી કેટલીક તો ૧૩મી સદીની છે.



## પક્ષીઓ, પાણી, પ્રકૃતિ અને પ્રાણાયામ....

કોરોના પછી લોકોની જીવનશૈલી તદ્દન બદલાય ગઈ છે. લોકો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે ઘણા જાગૃત થઈ ગયા છે. પોતાના સ્વાસ્થ્ય માટે સવાર સાંજ ચાલવાવાળા, સાયકલિંગ, જિમ અને અખાડાની મુલાકાત લેતાં થઈ ગયા છે. ત્યારે ભાવનગરમાં આવેલ એક તળાવના સુંદર કાંઠે પક્ષીઓની હાજરીમાં એક સજ્જન યોગ પ્રાણાયામ કરતાં જોવાં મળે છે. છે ને સંગમ..પક્ષી, પાણી, પ્રકૃતિ અને પ્રાણાયામ....

ફ્રાઈડે ફોટો સ્ટોરી

- જતીન ઘેલાણી

# બાજીરાવ પ્રથમ ઈતિહાસના મહાન યોદ્ધાઓમાં આવે છે જેમણે પોતાના જીવનમાં ક્યારેય યુદ્ધ હાર્યું ન હતું

### આપણે વૃક્ષના મૂળ પર ઘા કરવાની નીતિ અપનાવવી જોઈએ. જો એમાં સફળ થઈશું તો ડાળીઓ આપોઆપ ખરી પડશે'. – બાજીરાવ પ્રથમ

બાજીરાવ પ્રથમ સતત ૩૫ થી વધુ યુદ્ધ લડ્યા અને એક પણ યુદ્ધ હાર્યા નથી. બાજીરાવ જીવનપર્યંત એ કાર્ય કરતા રહ્યા જે મરાઠા અધિકાર ભારતીય મહાદ્વીપ પર અરબસાગર થી લઇ બંગાળની ખાડી સુધી ફેલાવવું. મરાઠાઓમાં બજીરાવને પેશ્ર્વા નામથી યાદ કરવામાં આવે છે અને તેમને હિંદુ શક્તિનો અવતાર માનવામાં આવે છે." – સર રિચર્ડ ટેમ્પલ આપણા દેશના સૌથી પ્રખર રહેલ શાસકો કે પછી યોદ્ધાઓ યાદી બનાવીએ તો મરાઠા ઓનું નામ એ હરોળમાં મોખરે છે. મરાઠા શાસનના તમામ પેશ્ર્વાઓમાં અજેય એટલે પેશ્ર્વા બાજીરાવ પ્રથમ.શિવાજીના શાસન દરમિયાન અલગ-અલગ વિભાગોના અલગ-અલગ મંત્રીઓ હતા. આ મંત્રીઓમાં જે પ્રધાન મંત્રી તે 'પેશ્ર્વા' તરીકે જાણીતા હતા. મરાઠા સંઘનો સર્જક, સફળ સેનાપતિ અને મુત્સદ્દી પેશ્ર્વા બાજીરાવ પ્રથમ. વિદ્યાર્થીકાળ દરમિયાન તેમણે ઘોડેસવારી, તલવારબાજી, શિકાર વગેરે શૌર્યભરી રમતોમાં નિપુણતા મેળવી હતી. સાતારામાં તેને રાજકારણ અને વહીવટી અનુભવે જે તેમની કારકિર્દીમાં મહત્વની ભૂમિકા હતી. બાજીરાવ પેશ્ર્વાનો જન્મ વિસાજી તરીકે જન્મેલા પેશ્ર્વા બાલાજી વિશ્ર્વનાથ રાવને ત્યાં ૧૮, ઓગસ્ટ ૧૭૦૦ના રોજ થયો હતો. બાજીરાવ પ્રથમ કોંકણના અગ્રણી ભારતીય પરંપરાગત ચિત-પવન અથવા કોંકણસ્થ બ્રાહ્મણ પરિવારના હતા. જેઓ 'પેશ્ર્વાપદ' ને નવી ઊંચાઈ પર લઈ ગયા. બાલાજી વિશ્ર્વનાથ બાજીરાવને ૧૨ વર્ષની નાની ઉંમરમાં યુદ્ધના મેદાનમાં જ કેવી રીતે લડવું તે શીખવતા. બાજીરાવની માતા રાધાભાઈ એક સારા વહીવટકર્તા હતા. છત્રપતિ શિવાજી મહારાજની જેમ તેઓ ખૂબ જ કુશળ ઘોડેસવાર હતા. ઘોડા પર બેસીને ભાલા ફેંકવાં અને બંદૂક ચલાવવી એ તેમના ડાબા હાથની રમત હતી. ઘોડા પર બેઠેલા બાજીરાવના ભાલાનો ઘા એટલો જોરદાર હતો કે સામેનો સવાર તેના ઘોડા સહિત ઘાયલ થઈ જતો.



વિશેષ

કિશોરાવસ્થામાં જ તેમણે તેમના લશ્કરી કૌશલ્યો માટે ખૂબ જ ખ્યાતિ મેળવી હતી અને તેમના ઔપચારિક શિક્ષણમાં સંસ્કૃત વાંચન, લેખન અને શીખવાનો સમાવેશ થતો હતો.નાનપણથી લઈને પેશ્ર્વા ૨૦ વર્ષના થયા ત્યાં સુધી તેઓ તેમના પિતા સાથે ઠાઠમાઠ અને દરબારી યુક્તિઓ જોતા અને સમજતા હતા. બાજીરાવના પિતાનું અવસાન બાદ માત્ર ૨૦ વર્ષની ઉમરે તેમને પેશ્ર્વા બનાવવામાં આવ્યા હતા. પેશ્ર્વા બન્યા પછીના ૨૦ વર્ષ સુધી બાજીરાવે પોતાની તીક્ષ્ણ કૌશલ્ય અને હિંમતથી મરાઠા સામ્રાજ્યનું નેતૃત્વ કર્યું. આ સમયગાળા દરમિયાન ઘણા યુદ્ધો લડ્યા અને દરેક યુદ્ધ જીત્યા. પેશ્ર્વા બાજીરાવનું નામ ઈતિહાસના તે મહાન યોદ્ધાઓમાં આવે છે જેમણે પોતાના જીવનમાં ક્યારેય યુદ્ધ હાર્યું ન હતું.

ઇ.સ. ૧૭૧૬માં મહારાજા શાહુની સેના-ઇન-કમાન્ડ દામાજી થોરાટે વિશ્ર્વાસઘાત કરીને બાલાજી વિશ્ર્વનાથની ધરપકડ કરી. બાજીરાવે તેમના પિતાની સાથે જેલમાં જવાનું નક્કી કર્યું અને મુક્તિ સુધી બે વર્ષ તેમની સાથે રહ્યા. બાજીરાવ પ્રથમે તેમના પિતાના જેલવાસ દરમિયાન ભોગવેલી યાતનાઓનું વર્ણન કરતા. આ અનુભવોએ વિશ્ર્વાસઘાતનો સામનો કરવાનું શીખવ્યું. જેલવાસ પછી બાલાજી વિશ્ર્વનાથની કારકિર્દી મરાઠા-મુઘલ સંબંધોના ઇતિહાસમાં એક નવા પરિમાણ પર પહોંચી. યુવાન બાજીરાવ તેમના પિતાના આ તમામ રાજકીય અને લશ્કરી વિકાસના સાક્ષી હતા.

ઇ.સ. ૧૭૨૦ના એપ્રિલમાં પ્રથમ પેશ્ર્વા બાલાજી વિશ્ર્વનાથનું અવસાન થતાં એની સેવાની કદર કરી છત્રપતિ શાહૂએ એના ૨૦ વર્ષના યુવાન પુત્ર બાજીરાવની પેશ્ર્વા તરીકે નિમણૂક કરી. બાજીરાવે પોતાની શૂરવીરતા, સાહસ અને દીર્ઘદૃષ્ટિથી એ નિમણૂકને યોગ્ય ઠેરવી. મરાઠા ઘોડેસવાર સેનાના જનરલો દ્વારા તેમના પિતરાઈ ભાઈ સદાશિવરાવ ભાઈ સાથે રાજદ્વારી અને યોદ્ધા તરીકે સારી રીતે પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા જેમણે ૨૭ વર્ષ સુધી યુદ્ધમાં પોતાને અન્યથી અલગ પાડ્યા હતા. પેશ્ર્વા બાજીરાવ પ્રથમ મુઘલ રાજનીતિમાં ક્રમશઃ પતનને જોતા હતા અને આ પરિસ્થિતિનો પૂરો લાભ લેવા માંગતા હતા. તેમણે મરાઠાઓની ઘાતક ગોળાકાર દંડપટ્ટા, તલવાર અને ઘોડેસવારીની કુશળતાનો ઉપયોગ કરીને તેમની કુશળતાથી તેમના સૈનિકોને પ્રેરિત કરવાનો પ્રયાસ કર્યો.

પેશ્ર્વા બાજીરાવ પ્રથમે ઇ.સ. ૧૭૨૦ થી ૧૭૪૦ સુધી મરાઠા સામ્રાજ્યના ચોથા છત્રપતિ શાહુજી મહારાજના તરીકે સેવા આપી હતી. પોતાની કુશળતા અને તીક્ષ્ણ બુદ્ધિથી બાજીરાવે મરાઠા સામ્રાજ્યનો વિસ્તાર કર્યો અને આ જ કારણ છે કે પેશ્ર્વા બાજીરાવ પ્રથમને તમામ નવ મહાન પેશ્ર્વાઓમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. બાજીરાવ ઉત્તર તરફ આગળ ધસો'ની નીતિ અપનાવી. બાજીરાવે શાહૂને જણાવ્યું હતું કે આપણે વૃક્ષના મૂળ પર ઘા કરવાની નીતિ અપનાવવી જોઈએ. જો એમાં સફળ થઈશું તો ડાળીઓ આપોઆપ ખરી પડશે'. આ નીતિનો અર્થ એવો હતો કે જો મુઘલ સમ્રાટ પર આક્રમણ કરી એને આપણે હરાવીશું તો બીજા રાજાઓ આપોઆપ શરણે આવશે. આ નીતિ પ્રમાણે એણે લશ્કર સાથે ૧૭૨૪માં નર્મદા નદી પાર કરી અને માળવા પર અંકુશ જમાવ્યો. ત્યાં મહેસૂલ ઉઘરાવવા માટે પોતાના પ્રતિનિધિઓ તરીકે મલ્હારરાવ હોલકર, રાણોજી સિંધિયા અને ઉદાજી પવારની નિમણૂક કરી, જેમણે પાછળથી ઇંદોર, ગ્વાલિયર અને ધારનાં રાજ્યોની સ્થાપના કરી. એવી જ રીતે ગુજરાત જીતી લઈને ત્યાં ખંડેરાવ દાભાડે અને દામાજી ગાયકવાડને પોતાના પ્રતિનિધિઓ તરીકે નીમ્યા, જેમાંના ગાયકવાડે પછીથી વડોદરા રાજ્યની સ્થાપના કરી. ૧૭૨૮માં પોતાના નાના ભાઈ ચિમનાજી અપ્પાને માળવા મોકલ્યો, જેણે માળવાના મુસ્લિમ ગવર્નરને હાંકી કાઢી ત્યાં મરાઠાઓની સત્તા સ્થાપી.


૧૭૨૮માં બુંદેલખંડ પર વિજય મેળવી ત્યાં વહીવટકર્તા તરીકે ગોવિંદ બલ્લાલ ખેરને મૂક્યો, જેણે ઝાંસીના રાજ્યની સ્થાપના કરી અને ગોવિંદ પંત બુંદેલા તરીકે પ્રસિદ્ધિ પામ્યો.


બાજીરાવે નિઝામને હરાવી એણે પચાવી પાડેલો મરાઠાઓનો પ્રદેશ પાછો મેળવ્યો તથા છ સૂબાઓમાંથી ચોથ ઉઘરાવવાનો અધિકાર મેળવ્યો. ૧૭૩૭માં જમના નદી પાર કરી બાજીરાવ દિલ્હી નજીક પહોંચી ગયો.મુઘલ બાદશાહે ગભરાઈને નિઝામને પોતાની મદદે બોલાવ્યો. પરંતુ બાજીરાવે નિઝામના લશ્કરને ભોપાલ પાસે હરાવ્યું અને ૧૭૩૮ના જાન્યુઆરીમાં સંધિ કરવા ફરજ પાડી. આ સંધિથી નિઝામે સમગ્ર માળવા ઉપર મરાઠાઓની સત્તાનો સ્વીકાર કર્યો અને યુદ્ધદંડ તરીકે રૂપિયા ૫૦ લાખ ચૂકવ્યા. એ પછી બાજીરાવ દિલ્હી તરફ જવાને બદલે દક્ષિણમાં જ રહ્યો.

# ભયાનક યુદ્ધ સામે માનવતાનો સાદ

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ





### રશિયા અને યુક્રેન યુદ્ધ હજી પૂરું થયું નથી, માની ન શકાય તેટલી મોટી જાનહાની આ યુદ્ધને કારણે થઈ છે ત્યારે રશિયન લેખકની નવલકથા 'વૉ એન્ડ પીસ' ના મહત્વને સમજવાની ખાસ જરૂર છે

આજે દુનિયામાં યુદ્ધનો માહોલ છવાયેલો છે રશિયા ઇઝરાઇલ ઈરાન ઇરાક સીમાડી ચાઇના સુધીના દેશો એકબીજા સામે હથિયાર ઉગામી ને ઊભા છે દુનિયામાં અડધો ડજન જેટલી જગ્યાએ નાના મોટા યુદ્ધો ચાલી રહ્યા છે આ યુદ્ધમાં કોને ફાયદો થાય છે તે પ્રશ્ન પછી આવે છે પરંતુ સૌથી મોટો પ્રશ્ન હતો માનવતાનો જ છે

જે રસિયા સૌથી વધુ શસ્ત્રો નો ઉપયોગ યુદ્ધ જીતવા માટે કરે છે એ જ રશિયાના મહાન લેખક યુદ્ધ અને શાંતિ નામની નવલકથા લખી છે આ નવલકથાનો સાર આજે સમજવાની જરૂર છે માત્ર બે દેશો વચ્ચે નહીં પરંતુ બે પક્ષો વચ્ચે પણ સસ્ત્ર વિનાનું શાબ્દિક યુદ્ધ ચાલી રહ્યું છે અહીં શબ્દનો શસ્ત્ર તરીકે ઉપયોગ થાય છે ગુજરાતમાં બે જ્ઞાતિઓ વચ્ચેનો વિવાદો વકરતો જાય છે. જે મોટા નેતાઓ છે તે ઘણી વખત વિનય વિવેક ચૂકે છે અને પરિણામે મોટા વિવાદો શરૂ થાય છે અને તે પ્રેસ્ટિજ પોઈન્ટ બની જાય છે. આ એક રાજકીય બાબત છે પરંતુ અડધો ડઝન દેશોમાં જે ભયાનક યુદ્ધ ચાલી રહ્યું છે તેની વાત સૌથી વધુ મહત્વની છે

લિયો ટોલસ્ટોયની નવલકથા 'વાર એન્ડ પીસ' ફરીથી વાંચવા પ્રેરિત કર્યો છે. દુનિયા હજુ રશિયા-યુક્રેન યુદ્ધમાંથી બહાર આવી ન હતી ત્યાં ઈઝરાયલ-પેલેસ્ટાઈન વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું છે. હું ટોલસ્ટોયનો એ અહિંસા કે શાંતિનો સંદેશો શોધી રહ્યો છું, જેમે મહાત્મા ગાંધીને પણ પ્રેરિત કર્યા હતા. 'વોર એન્ડ પીસ'ના કથાનકનો મોટો હિસ્સો નેપોલિયન બોનાપાર્ટના યુરોપ વિજય પર કેન્દ્રિત છે અને જેના કારણે રશિયાના નાગરિકોમાં ચિંતા વધી જાય છે. 'વોર એન્ડ પીસ'માં ટોલસ્ટોયે સંઘર્ષ અને પ્રેમ, જન્મ અને મૃત્યુ, સ્વતંત્ર ઈચ્છા અને વિશ્વાસ જેવા વિષયો ઉઠાવ્યા છે અને એવું લાગે છે કે, જામે દુનિયા કામયથી જ બે ભાગમાં વહેંચાયેલી છે.

પુસ્તકનું પાત્ર પિયરે કહે છે, 'જ્યાં પણ સરળતા, સારપ અને સચ્ચાઈ નથી, ત્યાં કોઈ મહાનતા ન હોઈ શકે. મારા માટે તો આખી દુનિયા બે ભાગમાં વહેંચાયેલી છે. એક એ છે જ્યાં તમામ ખુશીઓ, આશા, પ્રકાશ છે અને બીજી એ છે જ્યાં તે નથી અને ત્યાં નિરાશા તથા અંધકાર છે...' પ્રથમ ભાગવાળી દુનિયા થોડા સમય માટે કોવિડના સમયે જોવા મળી હતી. તેના પહેલા તો બોમ્બની શક્તિ અને સંખ્યાના આધારે દુનિયા વહેંચાયેલી હતી. કોવિડ પછી દુનિયા ફરી પાછી એવી જ બનતી જઈ રહી છે. જોકે, યુદ્ધમાં ફસાયેલી દુનિયાએ શાંતિવાળી દુનિયા બનવા માટે શું કરી રહી છે? જે બાળકો મરી રહ્યા છે કે બંધ બનેલા છે. તેમનું શું થશે? શું સરહદ પાર કરતા જ માનવતાનો સવાલ ગૌણ બની જાય છે? એવું નથી લાગી રહ્યું કે, માનવતાનો સવાલ નબળો પડતો જઈ રહ્યો છે? માનવતાનો અર્થ જો શબ્દકોશમાં જોઈએ તો તે મૂલ્ય, જે દુનિયાના તમામ લોકોને એક જ માને અને

તે પણ દયા તથા સહાનુભૂતિના મૂલ્યો સાથે. બર્ટ્રાન્ડ રસેલને ૧૯૫૦માં સાહિત્યમાં નોબેલ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. તેમણે તેમના વિવિધ અને વિવિધતાસભર લેખન, જેમાં તેમણે માનવીય આદર્શો અને વિચારોની સ્વતંત્રતાની તરફેણ

કરી છે, તેના માટે તેમને આ સન્માન મળ્યું હતું. એ જ વર્ષે ૧૧ ડિસેમ્બરે ૭૮ વર્ષના રસેલે સન્માન લેતા સમયે સ્ટોકહોમ પર મંચ પર માનવ વ્યવહારને સંચાલિત કરતી તમામ ચાર ઈચ્છાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, તમામ માનવીય ગતિવિધિ ઈચ્છાથી પ્રેરિત હોય છે. અહીં મનુષ્ય એક સ કે અન્ય પ્રાણીથી ભિન્ન બની જાય છે. અજગર જ્યારે પૂરતું ભોજન પ્રાપ્ત. કરી લે છે તો ઊંઘી જાય છે અને ત્યાં સુધી જાગતો નથી જ્યાં સુધી તેને બીજા ભોજનની જરૂર પડતી નથી. મનુષ્યની ઈચ્છાઓ તો અનંત છે, જે ક્યારેય સંપૂર્ણપણે સંતુષ્ટ થઈ શકતી નથી અને જે સ્વર્ગમાં પણ તેને ચિંતિત રાખે છે. રસેલ દલીલ કરે છે કે, ચાર ઈચ્છાઓમાં સૌથી શક્તિશાળી, સત્તાનો પ્રેમ છે. સત્તા પ્રત્યેનો પ્રેમ ઘણી હદ સુધી ત્રીજી ઈચ્છા વેનિટી કે અભિમાન સમાન છે, પરંતુ તેનાથી ઈઝરાયલ હોય કે પેલેસ્ટાઈન, રશિયા હોય કે યુક્રેન; બધા દેશો સમક્ષ મોટી સમસ્યા આવવાની છે કે, તેઓ પોતાના નાગરિકોને માનવતાના પાઠ કેવી રીતે ભણાવશે? આપણે ભવિષ્યની પેઢી માટે એક શાંતિપૂર્ણ, અહિંસક સમાજ કેવી રીતે બનાવી શકીશું?

પણ ઘણો અલગછે. આ અભિમાન કે વેનિટીને પોતાની સંતુષ્ટિ માટે વધુ પડતી મહિમાની જરૂર હોય છે. સત્તા, અભિમાનની જેમ અતૃપ્ત છે. સર્વશક્તિમાનથી ઓછી કોઈ પણ વસ્તુ તેને સંપૂર્ણપણે સંતુષ્ટ કરી શકતી નથી. તેમના મતે સત્તા પ્રત્યેની આસક્તિ એ બીજી ઈચ્છા દુશ્મનાવટનું પણ પરિણામ હોય છે. આજે યુદ્ધના ગ્લોબલ ડિસઓર્ડરવાળા વાતાવરણમાં સત્તા પ્રત્યે પ્રેમની ઈચ્છાને જ્યાં સુધી માનવતા સાથે સાંકળવામાં આવશે નહીં, ત્યાં સુધી ગાઝાની હોસ્પિટલ પર પડતો બોમ્બ કે ઈઝરાયલમાં નિર્દોષોની હત્યા કરનારા આતંકીઓની જ દુનિયા ચર્ચા કરશે. પરંતુ જે નિર્દોષ મોતને ભેટે છે, પછી તે બાળકો હોય, યુવાન કે વૃદ્ધ, તેમની ઓળખ કોણ કરશે? સવાલ એ છે કે, યુદ્ધમાં જીત કે હાર તો થતી નથી, પરંતુ પોતાના દેશને માનવતાનો ભાગીદાર બનાવવાનું યુદ્ધ કાયમ ચાલતું રહે છે. યુદ્ધ કરતા રહેવાથી આપણે આક્રમક બની જઈએ છીએ, પરંતુ નેપોલિયનની જેમ આપણે પાછા પણ ફરવાનું હોય છે.

યુદ્ધનો અંત હંમેશા સુખદ આવતો નથી યુદ્ધનો અંત ભયાનક હોય છે આ ભયાનકતાને ઓછી કરવી આજે ખાસ જરૂરી છે યુદ્ધને કારણે જે લોકો યુદ્ધમાં નથી સામેલ તે લોકોને પણ સહન કરવું પડે છે મોંઘવારી વધે છે જીવન જીવવું દોહીલુ બને છે આ બધી બાબતો આજે સમજવી જરૂરી છે.

# ચંદ્રના બન્ને ધ્રુવ પર બરફનું પ્રમાણ પથી ૮ ગણું હોવાનું ઈસરોના નિષ્ણાતોનું તારણ

## રિસર્ચમાં ચન્દ્રના ધ્રુવીય ખાડામાં બરફના રૂપે પાણી હોવાની સંભાવનાના પુરાવા મળ્યા

મુંબઈ,

ચન્દ્રને લઈ માત્ર ભારતીય વિજ્ઞાનીઓ જ નહી, પરંતુ સમગ્ર વિશ્વ રસ દાખવી રહ્યો છે. ગયા વર્ષે ભારતના ચન્દ્રયાન-૩એ દક્ષિણ ધ્રુવ પર ઉતરાણ કરીને ઈતિહાસ રચ્યો હતો. હવે ફરી એકવાર ભારતીય વિજ્ઞાનીઓએ ચન્દ્રને લઈને એક નવો ખુલાસો કર્યો છે. તાજેતરના એક રિસર્ચમાં ચન્દ્રના ધ્રુવીય ખાડામાં બરફના રૂપે પાણી હોવાની સંભાવનાના પુરાવા મળ્યા હતા.

આ રિસર્ચ એસએસી-ઈસરોના વિજ્ઞાનીઓ દ્વારા આઈઆઈટી કાનપુર, કેલિફોર્નિયા યુનિવર્સિટી, જેટ પ્રોપલ્શન લેબોરેટરી અને આઈઆઈટી (આઈએસએમ) વગેરેના સંશોધકોની મદદથી કરાયું હતું. ઈસરો દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ દર્શાવે છે કે પહેલા થોડાંક મીટર સુધી પેટા સપાટીમાં બરફનું પ્રમાણ બંને ધ્રુવોની સપાટી પર ઉપલબ્ધ બરફના પ્રમાણથી આશરે પાંચથી આઠ ગણું વધારે છે. ઈસરોના જણાવ્યા અનુસાર, ચન્દ્ર પર ડ્રિલિંગ કરીને બરફના નમૂના લેવા અથવા ખોદકામ ભવિષ્યના મિશન અને લાંબા ગાળાની માનવ હાજરી માટે મહત્વપૂર્ણ રહેશે.

# એક રનથી જીત્યું સનરાઈઝ હૈદરાબાદ

## ભુવનેશ્વર કુમારે રાજસ્થાન રોયલ્સને છેલ્લા બોલે આપ્યો ઝટકો



મુંબઈ

સનરાઈઝર્સ હૈદરાબાદે રોમાંચક મેચમાં રાજસ્થાન રોયલ્સને ૧ રનથી હરાવ્યું હતું. આ મેચ રાજીવ ગાંધી સ્ટેડિયમમાં રમાઈ હતી. છેલ્લી ઓવરમાં રાજસ્થાનને જીતવા માટે ૧૩ રનની જરૂર હતી. જ્યારે હૈદરાબાદે છેલ્લી ઓવર ભુવનેશ્વર કુમારને આપી હતી. ઓવરના છેલ્લા બોલ પર તેણે કરેલું અદ્ભુત કામ હૈદરાબાદની જીતમાં મહત્ત્વપૂર્ણ સાબિત થયું. હૈદરાબાદે પ્રથમ બેટિંગ કરતા ૨૦૧ રન બનાવ્યા હતા. જેના જવાબમાં રાજસ્થાનની ટીમ માત્ર ૨૦૦ રન જ બનાવી શકી હતી.

રાજસ્થાનને જીતવા માટે ૬ બોલમાં ૧૩ રનની જરૂર હતી. હૈદરાબાદ માટે ભુવનેશ્વર છેલ્લી ઓવર નાખી હતી. રાજસ્થાન તરફથી રવિચંદ્રન અશ્વિન અને રોવમેન પોવેલ બેટિંગ કરી રહ્યા હતા. અશ્વિને ઓવરના પહેલા બોલ પર સિંગલ લીધો હતો. આ પછી પોવેલે બીજા બોલ પર બે રન લીધા હતા. તેણે ત્રીજા બોલ પર ચોગ્ગો ફટકાર્યો. આ પછી, ચોથા બોલ પર ફરીથી બે રન લેવામાં આવ્યા.



# હાર્દિકની ભૂલોના કારણે મુંબઈ પ્લેઓફમાં નથી : ઈરફાન પઠાણ

મુંબઈ

ઈરફાન પઠાણે ફરી એકવાર મુંબઈ ઈન્ડિયન્સ ટીમના કેપ્ટન હાર્દિક પંડ્યાની ટીકા કરી છે. ઈરફાને તેની કેપ્ટનશિપ પર સવાલ ઉઠાવ્યા છે. બીજી તરફ વસીમ જાફરે હાર્દિક પંડ્યાનો સપોર્ટ કર્યો છે.આઈપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સની સ્થિતિ ખરાબ છે. ટીમ ૯મા સ્થાને છે અને સાત મેચ હારી ચૂકી છે. મુંબઈ ઈન્ડિયન્સના આ સિઝનમાં પ્લેઓફમાં પહોંચવાના ચાન્સ પણ ખૂબ ઓછા છે, કારણ કે ટીમ વધુમાં વધુ ૧૪ પોઈન્ટ હાંસલ કરી શકશે.

પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે લખનઉ સુપર જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાયેલી મેચ બાદ એકસ પર પોસ્ટ કરતા લખ્યું કે, ગત વર્ષે ક્વોલિફાય કરનારી ટીમ મુંબઈ ઈન્ડિયન્સમાં જસપ્રીત બુમરાહ નહોતો પરંતુ આ સિઝનમાં ટીમને તેની સેવા મળી છે. તેમ છતાં ટીમ આ પોઝિશનમાં છે. કારણ કે મેદાન પર ટીમને સારી રીતે મેનેજ કરવામાં નથી આવી. ટીમના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ઘણી ભૂલો કરી છે.

# ભારે વરસાદની આગાહી વચ્ચે, UAE દ્વારા ખાનગી સરકારી કર્મચારીઓને ઘરેથી કામ કરવા આગ્રહ

દુબઈ,

યુનાઈટેડ આરબ અમીરાતની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ ખાનગી અને સરકારી ક્ષેત્રના બંને નોકરીદાતાઓને તેમના કર્મચારીઓ માટે દૂરસ્થ કામની વ્યવસ્થા કરવા જણાવ્યું છે કારણ કે દેશ તીવ્ર હવામાન પરિસ્થિતિઓ માટે આગાહી કરવામાં આવી છે.નેશનલ ઈમરજન્સી, ક્રાઈસીસ અને ડિઝાસ્ટરમેનેજમેન્ટઓથોરિટી (NCEMA) એ કંપનીઓને તેમના સ્ટાફ માટે રિમોટ વર્ક ઓપ્શન્સ સક્ષમ કરવાની સલાહ આપતા માર્ગદર્શિકા જારી કરી છે, જેમાં તેમની ભૂમિકાઓ માટે ભૌતિક હાજરી જરૂરી હોય અથવા પુનઃપ્રાપ્તિકામગીરીમાં સક્રિય રીતે રોકાયેલા લોકો સિવાય.જ્યારે આ ભલામણ કરવામાં આવી છે, ત્યારે અંતિમ નિર્ણય સંબંધિત અધિકારીઓ પર રહેલો છે.

આ ઉપરાંત, નેશનલ ઈમરજન્સી, ક્રાઈસીસ અને ડિઝાસ્ટરમેનેજમેન્ટઓથોરિટી એ સ્થાનિક ડિઝાસ્ટરમેનેજમેન્ટટીમોને અંતિમ ચુકાદો મોકૂફ રાખીને દેશભરની શાળાઓમાંડિસ્ટન્સલર્નિંગનો અમલ કરવાનું સૂચન કર્યું છે. ઉલ્લેખનીય છે કે, દુબઈ અને શારજાહે ૨-૩ મેના રોજ તમામ શાળાઓ માટે રિમોટર્લનિંગ અપનાવવાની જાહેરાત કરી દીધી છે. આગાહી મુજબ આવનારા૪૮ કલાકમાં વરસાદની વિવિધ ડિગ્રીનો અનુભવ કરવા છતાં, યુનાઈટેડ આરબ અમીરાતમાં૨ અને ૩ મેના રોજ અસ્થિર હવામાન પરિસ્થિતિઓની પરાકાષ્ઠાની અપેક્ષા રાખે છે.

# અમેરિકામાં મેથિલિન ક્લોરાઈડના ઉપભોક્તા ઉપયોગ પર પ્રતિબંધ

વોશિંગ્ટન

એન્વાયર્નમેન્ટલ પ્રોટેક્શન એજન્સીએ મંગળવારે જણાવ્યું હતું કે તેને મિથીલીન ક્લોરાઈડના ઉપભોક્તા ઉપયોગ પર પ્રતિબંધને અંતિમ સ્વરૂપ આપ્યું છે. મેથિલિન ક્લોરાઈડ એ એક રસાયણ છે જેનો વ્યાપકપણે પેઈન્ટ સ્ટ્રિપર તરીકે ઉપયોગ થાય છે પરંતુ તે લીવર કેન્સર અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે જાણીતું છે.ઈપીએએ જણાવ્યું હતું કે તેની ક્રિયા અમેરિકનોને આરોગ્યના જોખમોથી બચાવશે. એજન્સીએ કેમિકલના કેટલાક વ્યાપારી ઉપયોગોને મજબૂત કામદાર સુરક્ષા સાથે ચાલુ રાખવાની મંજૂરી આપી છે. મિથિલિન ક્લોરાઈડ પર પ્રતિબંધ મૂકતો નિયમ એ બીજો જોખમ વ્યવસ્થાપન નિયમ છે જેને પ્રમુખ જો બિડેનના વહીવટીતંત્ર દ્વારા ઝેરી પદાર્થો નિયંત્રણ કાયદામાં ૨૦૧૬ના ઐતિહાસિક સુધારાના ભાગરૂપે અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

ઈપીએ એડમિનિસ્ટ્રેટર માઈકલ રેગને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “મેથાઈલીન ક્લોરાઈડના સંપર્કમાં આ દેશભરના પરિવારોને લાંબા સમયથી બરબાદ કરવામાં આવ્યા છે, જેમાં કેટલાક એવા લોકોનો પણ સમાવેશ થાય છે કે જેમણે પ્રિયજનોને કામ પર જતા જોયા હતા અને ક્યારેય ઘરે પાછા ફરતા નથી.”

મિથીલીન ક્લોરાઈડ, જેને ડીક્લોરોમેથેન તરીકે પણ ઓળખવામાં આવે છે, જે એક રંગહીન રસાયણ છે જે ઝેરી વરાળનું ઉત્સર્જન કરે છે, ૧૯૮૦ થી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૮૮ કામદારોના મોત થયા છે.

# મને પણ આ અફવાઓ વાંચીને અને સાંભળીને આનંદ થાય છે : લારા



મુંબઈ

આજકાલ ફિલ્મી વર્તુળોમાં જો કોઈ વાતની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે તો તે છે નિતેશ તિવારીની ’રામાયણ’. આ અંગે દરરોજ નવા સમાચારો આવે છે. નવા ચિત્રો બહાર પાડવામાં આવે છે. ફિલ્મના શૂટિંગથી લઈને સ્ટાર કાસ્ટ સુધીના વિવિધ સ્ત્રોતોમાંથી દાવા કરવામાં આવે છે. પરંતુ, સાચા અર્થમાં, આ ફિલ્મ ક્યાં બની રહી છે અને તેનું શૂટિંગ ક્યાં ચાલી રહ્યું છે તે હજુ સુધી કોઈને ખબર નથી. હાલમાં જ સમાચાર આવ્યા હતા કે લારા દત્તા ’રામાયણ’માં કૈકેયીનો રોલ કરી રહી છે. હવે લારા દત્તાએ પોતે આ અંગે પ્રતિક્રિયા આપી છે.

કહેવામાં આવી રહ્યું છે કે રામાયણમાં રણબીર કપૂર ભગવાન રામના રોલમાં જોવા મળશે અને સાઈ પલ્લવી માતા સીતાના રોલમાં જોવા મળશે. હાલમાં જ બંનેનો લૂક પણ વાયરલ થયો હતો, જોકે તેની ક્યાંય પુષ્ટિ થઈ નથી. આ સિવાય ફિલ્મના અન્ય ઘણા પાત્રોને લઈને સ્ટાર્સના નામની ચર્ચા થઈ રહી છે. આ એપિસોડના અહેવાલોના આધારે, એવું કહેવામાં આવ્યું હતું કે લારા દત્તા કૈકેયીની ભૂમિકા ભજવશે. હવે લારાએ આ અંગે પોતાનું મૌન તોડ્યું છે. ’રામાયણ’માં કૈકેયીની ભૂમિકા વિશે ચાલી રહેલા તમામ સમાચારો અંગે, લારા દત્તાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું હતું.

# સાજિદ નડિયાદવાલા બનાવશે સુપરસ્ટાર રજનીકાંતની બાયોપિક!



ચેન્નાઈ,

ટોલીવુડથી લઈને બોલિવૂડ સુધી સુપરસ્ટાર રજનીકાંત અને તેની ફિલ્મોનો દબદબો છે. ભારતીય સિનેમામાં રજનીકાંતના કરોડો ચાહકો છે. રજનીકાંત એવા કલાકારોમાંથી એક છે જેમની જીવન કહાની કોઈ ફિલ્મની વાર્તાથી ઓછી નથી. રજનીકાંતે પોતાના કરિયરની શરૂઆત પાયાના સ્તરથી કરી હતી. અભિનેતાએ તેમના જીવનના શરૂઆતના દિવસોમાં ઘણો સંઘર્ષ કર્યો હતો. ફિલ્મોમાં આવતા પહેલા રજનીકાંત બસ કંડક્ટર તરીકે કામ કરતા હતા. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવ્યા બાદ રજનીકાંતે પોતાની સફળતાનો નવો અધ્યાય લખ્યો.

સુપરસ્ટારે દેશભરમાં ચાહકોની કમાણી કરી છે. જ્યારે રજનીકાંતની ફિલ્મ દક્ષિણના સિનેમાઘરોમાં રિલીઝ થાય છે, ત્યારે તેના ચાહકો દ્વારા તેના ફોટા અને કટઆઉટ્સ પર દૂધની વર્ષા કરવામાં આવે છે.


# જોલી એલએલબી ૩નું શૂટિંગ શરૂ, અક્ષય કુમાર અજમેર પહોંચશે

મુંબઈ

અરશદ વારસીની ફિલ્મ જોલી એલએલબી (૨૦૧૩) અને અક્ષય કુમારની જોલી એલએલબી ૨ (૨૦૧૭) ને દર્શકો તરફથી ઘણો પ્રેમ મળ્યો. હવે બંને સ્ટાર્સ ફિલ્મના ત્રીજા ભાગમાં સાથે જોવા મળશે. ચાહકો માટે આ કોઈ મોટી ભેટથી ઓછું નથી. આ ફિલ્મને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

રિપોર્ટ્સ અનુસાર, અરશદ વારસીએ અજમેર (રાજસ્થાન)માં ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું છે. એક સૂત્રને ટાંકીને અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ફિલ્મનું શૂટિંગ ૨૯ એપ્રિલથી શરૂ થઈ ગયું છે. દરમિયાન, અક્ષય આવતીકાલે એટલે કે ૨જી મેથી અજમેરમાં શૂટિંગ શરૂ કરશે. જોલી એલએલબી ૩ પહેલા પણ અક્ષય અને અરશદે ઘણી ફિલ્મોમાં સાથે પોતાના અભિનયનો જાદુ ફેલાવ્યો છે. ૨૦૦૨માં જાની દુશ્મનઃ એક અનોખી કહાનીમાં બંનેએ પહેલીવાર સ્ક્રીન સ્પેસ શેર કરી હતી. આ પછી તેઓ ૨૦૨૨માં બચ્ચન પાંડેમાં સાથે જોવા મળ્યા હતા. હાલમાં બંને વેલકમ ટુ ધ જંગલમાં પણ કામ કરી રહ્યા છે.

રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે અભિનેતા આવતા મહિને દિલ્હીમાં ફિલ્મનું શૂટિંગ કરશે. સૂત્ર અનુસાર, દિલ્હીમાં શૂટિંગ જૂનથી શરૂ થશે અને ૩૦-૪૦ દિવસ સુધી ચાલશે. નિર્માતાઓ તીસ હજારી કોર્ટ વિસ્તાર નજીક મોટા પ્રમાણમાં શૂટિંગ કરશે.



# શાહરૂખ પ્લેન ખરીદવા માંગે છે, ખુશ છું, મને લાગતું હતું કે મારે દર મહિને માત્ર ૧૦ હજાર રૂપિયા જોઈએ છે : કમલ હાસન





મુંબઈ,

કમલ હાસને તાજેતરમાં જ પુત્રી શ્રુતિ હાસન સાથે ’ઈનિમેલ’ નામના મ્યુઝિક વિડિયોમાં પહેલીવાર કામ કર્યું છે. કમાલ ટૂંક સમયમાં ’ઈન્ડિયન ૨’માં જોવા મળશે. પિતા-પુત્રીની જોડીએ ’લેગસી ઓફ લવ’ નામનો વિડિયો જાહેર કર્યો છે. આ દરમિયાન, અભિનેતાએ ભૌતિક ઈચ્છાઓ અને મર્યાદિત જરૂરિયાતો સાથે તેના ભૂતકાળના બાળપણની વાર્તા વર્ણવી છે. આ સેશનમાં શ્રુતિ અને કમલ હાસન એકબીજા સાથે વાત કરતા જોવા મળે છે. આ દરમિયાન બંને એકબીજા સાથે તેમની એક ઈચ્છા વિશે વાત કરતા જોવા મળે છે જે તેઓએ હજુ સુધી પુરી નથી કરી. જો કે, તેની પાસે આ અંગે સીધો જવાબ નથી, કારણ કે કલાકારો ઘણીવાર કરે છે. જો કે, તેમણે ચોક્કસપણે ભૌતિકવાદી ઈચ્છાઓ વિશે વાત કરી છે. આ દરમિયાન કમલને તેનું બાળપણ પણ યાદ આવ્યું જે ખૂબ જ નાના રૂમમાં વિતાવ્યું હતું. કમલે કહ્યું, ’આવી ઘણી ઈચ્છાઓ છે, ઘણી બધી. હું તે બધાને સૂચિબદ્ધ કરવાનો ઈરાદો ધરાવતો નથી. એ ઈચ્છાઓની યાદી બનાવવાનો અર્થ એ છે કે મારે આ અને તે જોઈએ છે. અને પછી હું મારી જાતને એલ્ડમ્સ રોડ (જ્યાં તેનું જૂનું કુટુંબનું ઘર આવેલું છે) ની યાદ અપાવું છું જ્યાં મારા પિતાએ મને એક નાનકડો ઓરડો આપ્યો જેમાં કદાચ માત્ર બે પિયાનો બેસી શકે. આ રૂમ ઉપરના માળે હતો તેથી તે ખૂબ જ ગરમ હતો. વોશરૂમ ત્રીજા માળની નીચે હતો. મારા પિતાએ કહ્યું કે તમે ઘણું જાણો છો તેથી અહીં જ રહો. જ્યારે તમને લાગે કે તમે આ રીતે આગળ વધી શકતા નથી, તો મને જણાવો અને પછી હું તમને એક ગાય ખરીદીશ જે તમે રાખી શકશો.’

અભિનેતાએ આગળ કહ્યું, ’પછી હું આડા પડીને વિચારતો હતો, મારે દર મહિને માત્ર ૧૦,૦૦૦ રૂપિયા જોઈએ છે. હું તે પૈસાથી જે વસ્તુઓ પૂર્ણ કરીશ તેની યાદી બનાવીશ. મને એ યાદીમાંની વસ્તુઓ યાદ પણ નથી, પણ એ ઈચ્છાઓએ મને શાંતિપૂર્ણ ઊં ઘ આપી.

# હાલારમાં Know Your Polling Station અભિયાનને વ્યાપક પ્રતિસાદ મળ્યો

## મતદાન મથક પર બીએઓ દ્વારા સુવિધા અને વ્યવસ્થા વિશે મતદારોને માહિતી અપાઈ





દ્વારકા : લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મતદારો પોતાના મતદાન મથકના સ્થળ, મતદાન માટેના જરૂરી પુરાવા અને મતદાન મથક પરની પ્રાથમિક સુવિધાઓ અંગે આગોતરા માહિતગાર થઈ શકે તે માટે તા.૨૮ મે ને રવિવારના રોજ સમગ્ર રાજ્યમાં Know Your Polling Station અભિયાન યોજાયું હતું. સાથે જ મતદાન મથકો પર ગ્રામ્ય કક્ષાએ કાર્યરત કર્મચારીઓ દ્વારા ચુનાવ પાઠશાલા યોજી મહત્તમ મહિલા મતદારો સહપરિવાર મતદાન કરે તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

મતદાર એ સશક્ત લોકશાહીનો આધારસ્તંભ છે. ચૂંટણીમાં મતાધિકારના ઉપયોગ માટે આવનાર મતદાતા, મતદાન માટેની સુવિધાઓથી સુપરિચિત હોય તે જરૂરી છે. મતદાન મથકનું સ્થળ ખબર ન હોવાના કારણે, મતદાન માટેના આવશ્યક દસ્તાવેજો વિષે જાણ ન હોવાના કારણે અથવા તો એક કરતા વધુ પોલિંગ સ્ટેશન ધરાવતા પોલિંગ સ્ટેશન લોકેશન પર કયા મતદાન મથકમાં મતદાન માટે જવાનું છે તે અંગે મતદારો મુંઝવણ અનુભવતા હોય છે.

મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવામાં સરળતા રહે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા તમામ આવશ્યક સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવે છે. સુગમ ચૂંટણી સંચાલનના લક્ષ્ય સાથે મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીના માર્ગદર્શન હેઠળ તા.૨૮ મે ને રવિવારના રોજ સમગ્ર રાજ્યમાં Know Your Polling Station અભિયાન યોજાયું હતું. જેમાં રાજ્યના તમામ મતદાન મથકો પર સવારે ૦૯.૦૦ વાગ્યાથી બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધી હાજર રહી બુથ લેવલ ઑફિસર્સ દ્વારા મતદારોને મતદાન મથકે પ્રાપ્ય સુવિધા અને વ્યવસ્થાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. પોતાના મતદાન મથક સ્થળ પર આવનાર મતદારોને આગામી તા. ૭ મે ના રોજ યોજાનાર મતદાનના દિવસે કયા પોલીંગ બુથમાં મત આપવા જવાનું છે, મતદાન માટે EPIC અને તેની અવેજીમાં કયા પુરાવા માન્ય ગણાશે, પીવાના પાણીથી લઈ શૌચાલય સહિતની પ્રાથમિક સુવિધાઓ, દિવ્યાંગ મતદારો માટે વિશેષ વ્યવસ્થાઓ સહિતની બાબતો અંગે બુથ લેવલ ઑફિસર્સ દ્વારા મતદારોને અવગત કરાવવામાં આવ્યા હતા.

Know Your Polling Station અભિયાન અંતર્ગત નાગરિકોએ પોતાના મતદાન મથકની મુલાકાત લીધી હતી. નાગરિકોએ તેમને મુંઝવતા પ્રશ્નો વિશે બુથ લેવલ ઑફિસર્સ દ્વારા આપવામાં આવેલી માહિતી અંગે સંતોષ વ્યક્ત કરવા સાથે મતદાનના દિવસે મતદારોની સુગમતા માટે ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી આ આગવી પહેલને બિરદાવી હતી.

Know Your Polling Station અભિયાનની સાથે સાથે રાજ્યના તમામ મતદાન મથકો પર ચુનાવ પાઠશાલા યોજાઈ હતી. જેમાં ગ્રામ્ય કક્ષાએ કાર્યરત તલાટી, આશા વર્કર અને આંગણવાડી વર્કર સહિતના કર્મચારીઓ દ્વારા મહત્તમ મતદારો મતદાન કરે તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. ચુનાવ પાઠશાલા અંતર્ગત ચૂંટણી તંત્ર દ્વારા ખાસ કરીને મહિલા મતદારોને મોટી સંખ્યામાં સહપરિવાર મતદાન કરવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૭ મે, ૨૦૨૪ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની પેટાચૂંટણી માટે મતદાન યોજાનાર છે ત્યારે મતદારો માટે મતદાનનો અનુભવ સુખદ બની રહે તે માટે રાજ્યભરમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ મતદાન મથક સ્થળોની નિયમિત સફાઈ સહિતની બાબતો સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

# જામ્યુકો દ્વારા ચોમાસા પહેલા જોખમી અને જર્જરિત ઇમારતોનો સર્વે : ૬ ટીમો કામે લાગી

જામનગર : જામનગર શહેરમાં દર ચોમાસામાં ૬ થી ૮ સ્થળોએ મકાનો અથવા મકાનોની ગેલેરી સહિતના હિસ્સા ધરાશાયી થવાના અને તેને કારણે જાનહાની થવાના કિસ્સા સર્જાય છે. આવા અકસ્માતોની શક્યતા ઘટે તે માટે મ્યુ. કોર્પોરેશનના સીવીલ વિભાગ દ્વારા ૧૨ સભ્યો ધરાવતી ૬ ટીમોને શહેરની જર્જરિત ઈમારતોના સર્વેની કામગીરી સોંપવામાં આવી છે. આ કામગીરી તા. ૧૫ મે સુધીમાં પુરી થઈ જશે.

પ્રિમોન્સુન કામગીરીના ભાગરૂપે કોર્પોરેશન દ્વારા એક તરફ શહેરના ૧૬ વોર્ડમાં જોખમી ઈમારતોનો સર્વે શરુ કરાયો છે. જેમાં ગત વર્ષે નોંધાયેલી જોખમી ઈમારતો કે જે તે ઈમારતોના જોખમી હિસ્સાના સર્વેને પ્રાથમિકતા આપવામાં આવશે. દરમિયાન સીટી ઈજનેર ભાવેશભાઈ જાનીએ જાહેર -નોટીસ બહાર પાડીને જણાવ્યું છે કે, તંત્ર દ્વારા હાલ જોખમી ઈમારતોનો ફીઝિકલ સર્વે હાથ ધરાયો છે.

જર્જરિત કે જોખમી ઈમારતોમાં રહેતા તમામ આસામીઓને જે તે બાંધકામને તાત્કાલિક સલામત કક્ષાએ લઈ જવાની રહેશે.આ મહાનગરપાલિકાના માટે માન્ય સ્ટ્રકચર એન્જિનિયર પાસેથી સ્ટેબીલીટી અંગેનું સર્ટીફીકેટ મેળવીને ટાઉનપ્લાનિંગ શાખા સમક્ષ રજુ કરવાનું રહેશે. અન્યથા કોઈપણ કુદરતી હોનારત, ભારે વરસાદ, આકસ્મિક બનાવો, આગ લાગવાની ઘટનાઓ કે અન્ય કોલઈપણ પરિસ્થિતિને લીધે જાનહાનિ થશે તો તેની સંપુર્ણ જવાબદારી જે તે ઈમારતોનો ભોગવટો કરનારા લોકો કે માલીકની રહેશે.

આ ઉપરાંત લોકો દ્વારા પોતાના રહેણાંકોમાં સમયાંતરે ફેરફાર કરાવવામાં આવે છે. જેમાં વિકાસ પરવાનગી લેવાની જરુર હોતી નથી. આવા કામો જે તે માન્ય સ્ટ્રકચર એન્જિનિયરના સુપરવિઝનમાં તથા તેની યોગ્ય સલાહ મેળવ્યા બાદ જ કરવામાં આવે તે જરુરી છે. જેથી કરીને બાંધકામના સ્ટ્રકચરલ ડેમેજને અટકાવી શકાય તથા જાનહાનિ પણ નિવારી શકાય. ખાસ કરીને ગઢની રાંગના અંદરના વિસ્તારોમાં સનદી બાંધકામોમાં કોઈપણ આંતરિક ફેરફારો કરાવતા પહેલા આવી માન્ય સ્ટ્રકચર ઈજનેરની સલાહ લેવી ખાસ જરૂરી છે. કોર્પોરેશનની વેબ સાઈટ ઉપર તંત્રના માન્ય ઈજનેરોની યાદી પણ ઉપલબ્ધ છે. જે કોઈ લોકોની આસપાસમાં કોઈ ભયજનક ઈમારત આવેલી હોય તો લોકો ટાઉન પ્લાનિંગ શાખાનો સંપર્ક તુરંત સાધે તેવો તંત્રએ અનુરોધ કર્યો છે.

# રાજાશાહીના વખતમાં બનેલી સત્ય હકીકત રાહુલ ગાંધીની માહિતી માટે જામ સાહેબે જાહેર કરી



જામનગર : મહારાજા જામસાહેબ રણજીતસિંહજી ઓફ નવાનગર તેમનું નવું ગેસ્ટ હાઉસ બનાવી રહ્યા હતા. તે સમય દરમ્યાન એક દિવસ તેઓ ઘોડેસવાર એ એક નાની વાડી જે એમના નવા ગેસ્ટ હાઉસથી નજીકમાં હતી તેની મુલાકાતે ગયા. જામસાહેબે આ વાડીના માલિક ખેડૂતને પ્રશ્ન કર્યો કે એમને ગેસ્ટ હાઉસના ઉપયોગ માટે અહીં બગીચો બનાવવો હોય તો આ વાડી મને (જામસાહેબને) આપવા તૈયાર છો ? ખેડૂતે જામસાહેબને એમ સમજાવવાની અરજ કરી કે આ વાડી ઉપર મારું અને મારા પરિવારના ગુજરાનનો આધાર છે. અમે આ વાડી છોડી દઈએ તો અમે અમારું ગુજરાન કેમ કરીએ !

જવાબમાં જામસાહેબે ખેડૂતને કહ્યું કે તમે આ વાડી મને સોંપો તો એના બદલામાં હું તમને એટલીને એટલી ખેતીની જમીન આપું. પરંતુ ખેડૂતે નમ્રતાથી કહ્યું કે પોતે જે વાડી સોંપશે તે બહુજ ઉત્તમ ખેતીવાળી છે, જેની સામે આપ અમને જમીન આપશો એ તો પડતર જમીન હશે. એના અનુસંધાને જામસાહેબે ખેડૂતને કહ્યું કે તમે એક વર્ષનો સમય લઈને નવાનગર સ્ટેટની માલિકીની ગમે તે તમને લાયક જમીન દેખાય અને તમને જે પસંદ હોય તે જમીન હું તમને આપીશ.

અમુક સમય બાદ જ્યારે ખેડૂતે જામસાહેબને જણાવ્યું કે તેણે એક જમીન પસંદ કરી છે. ત્યાર પછી એક રાજનો અમલદાર ગાડી લઈને ખેડૂતને તે જમીન દેખાડવા લઈ ગયો. જમીન જોયા પછી ખેડૂતને પાછો ઘરે પોંચાડી અને કહ્યું કે હવે તમે રાહ જોજો કારણ કે, અમારે આ કામની કાનૂની વિધિ કરવાની છે જે પૂરી થતા તમને જણાવશું. ઘણા દિવસો વીતી જતાં, ખેડૂતના પરિવારના સભ્યો કહેવા લાગ્યા કે મહારાજા આપણી સાથે તો બહુજ સારી રીતે વાતો કરી ગયા પરંતુ પછી બધુ ભૂલી ગયા લાગે છે. સારી વાત એ હતી કે અચાનક એક દિવસ તે જ રાજના અમલદાર પાછા એ ખેડૂતની વાડીએ આવ્યા અને ખેડૂતને વિનંતી કરી અને જમીન જોવા લઈ ગયા. જમીન જોતા ખેડૂતે અમલદારને કહ્યું કે સાહેબ મેં તો એક નાનકડી અને બિલકુલ ઉજ્જળ જમીન પસંદ કરી હતી, જ્યારે આ જમીન તો બમણી મોટી છે, તેમાં સરસ મોટો પાણીથી ભરેલો કૂવો છે, સરસ મકાન ઉભું છે અને જમીનમાં બાજરાનો પાકેલો મોલ ઉભો છે. આ મારી બતાવેલી જમીન કેમ હોય ? તેના જવાબમાં અમલદારે ખેડૂતને સમજાવ્યું કે જામસાહેબે એવો નિર્ણય લીધો કે તમને તમારી વાડી કરતા બમણી જમીન આપવી, ત્યાં મોટો કૂવો ગાળવો, તેઓને રહેવા એક સારું મકાન બાંધી દેવું અને તેમના માટે બાજરાનો મોલ ઉભો કરી દેવો. એટલે આ તમારી પસંદ કરેલી જમીન જ છે અને તેના ઉપર આ બધુંય કામકાજ રાજના ખર્ચે કરેલ છે. ખેડૂત આશ્ચર્ય પામી ગયો. રાજાશાહીના વખતમાં રાજા-મહારાજાઓ આવી રીતે કામ કરતા તેમ જામનગરના પૂર્વ રાજવી શત્રુશલ્યસિંહજી જાડેજાએ રાહુલ ગાંધીના એક નિવેદનના જવાબમા જણાવ્યું હતું.

# જામનગર જિલ્લાના ખેડૂતો માટે બિયારણની ખરીદી અંગે માર્ગદર્શિકા જાહેર કરાઈ

જામનગર : જામનગર જિલ્લાના તમામ ખેડૂતો માટે આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણની ખરીદી કરતી વખતે કાળજી રાખવા અંગેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે અનુસાર, ખેડૂતોએ બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ કે પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવી જોઈએ. કોઈપણ સંજોગોમાં લાયસન્સ કે પરવાનો ધરાવતા ન હોય, તો તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી જોઈએ નહીં. જેથી ખેડૂતો છેતરપીંડીથી બચી શકે.

ખેડૂતોએ બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું અને જે બિયારણની ખરીદી કરી હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદ્દત પૂરી થવાની વિગત દર્શાવતું બિલ સહી સાથે અવશ્ય લેવું જોઈએ. બિયારણની થેલી સીલબંધ છે કે કેમ, તેમજ તેની મુદત પૂર્ણ થઈ ગયેલી નથી તે બાબતની ખાસ ચકાસણી કરવી જોઈએ.

કોઈપણ સંજોગોમાં મુદત પૂર્ણ થઈ ગયેલી હોય તેવા બિયારણની ખરીદી કરવી જોઈએ નહીં. ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવ્યા ન હોય કે ૪ જી અને ૫ જી જેવા અલગ અલગ નામેથી વેચાતા અમાન્ય બિયારણની ખરીદી કરવી જોઈએ નહીં. તેમજ આ પ્રકારના બિયારણનું વેંચાણ થતું હોવાનું જો ધ્યાનમાં આવે, તો તાત્કાલિક ધોરણે સંબંધિત તાલુકાના ખેતીવાડી અધિકારી અથવા અત્રેની કચેરીના સંપર્ક નંબર ૦૨૮૮-૨૫૫૧૧૩૭ પર જાણ કરવી જોઈએ. તેમજ વાવણી કર્યા બાદ ખરીદેલા બિયારણનું પેકેટ કે થેલી અને તેનું બિલ સાચવી રાખવું જોઈએ તેમ નાયબ ખેતી નિયામક વિસ્તરણ, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરની ગાયત્રી શક્તિપીઠ ખાતે સમૂહ તર્પણનો કાર્યક્રમ યોજાશે

જામનગર : છોટીકાશીનું બિરુદ ધરાવતા જામનગરમાં શ્રી ગાયત્રી શકિતપીઠ ખાતે પિતું શાંતિ માટે સામુહિક તર્પણનો કાર્યક્રમ રાખેલ છે.

શ્રી ગાયત્રી શક્તિપીઠ જામનગરમાં પ્રતિવર્ષ ચૈત્રમાસ અને ભાદરવા માસની અમાસના દિવસે પિતૃ શાંતિ માટે સામૂહિક તર્પણનો નિઃશુલ્ક કાર્યક્રમ રાખવામા આવે છે. તદઅનુસાર ચાલુ વર્ષ ચૈત્ર માસની અમાસ નિમિતે બુધવાર તા. ૦૮-૦૫-૨૦૨૪ ના રોજ પ્રથમ પાળી સવારે ૦૮:૦૦ થી ૧૦:૦૦ અને બીજી પાળી સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ સામૂહિક તર્પણ વિધીનો ધાર્મિક કાર્યક્રમ રાખવામા આવેલ છે. આથી ઈચ્છુક વ્યક્તિઓને શ્રી ગાયત્રી શક્તિપીઠ કાર્યાલયમાં મોડામાં મોડુ તા.૦૬-૦૫-૨૦૨૪ ના રોજ રાત્રે ૦૮:૦૦ વાગ્યા સુધીમાં પોતાના નામ નોંધાવી દેવા શ્રી ગાયત્રી શક્તિપીઠ, જામનગરની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# સલાયામાં રવિવારે સમસ્ત હિંદુ સમાજનું સમૂહભોજન-ધ્વજારોહણ

## શનિવારે શ્રીનાથજીની ઝાંખીનું આયોજન



સલાયા : સલાયામાં આવનારી તારીખ ૫.૫.૨૪નાં રવિવારના રોજ સલાયા લોહાણા મહાજન વાડીમાં બપોરના ૧ વાગ્યે સલાયાના જેન્તીલાલ રામજીભાઈ વિઠલાણી પરિવાર દ્વારા અ.સૌ.સ્વ.ભારતીબેન જેન્તીલાલ વિઠલાણીના સ્મરણાર્થે સમસ્ત હિન્દુ સમાજ, બ્રહ્મ સમાજ ,સારસ્વત મહાસ્થાન,રાજગોર સમાજ તથા સાધુ સમાજનું સમૂહ ભોજન(નાત)નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. તેમજ રવિવારના સવારે ૧૧ વાગ્યે જલારામ મંદિરે સલાયા મુકામે નૂતન ધ્વજારોહણ કરવામાં આવશે.તથા આગલે દિવસે શનિવારના રાત્રે ૧૦ કલાકે લોહાણા મહાજન વાડીમાં સમસ્ત હિન્દુ સમાજ માટે શ્રીનાથજીની ઝાંખીનું પણ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.જેમાં ખંભાળિયાની પ્રખ્યાત ગાયત્રી ગરબા મંડળની આખી ટીમ સુંદર સંગીતમય શૈલીમાં શ્રીનાથજીના ભજન તેમજ જલારામ બાપાના ભજનકીર્તન કરશે.આ શ્રીનાથજીની ઝાંખીમાં થનાર તમામ આવક સલાયાના મંદિરની ગાયોના લાભાર્થે વાપરવામાં આવશે. આમ સલાયા મુકામે તારીખ ૪ અને ૫ નાં રોજ ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન વિઠલાણી પરિવાર દ્વારા કરવામાં આવેલ છે. આ આયોજનને સફળ બનાવવા સલાયા લોહાણા મહાજન અને જલારામ સેવા સમીતી ખાસ જહેમત ઊઠાવી રહ્યું છે.

# જામનગરમાં આર.ટી.ઓ.ના એજન્ટને ચેક પરત ફરવાનાં કેસમાં સજા

જામનગર : જામનગરમા ચેક પરત ફરવાના કેસમા આર ટી ઓ એજન્ટને છ માસની સજાનો અદલતે હુકમ કર્યો છે.

જામનગરમાં રહેતા સિદ્ધાર્થ અનિલભાઈ કુંવરીયા આર.ટી.ઓ.ના એજન્ટ તરીકે તેમજ વીમા સલાહકાર તરીકે કામકાજ કરતાં હોય તેમજ આ કામના આરોપી કૌશિક શાહ પણ આર.ટી.ઓ.ના એજન્ટ તરીકે તેમજ વિમા સલાહકાર તરીકે કામકાજ કરતા હોય જેથી આરોપી તેમજ ફરીયાદી બન્ને મિત્ર થતાં હોય. જેથી આરોપીને અચાનક નાણાની જરૂરીયાત પડતા ફરીયાદી સિદ્ધાર્થભાઈ પાસેથી રોકડ રૂા. રૂપિયા ત્રીસ હજાર ઉછીના લીધેલ હતા. જે રકમની ચુકવણી માટે આરોપીએ ચેક આપેલ હતો. જે ચેક અપુરતા નાંણા ભંડોળના કારણે પરત ફરતા અદાલત ફરિયાદ નોંધાવી હતી. જેમા આરોપી કૌશીક હિરાલાલ શાહને અદાલતે ૬ માસની સાદી કેદ અને ચેકથી બમણી રકમનો દંડ ફરમાવેલ હતો. ફરીયાદી સિર્ધાથ અનિલભાઈ કુંવરીયા તરફથી વકીલ તરીકે ધરતી એસ.ત્રિવેદી રોકાયેલા હતા.

# પાકમાં જંતુનાશક દવાના ઉપયોગ વેળાએ સાવચેતી રાખવા સંદર્ભે ખેડૂતોને માર્ગદર્શન

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેડૂતો પાકમાં જંતુનાશક દવાનો છંટકાવ કરતા હોય છે. જંતુનાશક દવાઓના ઉપયોગ વખતે અનેક બાબતો ધ્યાનમાં રાખવી આવશ્યક છે. જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી દ્વારા નીચે મુજબની બાબતો ધ્યાનમાં રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

જંતુનાશક દવાઓનો સંગ્રહ બાળકો પહોંચી ના શકે તેવી જગ્યાએ તાળાં-કૂંચીમાં રાખવા. જંતુનાશક દવાનો ઉપયોગ કરતાં પહેલા પેકિંગ પર લખેલી સૂચના કાળજીપૂર્વક વાંચો. જંતુનાશક દવાનાં પેકિંગ પર સમાપ્તિ તારીખ તપાસવી અને સમાપ્તિ તારીખ પહેલા જ જંતુનાશક દવાઓ ઉપયોગ કરો. જંતુનાશક દવાનો છંટકાવ શરૂ કરતાં પહેલા સ્પ્રેયર (દવા છાંટવાનો પંપ) સારી હાલતમાં છે કે નહીં તેની ચકાસણી કરવી. ટપકતા અને તૂટેલા સ્પ્રેયરનો ઉપયોગ કરવો નહીં. જંતુનાશક દવાનાં પ્રવાહી મિશ્રણને સ્પ્રેયરની ટાંકીમાં ભરતી વખતે ગળણીનો ઉપયોગ અવશ્ય કરવો. પ્રવાહી મિશ્રણ ઉભરાય નહીં તેની ખાસ કાળજી રાખવી. જંતુનાશક દવાનો છંટકાવ કરતાં પહેલા છંટકાવ કરનારે હાથ મોજા, માસ્ક, પ્રોટેક્ટિવ કપડાં, ગોગલ્સ તથા ગમબુટ અવશ્ય પહેરવા. વાતાવરણ શાંત હોય ત્યારે સવારે અથવા સાંજે જંતુનાશક દવાનો છંટકાવ કરવો. છંટકાવ સમયે જંતુનાશક દવા શરીર પર ન પડે તેની ખાસ કાળજી રાખવી. હંમેશા પવનની દિશામાં જંતુનાશક દવાનો છંટકાવ કરવો. જંતુનાશક દવા શ્વાસમાં જતી અટકાવવા લાન્સ તથા નોઝલને વધુ ઊંચાઈએ રાખી છંટકાવ કરવો નહીં. જંતુનાશક દવાનો છંટકાવ કર્યા પછી પાણી પીતા, જમતા પહેલા, પાન-માવો ખાતા પહેલા કે ધૂમ્રપાન કરતાં પહેલા હંમેશા હાથ-મોં સાબુથી ધોવા. જંતુનાશક દવા છાંટતી વખતે બેચેની જણાય તો તરત જ છંટકાવ બંધ કરવો અને ડૉક્ટરની સલાહ લેવી.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક /વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)/ નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# જામનગર જિલ્લાના પેન્શનરો માટે મહત્વપૂર્ણ જાહેરાત કરાઈ

જામનગર : જામનગર જિલ્લા તિજોરી કચેરી તથા તાબાની પેટા તિજોરી કચેરીમાંથી"ઈન્છ સ્કીમ હેઠળ બેંક મારફત ગુજરાત રાજ્ય સરકારનું તથા કેન્દ્ર સરકારનું પેન્શન મેળવતા પેન્શનરો માટે મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે.

જે અનુસાર, જામનગર જિલ્લાના તમામ પેન્શનરોએ માહે મે, જૂન તથા જુલાઈ-૨૦૨૪ દરમિયાન જે બેંક બ્રાંચ મારફત પેન્શન મેળવતા હોય, તો તે બ્રાંચમાં જઈને તેમની હયાતીની ખાત્રી કરાવવાની રહેશે. હયાતીની ખરાઈ અંગેના ફોર્મમાં દરેક પેન્શનરોએ અત્રેની કચેરીના પીપીઓમાં કરેલી સહીના નમૂના મુજબની સહી કરવાની રહેશે.

તેમજ લાગુ પડતા કિસ્સામાં ફેમિલી પેન્શનરોએ લગ્ન/પુનઃલગ્ન અને ફરી સરકારી નોકરીમાં જોડાયેલા હોય તેવા પેન્શનરોએ એમ્પલોઈડ/રિ-એમ્પ્લોઈડના ફોર્મમાં પણ સહી કરવાની રહેશે.

જે પેન્શનરો હયાતીની ખાત્રી અર્થે બેંકમાં રુબરૂ જઈ શકે તેમ ન હોઈ, તો તેવા પેન્શનરોએ jeevanpramaan.gov.in આ વેબસાઈટ પર જઈને ઓનલાઈન હયાતી ખરાઈ કરાવી શકશે. જે પેન્શનરો વિદેશમાં રહેતા હોય, તો તેઓએ તેમની હયાતીની ખાતરી જે દેશમાં વસવાટ કરતા હોય, તો ત્યાં પબ્લિક નોટરી પાસે ફોટા, બેંક બ્રાંચ તથા પીપીઓ નંબર, બેંક ખાતા નંબરની વિગતની નોંધ સાથે હયાતીની ખાતરી કરાવી શકશે. વધુમાં સને ૨૦૨૩-૨૪ના પેન્શનની આવકના પ્રમાણપત્રો પેન્શનરોએ સંબંધિત બેંક પાસેથી મેળવી લેવાના રહેશે. તેમજ https://cybertreasury.gujarat.gov.in આ વેબસાઈટ પરથી આવકના પ્રમાણપત્ર મેળવી શકાશે. તેમ જિલ્લા તિજોરી અધિકારી વી.સી.ગઢવી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર જૈન મિત્ર મંડળ દ્વારા ૧૧માં વર્ષે રાહત દરે ચોપડા વિતરણ



જામનગર જૈન મિત્ર મંડળ દ્વારા સતત ૧૧ માં વરસે ખુબ જ રાહત દરે ચોપડા વિતરણનો કાર્યક્રમ મુખ્યદાતા ચેતનભાઈ મહેતા (એ.પ્રવિણ એન્ડ કંપની) સહિતના અનેક દાતાઓના સહકારથી સંપન્ન કરવામાં આવેલ હતો. આ સમયે સમસ્ત જૈન સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સમસ્ત જૈન સમાજના ૧૫૦૦ થી વધુ વિદ્યાર્થિઓને ચોપડા તથા સ્ટેશનરીનું ઉપસ્થિતોના હસ્તે વિતરણ કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જૈન મિત્ર મંડળના સદસ્યો પ્રયત્નશીલ રહ્યાં હતાં.

# વિપશ્યના ધમ્મસંમેલન

આથી વિપશ્યના સાધના કેન્દ્રનાં જુના સાધકોને જાણ કરવામાં આવે છે કે, તા. ૦૫-૦૪–૨૦૨૪ રવિવારે સવારના ૦૯–૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન એક ધમ્મસંમેલનનું આયોજન કરેલ છે. તો જુના સાધકોને ધમ્મ સંમેલનમાં આવવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.(જૂના સાધકોએ રજીસ્ટ્રેશન તા. ૦૪-૦૫ ૨૦૨૪ સુધીમાં અચૂક કરાવવાનું રહેશે. સ્થળ– "ધમ્મ સદન", જામનગર વિપશ્યના સમિતિ, આનંદ સોસાયટી શેરી નં.૨, ખડખડનગર, નવાગામ ઘેડ, નવી ડેન્ટલ કોલેજથી પછી, જામનગર. રજીસ્ટ્રેશન માટે ૯૩૨૮૯ ૩૪૫૧૮, ૯૮૨૫૯ ૯૫૫૯૯, ૯૯૦૯૦ ૧૦૨૪૫.

# આર્યસમાજ દ્વારા નિઃ શુલ્ક (મફત) છાશ વિતરણ પરબનો શુભારંભ

જામનગર : આર્યસમાજ દ્વારા માનવ સેવાની પ્રવૃતિના ભાગરૂપે તાજેતરમા સવારે ૧૦-૩૦ થી બપોરે ૧-૩૦ સુધી નિઃશુલ્ક છાશ વિતરણ પરબનો શુભારંભ કરવામાં આવ્યો. જેમાં આર્યસમાજના પ્રમુખ દિપકભાઈ ઠક્કર, માનદમંત્રી નરેન્દ્રભાઈ મહેતા, ઉપમંત્રી ધવલભાઈ બરછા, કોષાધ્યક્ષ વિનોદભાઈ નાંઢા, અંતરંગ સદસ્યો ધીરજભાઈ નાંઢા, ભરતભાઈ આશાવર, અરવિંદભાઈ મહેતા, જગદીશભાઈ મકવાણા, જયેશભાઈ મહેતા, પ્રભુલાલભાઈ જે. મહેતા નિમંત્રિત સદસ્યા આશાબેન ઠક્કર, જયશ્રીબેન મહેતા, સુનીતાબેન ખન્ના, ધીરૂભાઈ બરછા હાજર રહ્યા હતા તેમજ બહોળી સંખ્યામાં જાહેર જનતાએ લાભ લીધેલ હતો.

# ૧૯ વર્ષના પુત્રએ આત્મહત્યા કરી લેતાં દંપતીએ IVF દ્વારા બાળક પેદા કરવા માટે હાઈકોર્ટમાં અરજી કરી



કોલકાતા,
પશ્ચિમ બંગાળના એક વૃદ્ધ દંપતીના ૧૯ વર્ષના પુત્રએ ગયા વર્ષે આત્મહત્યા કરી હતી. પુત્રના અભાવની ભરપાઈ કરવા માટે ૫૯ વર્ષના પતિ અને ૪૬ વર્ષની પત્નીએ કોલકાતા હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. બંનેએ કોર્ટમાં અરજી કરીને આઈવીએફ દ્વારા સારવાર કરાવવાની પરવાનગી માંગી હતી. કોર્ટે અરજી પર સુનાવણી કરતા આઈવીએફ દ્વારા સારવાર માટે વિશેષ પરવાનગી પણ આપી હતી.પતિની ઉંમર ૫૫ વર્ષથી વધુ હતી તેથી બંનેએ કોર્ટનો સંપર્ક કરવો પડ્યો હતો.

વાસ્તવમાં, વર્ષ ૨૦૨૧માં લાગુ કરવામાં આવેલ આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નોલોજી એક્ટ મુજબ આઈવીએફ ટેક્નોલોજી દ્વારા સારવાર માટે નિયમો બનાવવામાં આવ્યા છે. આ નિયમ અનુસાર, હોસ્પિટલોને ૫૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓ અને ૫૫ વર્ષથી વધુ ઉંમરના પુરુષોને આઈવીએફ ટેક્નોલોજીથી સારવાર આપવાની મંજૂરી નથી.

માહિતી અનુસાર, ઓક્ટોબર ૨૦૨૩માં આ દંપતીએ આત્મહત્યામાં તેમના એકમાત્ર સંતાનને ગુમાવ્યા પછી, તેઓએ ફરીથી માતાપિતા બનવા માટે એક ખાનગી ક્લિનિકનો સંપર્ક કર્યો.

ક્લિનિકના ડોકટરોએ એગ ડોનેશન સાથે આઈવીએફની પ્રક્રિયા દ્વારા મહિલાને તબીબી રીતે ફિટ અને બાળકને જન્મ આપવા માટે લાયક જાહેર કરી. ૫૯ વર્ષની વયે વય મર્યાદા વટાવી ચૂકેલા પતિ સાથે કાનૂની વિવાદ હતો. જેના કારણે દંપતીએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.

કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે પત્નીની ઉંમર ૪૬ વર્ષ છે. તેણી વય મર્યાદા ઓળંગતી નથી. કોર્ટે કહ્યું કે દંપતી આઈવીએફ દ્વારા બાળક પેદા કરવા માટે સ્વતંત્ર છે.

# નિરુપમ મહારાષ્ટ્ર સીએમ એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેનામાં જોડાશે

મુંબઈ,
કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર નેતા સંજય નિરુપમ આખરે પોતાનો નવો રાજકીય સફર મહારાષ્ટ્ર સીએમ એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેનામાં જોડાઈને શરૂ કરશે. આ માહિતી ખુદ સીએમ એકનાથ શિંદેએ આપી હતી. તેમણે કહ્યું કે તેઓ સંજય નિરુપમને તેઓ મળ્યા છે, તેઓ જલ્દી અમારી પાર્ટીમાં જોડાશે.



સીએમ શિંદેને મળ્યા બાદ સંજય નિરુપમે કહ્યું, અમે મહારાષ્ટ્ર ના મુખ્યમંત્રી એકનાથ શિંદેને મળ્યા હતા. હું તેમને મળવા આવ્યો હતો. અમે ભવિષ્યમાં મારી ભૂમિકા શું હશે તેની પણ ચર્ચા કરી છે. નિશ્ચિતપણે, શિવસેનાનો દરેક ઉમેદવાર ચૂંટણી જીતે તેનો પ્રયત્ન કરીશું. હું ચૂંટણી નહીં લડું. આ તો મારી ઘર વાપસી છે. સીએમ એકનાથ શિંદેએ મુંબઈની તમામ સીટો પર એનડીએની જીતનો દાવો કર્યો હતો. તેમણે કહ્યું, "અમે મુંબઈની તમામ ૬ બેઠકો જીતીશું અને મહાયુતિ દરેક જગ્યાએ જીતશે. હું જ્યારથી મહારાષ્ટ્ર નો સીએમ બન્યો છું, મુંબઈમાં વિકાસના કામો ઝડપથી થઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ મુંબઈમાં ૨ જાહેરસભાઓ કરશે.

# TMCને બદલે બીજેપીને વોટ કરવો વધુ સારું - કોંગ્રેસના અધીર રંજન

બહેરામપુર,
તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસ વચ્ચે ફરી એકવાર તણાવ જોવા મળ્યો. પશ્ચિમ બંગાળની શાસક ટીએમસીએ કોંગ્રેસના દિગ્ગજ નેતા અને બહેરામપુર લોકસભા બેઠક પરથી પાર્ટીના ઉમેદવાર અધીર રંજન ચૌધરીને નિશાન બનાવ્યા છે. પાર્ટીએ અધીર રંજનને બીજેપીની બી-ટીમનો સભ્ય પણ ગણાવ્યો હતો. કોંગ્રેસ નેતાનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે કથિત રીતે કહેતા જોવા મળી રહ્યા છે કે પશ્ચિમ બંગાળમાં TMCને બદલે બીજેપીને વોટ કરવો વધુ સારું છે.

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું, 'લોકસભાના કોંગ્રેસના નેતાઓ કહી રહ્યા છે કે 'ભાજપ કે કોંગ્રેસને મત આપો'. તે વિશે વિચારો, ન તો કોઈ વિચારધારા છે કે ન કોઈ આદર્શ. તેમના જેવા કેટલાક સ્વાર્થી લોકોએ દેશને વેચી દીધો છે.

લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ મંગળવારે બંગાળના મુર્શિદાબાદમાં એક ચૂંટણી રેલીને સંબોધી હતી.

# ચિરાગ પાસવાને આંબેડકરની પ્રતિમાને સ્પર્શ કર્યો : લોકોએ ૫૧ લિટર દૂધથી પ્રતિમાને ધોઈ

## લોકોએ કહ્યું કે અમે ચિરાગ પાસવાનનો વિરોધ કરી રહ્યા છીએ

હાજીપુર,
ચિરાગ પાસવાને હાજીપુરથી ઉમેદવારી નોંધાવ્યા બાદ, તેમણે અનવરપુર ચોક ખાતે બંધારણના ઘડવૈયા બાબા આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. જે બાદ લોકોએ મૂર્તિને દૂધથી ધોઈ હતી. ગુરુવારે સાંજે ૫૧ લિટર દૂધથી ધોવાનો વીડિયો વાયરલ થયો હતો. ભીમ આર્મી સંઘના નેતા રણધીર કુમાર અને અનવરપુર ચોક નિવાસી છોટે પાસવાન સાથે કેટલાક યુવાનો પ્રતિમા ધોવામાં વ્યસ્ત હતા. આ લોકોએ જણાવ્યું કે ચિરાગે પ્રતિમાને સ્પર્શ કર્યો હતો. તેમનો આરોપ છે કે ચિરાગ દલિત વિરોધી છે. આ દરમિયાન બાબા સાહેબ અમર રહો, . ચિરાગ પાસવાન મુર્દાબાદના નારા પણ લગાવ્યા હતા સ્થાનિક પાસવાન જાતિના લોકોએ જણાવ્યું કે જ્યારે ચિરાગ પાસવાન નામાંકન દરમિયાન રોડ શોમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની પ્રતિમાને સ્પર્શ કર્યો હતો. જેના કારણે બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની પ્રતિમા અસ્પૃશ્ય બની ગઈ હતી. અમે બાબા સાહેબ ભીમરાવની પ્રતિમાને ૫૧ લિટર દૂધથી ધોઈને શુદ્ધ કરી.

આંબેડકરની પ્રતિમાને ધોતા લોકોએ કહ્યું કે અનામત વિરોધી ચિરાગ પાસવાને આંબેડકરની પ્રતિમાને સ્પર્શ કર્યો છે.

# બારામુલ્લા બેઠક પર ઓમર અબ્દુલ્લાએ ઉમેદવારી નોંધાવી

બારામુલ્લા,
નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ અને ઉમેદવાર ઓમર અબ્દુલ્લાએ ગુરુવારે બારામુલા બેઠક માટે ઉમેદવારી નોંધાવી હતી. ઓમર સાથે પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને અધિકારીઓ પણ હાજર હતા. તેણે બારામુલા મતવિસ્તારના રિટર્નિંગ ઓફિસર મિંગા શેરપા સમક્ષ પોતાનું નામાંકન દાખલ કર્યું.

શ્રીનગરથી બારામુલ્લા તરફ પ્રયાણ કરતી વખતે, ઓમરે કહ્યું હતું કે તે પ્રચંડ બહુમતી સાથે સીટ જીતવાની અપેક્ષા રાખે છે. આ બેઠક પરથી પીપલ્સ કોન્ફરન્સના સજ્જાદ ગની લોન, અપક્ષ ઉમેદવાર એન્જિનિયર રશીદ, પીડીપીના ઉમેદવાર ફૈયાઝ અહેમદ મીર સહિત કુલ ૧૧ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા છે. આ દરમિયાન ઓમરે ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે ભાજપને નફરતભર્યા નિવેદનો કરવાની આદત છે. ભાજપના નેતાઓ ધર્મને લગતી ટિપ્પણીઓ કરી રહ્યા છે. તેમના પર આચારસંહિતાનો અમલ કેમ નથી થતો? ચૂંટણી પંચ તેમને આવી પરવાનગી કેવી રીતે આપે છે? આ દેશમાં ધર્મના નામે નફરત ફેલાવવામાં આવી રહી છે. આ ખૂબ જ ખેદજનક છે.

# ફરી એકવાર ઈઝરાયેલ-પેલેસ્ટાઈન વિવાદ પર ભારતનું વલણ રૂચિરા કંબોજે સ્પષ્ટ કર્યું

વોશિંગ્ટન,
સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજે ફરી એકવાર ઈઝરાયેલ-પેલેસ્ટાઈન વિવાદ પર ભારતનું વલણ સ્પષ્ટ કર્યું અને કહ્યું કે માત્ર બે રાષ્ટ્ર સિદ્ધાંત જ બંને દેશો વચ્ચેના વિવાદનો ઉકેલ લાવી શકે છે. રૂચિરા કંબોજે કહ્યું કે ભારત દ્વિ-રાષ્ટ્ર સિદ્ધાંતને સમર્થન આપવા પ્રતિબદ્ધ છે. તો જ પેલેસ્ટાઈનના લોકો સુરક્ષિત સરહદો સાથે મુક્તપણે જીવી શકશે. આ ઉપરાંત ઈઝરાયેલની સુરક્ષાની ચિંતાઓ પણ દૂર કરવામાં આવશે.

રુચિરા કંબોજે કહ્યું, 'અમે આશા રાખીએ છીએ કે સંયુક્ત રાષ્ટ્રમાં પેલેસ્ટાઈનના સભ્યપદ પર યોગ્ય સમયે પુનર્વિચાર કરવામાં આવશે અને પેલેસ્ટાઈનના સંયુક્ત રાષ્ટ્રના સભ્ય બનવાના પ્રયાસને સમર્થન આપવામાં આવશે.' નોંધનીય છે કે વર્ષ ૧૯૭૪માં ભારત પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનાઈઝેશનને પેલેસ્ટિનિયન લોકોના એકમાત્ર અને કાયદેસરના પ્રતિનિધિ તરીકે માન્યતા આપનાર પ્રથમ બિન-આરબ દેશ હતો.૧૯૮૮માં ભારતે પેલેસ્ટાઈનને અલગ દેશ તરીકે માન્યતા આપી હતી. બુધવારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકને સંબોધતા રુચિરા કંબોજે કહ્યું હતું કે 'ભારતના નેતૃત્વએ વારંવાર ભાર મૂક્યો છે કે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે સીધી અને અર્થપૂર્ણ વાતચીત થવી જોઈએ અને બંને દેશોમાં બે રાષ્ટ્રોના સિદ્ધાંતથી જ શાંતિ આવી શકે છે.

# જો બાળલગ્ન થશે તો પંચ-સરપંચ જવાબદાર રહેશેઃ રાજસ્થાન હાઈકોર્ટ

જયપુર,
રાજસ્થાનમાં બાળ લગ્ન પર પ્રતિબંધનો કાયદો હોવા છતાં અને સરકાર દ્વારા તમામ પ્રયાસો કરવા છતાં બાળ લગ્ન બંધ થઈ રહ્યા નથી. આ જ કારણ છે કે હવે રાજસ્થાન હાઈકોર્ટે રાજ્યની ભજનલાલ સરકારને બાળ લગ્ન રોકવા માટે જરૂરી અને ગંભીર પગલાં ભરવા માટે ગાઈડલાઈન જારી કરી છે.

હાઈકોર્ટના જસ્ટિસ શુભા મહેતાએ જણાવ્યું છે કે રાજ્યમાં કોઈપણ સંજોગોમાં બાળ લગ્ન ન થવા જોઈએ. આ અંગે પંચ-સરપંચોને જાગૃત કરવા જોઈએ. જો જનપ્રતિનિધિ તેની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ જશે તો તેની જવાબદારી પણ નક્કી કરવામાં આવશે. પંચાયતી રાજના નિયમો અનુસાર બાળ લગ્ન રોકવાની ફરજ પંચ-સરપંચની છે. જસ્ટિસ પંકજ ભંડારી અને જસ્ટિસ સુભા મહેતાની ડિવિઝન બેન્ચે બચપન બચાવો આંદોલન અને અન્યની પીઆઈએલ પર આ આદેશ આપ્યો છે. આદેશની નકલ સીએસ સહિત તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલવામાં આવી છે.

# બિહારના બદમાશોએ નેપાળ જઈને બેંકમાંથી ૧ કરોડ ૩૨ લાખ લૂંટ્યા

પટણા,
બિહારના પૂર્વ ચંપારણમાં નેપાળના ગુનેગારોએ સાથે મળીને મોટી લૂંટ ચલાવી હતી. પારસા જિલ્લાના બીરગંજમાં બ્રહ્મા ચોક ખાતે આવેલી નોબલ બેંકમાં આ લૂંટ કરવામાં આવી હતી. જેમાં બેંકમાંથી ૧ કરોડ ૩૨ લાખ રૂપિયાની લૂંટ થઈ હતી. પૈસાની લૂંટ કર્યા બાદ જે ગુનેગારો ભારતના હતા તેઓ બોર્ડર ઓળંગીને ભારતમાં આવ્યા હતા અને જેઓ નેપાળના હતા તેઓ નેપાળમાં જ રહ્યા હતા.

આ પછી, તમામ ભારતીય ગુનેગારોએ લૂંટેલી રકમને એકબીજામાં વહેંચી દીધી અને તેમના ઘર તરફ રવાના થઈ ગયા. મોતિહારી પોલીસે લૂંટમાં સંડોવાયેલી મહિલા સહિત આંતરરાષ્ટ્રીય લૂંટારૂ ગેંગના બે સભ્યોની ધરપકડ કરી છે. એ જ બેંકમાંથી લૂંટાયેલા રૂપિયામાંથી ૧૮ લાખ ૨૩ હજાર ૨૦૦ રૂપિયા અને લૂંટમાં વપરાયેલી લગભગ તમામ વસ્તુઓ મળી આવી છે.


મોતિહારી જિલ્લાની આ ગેંગ નેપાળને તેના સોફ્ટ ટાર્ગેટ તરીકે રાખતી હતી અને લૂંટની ઘટનાઓને અંજામ આપતી હતી. જ્યારે મોતિહારીના પોલીસ અધિક્ષકને આ ઘટનાની માહિતી મળી, ત્યારે તેમણે ત્રણ ડીએસપી રેન્કના અધિકારીઓને ઘટનાની તપાસની જવાબદારી સોંપી. આ મામલાના તળિયે જવા માટે પોલીસ દિવસ-રાત મોનિટરિંગ કરતી રહી. તેનું પરિણામ એ આવ્યું કે મોતિહારીના પોલીસ અધિક્ષક કંટેશ કુમાર મિશ્રાને આ સફળતા મળી અને ૧ કરોડ ૩૨ લાખ રૂપિયાની લૂંટમાંથી ૧૮ લાખ ૨૩ હજાર રૂપિયા રિકવર કરવામાં આવ્યા.

# દિલ્હી પોલીસના ત્રણ સ્પેશિયલ કમિશનરની બદલી : સતીશ ગોલ્ચા તિહારના ડીજી બન્યા

નવીદિલ્હી
દિલ્હી પોલીસના ત્રણ સ્પેશિયલ કમિશનરની બદલી કરવામાં આવી છે અને ત્રણેય કમિશનરની નવી પોસ્ટિંગના આદેશ જારી કરવામાં આવ્યા છે. સૌથી પહેલા સ્પેશિયલ સીપી સતીશ ગોલચા જે સ્પેશિયલ સીપી ઈન્ટેલિજન્સ હતા, તેમને સ્પેશિયલ સીપી ઈન્ટેલિજન્સમાંથી તિહારના ડીજી બનાવવામાં આવ્યા છે. સેકન્ડ સ્પેશિયલ સીપી પીસીઆર સાગર પ્રીત હુડાને સ્પેશિયલ સીપી ઈન્ટેલિજન્સ એન્ડ મીડિયા મેનેજમેન્ટ ડિવિઝનનો હવાલો સોંપવામાં આવ્યો છે. જ્યાં તેજેન્દ્ર લુથરા સ્પેશિયલ સીપી ટેક્નોલોજીમાં હતા, તેમને સ્પેશિયલ સીપી પીસીઆરનો હવાલો પણ આપવામાં આવ્યો છે.

સતીશ ગોલચાને તિહાર જેલના નવા ડીજી બનાવવામાં આવ્યા છે. જ્યારે સતીશ ગોલચા સ્પેશિયલ સીપી લો એન્ડ ઓર્ડર હતા ત્યારે પૂર્વ દિલ્હીમાં રમખાણો થયા હતા. સતીશ ગોલચા અરુણાચલ પ્રદેશના ડીજીપી પણ રહી ચૂક્યા છે. તેઓ ૧૯૯૨ બેચના આઈપીએસ અધિકારી છે

# સંદેશખાલી કેસ : સીબીઆઈએ હાઈકોર્ટમાં રિપોર્ટ સોંપ્યા, આગામી સુનાવણી ૧૩ જૂને



**આ કેસમાં ત્રણ આરોપીઓ શાહજહાં શેખ, શિબુ હાઝરા અને ઉત્તમ સરદાર ૧૩ મે સુધી કસ્ટડીમાં છે**

કોલકતા,
પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં જમીન હડપ અને મહિલાઓ વિરુદ્ધ અપરાધના કેસમાં ગુરુવારે (૨ મે) કોલકત્તા હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટે નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશનને પણ આ કેસમાં પક્ષકાર બનાવવાની પરવાનગી આપી છે. કોર્ટે એમ પણ કહ્યું કે સીબીઆઈએ તેના રિપોર્ટમાં જણાવ્યું છે કે તેને પશ્ચિમ બંગાળ સરકારના અધિકારીઓ પાસેથી તપાસમાં સહયોગ નથી મળી રહ્યો. સુનાવણી દરમિયાન, મુખ્ય ન્યાયાધીશ ટીએસ શિવગ્નનમ અને ન્યાયમૂર્તિ હિરન્મય ભટ્ટાચાર્યની ખંડપીઠે સીબીઆઈના અહેવાલને ગુપ્ત રાખવાની અપીલ પણ સ્વીકારી હતી. તમને જણાવી દઈએ કે આ કેસની આગામી સુનાવણી ૧૩ જૂને થશે. અગાઉ ૨૫ એપ્રિલે સીબીઆઈએ કલકત્તા હાઈકોર્ટના આદેશ બાદ પ્રથમ એફઆઈઆર નોંધી હતી. જેમાં ૫ મુખ્ય આરોપીઓના નામ સામેલ છે. કોલકાતા હાઈકોર્ટે ૧૦ એપ્રિલે સંદેશખાલી કેસની તપાસ સીબીઆઈને સોંપી હતી. તેના આદેશમાં કહેવામાં આવ્યું હતું કે સીબીઆઈ કોર્ટની દેખરેખ હેઠળ તપાસ કરશે અને રિપોર્ટ સબમિટ કરશે.

# મનીષ સિસોદિયાએ જામીન માટે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો

નવીદિલ્હી
દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ દિલ્હી હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે. હવે આ મામલે શુક્રવારે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી થશે. ૩૦ એપ્રિલે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે બીજી વખત મનીષ સિસોદિયાની જામીન અરજી ફગાવી દીધી હતી. મનીષ સિસોદિયાએ સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ બંને કેસમાં દિલ્હી હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે.

એક્ટિંગ ચીફ જસ્ટિસ મનમોહન સિંહ અને જસ્ટિસ મનમીત પીએસ અરોરાની બેન્ચ સમક્ષ તાત્કાલિક સુનાવણી માટે અરજીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કોર્ટે શુક્રવારે અરજી પર સુનાવણી કરવા સંમતિ દર્શાવી હતી. બેન્ચે કહ્યું, "જજને ફાઈલ જોવા દો, તેને કાલે આવવા દો."

તેમણે અદાલતને તાકીદની સુનાવણી માટે જામીનની માંગ કરતી બંને અરજીઓની યાદી આપવા વિનંતી કરી હતી. સિસોદિયાએ નીચલી કોર્ટના ૩૦ એપ્રિલના આદેશને પડકારતા હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. બે કેસમાં તેમની જામીન અરજી નીચલી અદાલતમાં ફગાવી દેવામાં આવી હતી.

# મે મહિનામાં હજુ ૧૧ દિવસ સુધી ગરમીની લહેરની શક્યતા છે : તાપમાનનો રેકોર્ડ

નવીદિલ્હી,
આ વર્ષે એપ્રિલ મહિનો સૌથી વધુ ગરમ રહ્યો હતો. ૧૯૦૧ પછી પ્રથમ વખત, દેશના મોટાભાગના ભાગોમાં એપ્રિલમાં ગરમીનું મોજું મહત્તમ દિવસો સુધી ચાલ્યું હતું. મે મહિનામાં પણ કાળઝાળ ગરમીમાંથી રાહત મળી નથી. આ મહિને દેશના મોટાભાગના વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ વધશે અને હીટ વેવના દિવસો પણ વધીને ૧૧ દિવસ થઈ શકે છે. જો કે, ૨૦૨૩ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ માનવામાં આવે છે.

ભારતીય હવામાન વિભાગના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ મે મહિના



માટે હવામાનની આગાહીની જાહેરાત કરતી વખતે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે એપ્રિલ મહિનામાં ૫ થી ૭ અને ત્યારબાદ ૧૫ થી ૩૦ તારીખ સુધી હીટ વેવના બે રાઉન્ડ આવ્યા હતા. સરેરાશ મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. મહાપાત્રાએ કહ્યું હતું કે એપ્રિલ મહિનામાં પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં સરેરાશ લઘુત્તમ તાપમાન ૨૮.૧૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ૧૯૦૧ પછી આ પ્રથમ વખત બન્યું હતું કે એપ્રિલમાં આ વિસ્તારોમાં આટલું ઊંચું લઘુત્તમ તાપમાન હતું. તેઓએ એ પણ અહેવાલ આપ્યો કે દક્ષિણ દ્વીપકલ્પના ભારતમાં સરેરાશ મહત્તમ તાપમાન ૧૯૮૦ ના દાયકાથી સામાન્ય થઈ ગયું છે.

મહાપાત્રાએ કહ્યું હતું કે મે મહિનામાં ગરમીની લહેર દક્ષિણ રાજસ્થાન, પશ્ચિમ મધ્ય પ્રદેશ, વિદર્ભ, મહારાષ્ટ્ર અને ગુજરાત પ્રદેશોમાં લગભગ ૮-૧૧ દિવસ સુધી રહી શકે છે. બાકીના રાજસ્થાન, પૂર્વ મધ્ય પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢના ભાગો, આંતરિક ઓડિશા, ગંગા પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર, ઉત્તર આંતરિક કર્ણાટક અને તેલંગાણામાં ૫-૫ દિવસ ગરમીની લહેર આવવાની શક્યતા છે. તેમાં ૭ દિવસનો સમય લાગે તેવી શક્યતા છે. સામાન્ય રીતે, ઉત્તર ભારત, મધ્ય ભારત અને દ્વીપકલ્પના ભારતના આસપાસના વિસ્તારોમાં મહિનામાં લગભગ ત્રણ દિવસ ગરમીનું મોજું અનુભવાય છે.

# દિલ્હી મહિલા આયોગમાંથી ૨૨૩ કર્મચારીઓને કાઢી મૂકવામાં આવ્યા

નવીદિલ્હી
દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ દિલ્હી મહિલા આયોગના કર્મચારીઓ સામે મોટી કાર્યવાહી કરી છે. લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાના આદેશ પર દિલ્હી મહિલા આયોગના ૨૨૩ કર્મચારીઓને તાત્કાલિક અસરથી બરતરફ કરવામાં આવ્યા છે. આરોપ છે કે દિલ્હી મહિલા આયોગના તત્કાલીન અધ્યક્ષ સ્વાતિ માલીવાલે નિયમોની વિરુદ્ધ જઈને પરવાનગી વિના તેમની નિમણૂક કરી હતી.લેફ્ટનન્ટ ગવર્નરના આદેશમાં ડીસીડબ્લ્યુ એક્ટનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં પંચમાં માત્ર ૪૦ જ જગ્યાઓ મંજૂર હોવાનું કહેવાય છે. ડ્ઢઝ્રઉ પાસે કર્મચારીઓને કોન્ટ્રાક્ટ પર રાખવાની સત્તા નથી. દિલ્હી મહિલા આયોગ વિભાગના અધિક નિર્દેશક દ્વારા જારી કરાયેલા આ આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે નવી નિમણૂકો પહેલા, આવશ્યક પદોનું કોઈ મૂલ્યાંકન કરવામાં આવ્યું ન હતું અને ન તો વધારાના નાણાકીય બોજ માટે પરવાનગી લેવામાં આવી હતી.

તમને જણાવી દઈએ કે દિલ્હી મહિલા આયોગની તત્કાલીન અધ્યક્ષ સ્વાતિ માલીવાલ આમ આદમી પાર્ટીની રાજ્યસભા સાંસદ છે. તેમણે આ વર્ષે ૫ જાન્યુઆરીએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું.

લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાના આદેશ પર દિલ્હી મહિલા આયોગમાંથી ૨૨૩ કર્મચારીઓને તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવ્યા છે.

સૌરાષ્ટ્ર આસપાસ

# જામનગરના જામસાહેબે "વિજય ભવ:"ના આશીર્વાદ આપ્યા, હવે વિજય નિશ્ચિત : વડાપ્રધાન

## ક્ષત્રિયોમાં નારાજગી હોય શકે, પરંતુ બહુમતિ જેટલી સીટ નહીં લડનારને મત આપી પોતાનો મત નહીં વેડફવા તેમજ ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમને પ્રચંડ લીડથી જિત અપાવવા વડાપ્રધાનનું આહવાન










તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લા બે દિવસમાં ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના પ્રચારર્થે સભાઓ યોજી હતી. જેમાં ગઈકાલે જામનગર ખાતે વિજય વિશ્વાસ સભામાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેઓએ અખંડ ભારતમાં રાજા, મહારાજાના યોગદાનની વાત કરી અને દેશ તેઓના યોગદાનને કયારેય ભૂલી નહીં શકે. આ ઉપરાંત વિદેશોમાં ભારતની બદનામી અંગે કોંગ્રેસ કુપ્રચાર કરી રહી છે તેવું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉપસ્થિત જનમેદનીને જણાવ્યું હતું.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવેલ કે, આમ તો ગુજરાતમાં મત માંગવા આવવાનું જ ન હોય, હું પ્રચાર માટે નથી આવ્યો, પ્રેમનો આસ્વાદ લેવા આવ્યો છું. તેઓએ પોતાના સમય જયારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા એ સમય યાદ કર્યો. તેઓએ એ સમયને યાદ કરતા જણાવેલ કે, જામનગર ભૂચરમોરી ખાતે તેઓ પ્રથમ મુખ્યમંત્રી હતા, જેઓએ મુલાકાત કરેલ. ૨૦૧૪ અને ૨૦૧૯ કરતા ૨૦૨૪ના પ્રચારમાં વધુને વધુ પ્રેમ મળી રહ્યો છે. દરેક જગ્યાએ એક જ સ્વર આવી રહ્યો છે, "ફિર એક બાર મોદી સરકાર".

કોંગ્રેસની રાજનીતિ કૂટપ્રચારની છે. આજે આખી દુનિયામાં ભારતનું સન્માન વધુ છે. ત્યારે કોંગ્રેસના યુવરાજ વિદેશમાં ભારત વિરુદ્ધ પ્રચાર કરે છે! ૨૦૧૪માં દુનિયામાં ભારતનું અર્થતંત્ર ૧૧માં સ્થાને હતું, આજે પાંચમા સ્થાને છે. તેઓ એ વિશેષથી જણાવેલ કે, તેઓના સંકલ્પ તેઓ એ આ ટર્મમાં પુરા કરવા છે. તેઓ એ જણાવેલ કે, તેઓનો સંકલ્પ ભારતને દુનિયાની પ્રથમ અર્થવ્યસ્થા બનાવવાનો છે અને ત્યારે ભારત આત્મનિર્ભર હશે, એ સમયે યુવાનોના સપના પુરા થશે. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં મસ્લિમ લીગની છાપ છે. કોંગ્રસના નેતા વોટ જેહાદની વાત કરે છે. કોંગ્રેસ જાતિના નામ પર સમાજના ભાગલા અને તૃષ્ટિગુણ થી મત મેળળવા, આ બે વાત પર ચૂંટણી લડતા હતા અને કોંગ્રેસ મુસ્લિમ અનામતની વાત કરી રહી છે.

તેમને વધુ માં જણાવેલ કે, જ્યાં સુધી મોદી જીવે છે, ત્યાં સુધી દેશના ધર્મના આધારે ભાગલા પાડવા નહિ દઉં. કોંગ્રેસ રામમંદિરની મજાક કરે છે, હિન્દૂ ધર્મની શક્તિને નકારે છે. સમુદ્રમાં ડૂબેલી દ્વારકાને માનવા તૈયાર નથી. એટલે જ કહી છું કે કોંગ્રેસથી સાવધાન રહો. કોઈ તરફ નારાજગી હોય તો તે માટે કોંગ્રેસને મત આપવાની જરૂર નથી. કોંગ્રેસ પાસે ૨૭૨ ઉમદેવાર જ નથી, તો સરકાર ક્યાંથી બનાવશે? આગામી દિવસોથી વિમાન, અગ્રિકલચર, ઈલેક્ટ્રિક વિહિકલ ગુજરાતમાં બનશે. ગુજરાત ગ્રીનહાઈડ્રોજન નું હબ બનવા જઈ રહ્યું છે.સોલાર પેનલ માટે સબસીડી મળશે, તેઓએ જણાવેલ કે "મારુ સપનું છે કે, ગુજરાતના તમામ ઘરોમાં વીજળી બિલ ઝીરો થાય". આ ઉપરાંત તેઓએ ૧૨ લોકસભાના સાંસદ તથા ઉમેદવાર પૂનમબેન માડમ ને પ્રચંડ લીડ થી જીત આવવા જણાવેલ.

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જય શ્રી રામના જયઘોષ સાથે જણાવેલ કે, આઝાદ ભારતની આ પ્રથમ ચૂંટણી છે કે જેમાં આખો દેશ એક અવાજે મોદી સાથે છે, રામમંદિરના નિર્માણ કરનારને દેશનું સુકાન સોંપવા દેશની જનતા આતુર છે. આજે દેશના જનજનમાં વિશ્વાશ છે કે "મોદી છે તો મુમકીન છે" સૌનું કલ્યાણ, સૌની સુરેક્ષા, સૌની સલામતી એ મોદી સાહેબના સાશનની ગૅરંટી છે. છોટી કાશી વતી ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરેલ.

૧૨ લોકસભાના ઉમેદવાર તથા સાંસદ પુનમબેમ માડમે જણાવેલ કે, જયારે જયારે પ્રધાનમંત્રી આપણી વચ્ચે આવ્યા છીએ, ત્યારે ત્યારે આપણે વિકાસની ભેટ આથી જ છે. મારી આ દશ વર્ષની યાત્રામાં તમારો સૌનો સાથ મળ્યો છે. પ્રધાનમંત્રીએ સરકારી તમામ યોજના ઘર ઘર સુધી પહોંચે તે રીતની વ્યસ્થા કરી છે. તેમાં રાજ્ય સરકારનો પણ સાથે મળ્યો છે.

આ સભાના પ્રારંભમાં કેબિનેટ મિનિસ્ટર રાઘવજીભાઈ પટેલએ ૪૦૦ પાર સીટ તથા ગુજરાતની પ્રત્યેક સીટ ઉપર ૫ લાખની લીડ લઈ આવવા અપીલ કરેલ. ૧૨ લોકસભાના સાંસદ તથા ઉમેદવાર પુનમબેમ માડમ તથા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારને ફરી વોટ આપી ઐતિહાસિક હેટ્રિક ના સહભાગી બનવા લોકો ને અપીલ કરેલ.

ભારતીય જનતા પાર્ટીના પોરબંદરના વિધાનસભા ઉમેદવાર અર્જુન મોઢવાડીયાએ જણાવેલ કે, કોંગ્રેસમાં મજૂરી કરી છે. તેમનું નેતૃત્વ એવા લોકોના હાથમાં છે કે જે સોનાની ચમચી સાથે જનમ્યા છે. તેમનામાં જનતાની તકલીફ સમજવાની સમજણ નથી. આપણે તેમને મત આપવાની ભૂલ ન કરીએ અને દેશના વિકાસને આગળ વધારવા નરેન્દ્ર મોદીને જિતાડીએ. રામમંદિરની સાથે સાથે દ્વારકા, સરદાર પ્રતિમા (સ્ટેચ્યુ ઓફ યુનિટી), સોમનાથ જેવા સ્થળોના વિકાસની વાત કરી પુનમબેમ માડમને માત્ર જીત નહિ પણ સૌરાષ્ટ્રની સૌથી વધુ લીડ મળે એ રીતે જીતાડવાની અપીલ કરી.

પૂર્વ પ્રદેશ અધ્યક્ષ તથા પૂર્વ મંત્રી આર.સી.ફળદએ ભુપેન્દ્રભાઈની સરકાર ગુજરાતના લોકો માટે સતત કાર્ય સર્તી રહી છે. પાણી, વીજળી, સિંચાઈ યોજના, માર્ગ - રસ્તા જેવા કાર્ય સતત થતા રહ્યા છે, રાજ્યની વિકાસયાત્રા સતત આગળ વધી રહી છે. મોદીએ આદર્શ પ્રધાનમંત્રીની છબી દર્શાવી છે. નાત - જાત - જતીના ભેદ ન રાખીને દરેક દેશવાસીનું કાર્ય કર્યું છે. આ ચૂંટણીમાં અન્ય પક્ષ મોદીને હટાવવા એક થયા છે ત્યારે આપણી ફરજ છે કે, દેશના વિકાસ માટે આપણા સંતાનોના સારા ભવિષ્ય માટે નરેન્દ્ર મોદીને જિતાડીએ આ ચૂંટણી હિન્દુસ્તાનની અસ્મિતાની ચૂંટણી છે.

આ સભામાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ૧૨ લોકસભાના સાંસદ તથા ઉમેદવાર પૂનમબેન માડમ, ભાજપ શહેર અધ્યક્ષ વિમલભાઈ કગથરા, જિલ્લા અધ્યક્ષ રમેશભાઈ મૂંગરા, કેબિનેટ મિનિસ્ટર મુળુભાઈ બેરા, રાઘવજી પટેલ, પોરબંદર વિધાનસભાના ઉમેદવાર અર્જુનભાઈ મોઢવાડીયા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, રીવાબા જાડેજા, મેઘજીભાઈ ચાવડા, પબુભા માણેક, પૂર્વ પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુ, ડો. વિનોદ ભેંડેરી, બ્રિજરાજસિંહ ઝાલા, હરીશભાઈ મચ્છર, ગુજરાત પ્રદેશ સહપ્રવક્તા જયેશભાઈ વ્યાસ, શહેર મહામંત્રી પ્રકાશભાઈ બામભણીયા, વિજયસિંહ જેઠવા, મેરામણભાઈ ભાટુ, જિલ્લા મહામંત્રી દિલીપભાઈ ભોજાણી, પ્રવિણસિંહ જાડેજા, અભિષેક પટવા, રમેશભાઈ મૂંગરા, દેવભૂમિ દ્વારકા જિલ્લા પ્રમુખ મયુરભાઈ ગઢવી, રમેશભાઈ ઓડેદરા, ઈન્ચાર્જ, દેવભૂમિ દ્વારકા, મહેન્દ્રસિંહ સરવૈયા, પોરબંદર જિલ્લા પંચાયત પ્રમુખ પરબતભાઈ પરમાર, મેયર વિનોદ ખીમસુરિયાં, વત્સલભાઈ ટાંક, યુવા સ્કોલરશીપ લાભાર્થી, ક્રિષ્નાબેન સોઢા, ડે મેયર, જા, માયુ, કો, મણીબેન વસોયા, વિશિષ્ટ વ્યક્તિ, ગોલ્ડ મેડાલીસ્ટ, ચંદ્રિકાબેન રામાવત, પી.એમ.એ.વાય, જીગ્નાબેન ત્રિવેદી, ઉજવવળ યોજના લાભાર્થી, પ્રદીપભાઈ ખીમાણી, ઈન્ચાર્જ પોરબંદર, ભાનુભાઈ મેતા, ઈન્ચાર્જ જામનગર જિલ્લો. પરેશભાઈ પનારા અન્નદાતા કિશાન નિધિ લાભાર્થી, ઉપરાંત આણંદાબાવા સંસ્થાના દેવપ્રસાદજી, ખીજડા મંદિરના કૃષ્ણમણી જી, મોટી હવેલીના વલ્લભરાઈજી, સ્વામિનારાય મંદિરના મહંતો સહીત સામાજિક સંસ્થાના હોદેદારો, કોર્પોરેટરો, પૂર્વ પ્રમુખો, પૂર્વ મેયર, સાધુ - સંતો, સમાજના અગ્રણીઓ, શ્રેસ્તીઓ, યુવાઓ, સહીત વોર્ડ કાર્યકર્તા સહીત પેઈજ પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં વડાપ્રધાનના પ્રવાસ કાર્યક્રમ દરમિયાન બેદરકારી દાખવનાર સુરતના ડીસીપીને નોટિસ ફટકારાઈ

જામનગર : જામનગરમાં ગઈકાલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર સભા યોજાઇ હતી, જે અંતર્ગત ૧ તારીખે જામનગરના એરપોર્ટથી ખોડિયાર કોલોની માર્ગે રિહર્ષલ કરવામાં આવ્યું હતું, ત્યારે તે રિહર્ષલ દરમિયાનની ફરજમાં બેદરકારી સામે આવી હતી અને તે વિભાગના ઈન્ચાર્જ સુરતના ડીસીપીને નોટિસ પાઠવવામાં આવતાં પોલીસ બેડામાં ચર્ચા જાગી છે.

જામનગરમાં સુપર વિઝનની જવાબદારી સુરતના ડીસીપી રાજદિપસિંહ નકુમને સોંપવામાં આવી હતી અને ૧ તારીખે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમ અંતર્ગત રિહર્સલ કરવામાં આવ્યું હતું. જેમાં એરપોર્ટ અને એરપોર્ટથી સંતોષી માતાના મંદિર સુધીના રોડ પર બંદોબસ્ત ના સુપરવાઇઝરની જવાબદારી સુરતના ડીસીપીને સોંપાઇ હતી, તે અંતર્ગત ૧ મેં ના દિવસે તમામ વ્યવસ્થાઓની ચકાસણી કરવામાં આવતાં રિહર્ષલ સમયે તૈયારીઓ યોગ્ય ન હતી, તેમજ સમગ્ર તૈયારી નું સુપરવિઝન પણ યોગ્ય રીતે થયું ન હતું.

જાહેર પોઈન્ટ પર અમુક જગ્યાએ બેરીકેટ પણ લગાવાયેલા ન હતા. અને ડીપ પોઈન્ટ પણ યોગ્ય રીતે લગાવવામાં આવ્યા ન હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. પોલીસ સ્ટાફના કર્મચારીઓને બેરીકેટીંગ બહાર ઉભા રાખવામાં આવ્યા હતા, જયારે નિયમ એવો છે કે ૭૦ ટકા સ્ટાફ બેરીકેટની અંદર અને ૩૦ ટકા સ્ટાફ બહાર રાખવો જોઈએ, પરંતુ અધિકારી દ્વારા તે પ્રકારેનું સુપરવિઝન કરાયું ન હતું. જેથી રાજકોટ રેન્જના આઈ.જી. અશોકકુમાર યાદવ દ્વારા સંબંધિત પોલીસ અધિકારી સુરતના ડીસીપી રાજદિપસિંહ નકુમને નોટિસ પાઠવી છે. જેને લઈને પોલીસ બેડામાં ચર્ચા જાગી છે.

# દ્વારકામાં વેપારીની દુકાનમાંથી પૂછયા વગર માલ ઉપાડી લેનાર શખ્સે હુમલો કર્યો

## વેપારી સાથેના બનાવને લઈ અન્ય વેપારીઓનું ટોળું પોલીસ મથકે પહોંચ્યું




તસવીર: રાકેશ સામાણી

દ્વારકા : દ્વારકામાં રઘુવંશી વેપારી ઉપર દુકાનમાં જ અજાણ્યા શખ્સોએ હુમલો કરતાં પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દ્વારકામાં મહાજન બજારમાં જલારામ પ્રોવીઝન સ્ટોર નામની દુકાન ધરાવતા અને પત્રકાર મહેન્દ્ર કકકડ ઉપર આજે બપોરે બે વાગ્યાની આસપાસ તેમની દુકાનમાંથી અજાણ્યા શખ્સોએ પુછયા વગર માલસામાન ઉપાડી લેતા અને તે બાબતે બોલાચાલી થતા દુકાનદારને અજાણ્યા શખ્સોએ સૌપ્રથમ બિભત્સ ગાળો આપતા અને બાદમાં પત્રકાર ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા તાત્કાલિક અસરથી પત્રકારે ૧૦૦ નંબર પર પોલીસને જાણ કરતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે. આ બનાવને પગલે અસરગ્રસ્ત દ્વારા દ્વારકા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂધ્ધ વિધિવત ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

સમગ્ર બનાવની જાણ થતા શહેરના વેપારીઓ તથા યુવા રઘુવંશી આગેવાનો ફરીયાદી સાથે પોલીસ સ્ટેશને પહોંચી ગયા હતા અને હુમલો કરનાર શખ્સો વિરૂધ્ધ સખ્તમાં સખ્ત કાર્યવાહી કરવા રજુઆતો કરેલ. સમગ્ર બનાવના મામલે દ્વારકાના રઘુવંશી સમાજ તથા પત્રકારોમાં ઘેરા રોષની લાગણી ફેલાઈ છે.

આ સમગ્ર બનાવના મામલે જીલ્લા પોલીસ વડા નિતેશકુમાર પાંડેય સુધી વાત પહોંચી જતા જીલ્લા પોલીસ વડાએ સ્થાનીક પોલીસ સાથે વાતચીત કરેલ અને દ્વારકા પી.આઈ. ટી. સી. પટેલે ફરીયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દરેડ વિસ્તારમાં નીલગીરીની ગોલાઈ પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં યુવાનનું મોત

જામનગર : જામનગર-લાલપુર રોડ પર દરેડ નજીક નીલગીરીને ગોલાઈ પાસે પૂર ઝડપે આવી રહેલી એક કારના ચાલકે ડબલ સવારી બાઈકને ઠોકરે ચડાવતાં બાઈક ચાલક યુવાન ઘાયલ થયો છે. જ્યારે પાછળ બેઠેલા યુવાનનું ગંભીર ઈજા થવાના કારણે સ્થળ પર જ મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે, જામનગર નજીક દરેડ વિસ્તારમાં મુરલીધર પાર્કમાં રહેતા કિશનભાઇ ભટ્ટી પોતાના જી.જે. ૧૦-એ.જી. ૦૯૧૦ નંબરના બાઈકમાં પાછળ દિલીપભાઈ ગરોદરિયાને બેસાડીને જામનગર - લાલપુર ધોરી માર્ગ પર દરેડ નજીક નીલગીરીની ગોલાઈ પાસેથી પસાર થઈ રહ્યા હતા.

જે દરમિયાન પુર ઝડપે આવી રહેલી જીજે ૧૦ બી. આર. ૭૦૯૧ નંબરની કારના ચાલકે બાઈકને ઠોકર મારી દેતાં ગોજારો અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બાઈક ચાલક કિસનભાઈ ભટ્ટીને ગંભીર ઈજા થઈ હતી. જયારે પાછળ બેઠેલા દિલીપભાઈ ગરોદરિયા નામના દેવીપુજક યુવાનને ગંભીર ઈજા થવાથી તેનું કરૂણ મૃત્યુ નીપજયું છે. મૃતકના ભાઈ જીતેશભાઈ ચનાભાઈએ પંચકોષી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પી.એસ.આઇ. સી.એમ. કાંટેલિયાએ ઘટના સ્થળે પહોંચી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે. જ્યારે કારના ચાલક સામે ગુનો નોંધી તેની અટકાયત કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.


# ખીજડીયા પાસે ઊંડ નદીના રેલવેના પુલ પરથી યુવકે મોતની છલાંગ લગાવતા મૃત્યુ

જામનગર : જામનગર નજીક ખીજડીયા ગામ પાસે ઉંડ નદીના રેલવેના પુલ પરથી એક યુવાને ટ્રેનથી બચવા માટે નદીમાં છલાંગ લગાવી દીધી હતી અને ડૂબી જવાથી તેનું મૃત્યુ નીપજયું છે.

આ બનાવની વિગત એવી છે કે, જામનગર તાલુકાના ખીજડીયા ગામ પાસે આવેલી ઉંડ નદીના રેલ્વેના પુલ પરથી ગઈકાલે સવારના ૯.૦૦ વાગ્યાના અરસામાં ૩૫ થી ૪૦ વર્ષની વયનો એક યુવાન પૂલ પરથી ચાલીને જઈ રહ્યો હતો, જે દરમિયાન એકાએક ટ્રેન આવી જતાં તેણે પુલ ઉપરથી નદીમાં છલાંગ લગાવી દીધી હતી. પરંતુ પાણીમાં ડૂબી જવાના કારણે તેનું મૃત્યુ નીપજયું હતું.

આ બનાવ અંગે ખીજડીયા ગામના ખેડૂત મહેન્દ્રસિંહ જાડેજાએ પોલીસને જાણ કરતાં પી.એસ.આઇ. પી. જી. પનારા બનાવના સ્થળે દોડી આવ્યા હતા અને ૩૫ થી ૪૦ વર્ષની વયના અજાણ્યા પુરુષના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું હતું. જયારે મૃતકની ઓળખ કરવા માટે જામનગરની સરકારી જી. જી. હોસ્પિટલના કોલ્ડરૂમમાં રાખ્યો છે.

# ખંભાળિયામાં હદયરોગના હુમલાએ કર્મકાંડી યુવાનનો ભોગ લીધો



ખંભાળિયા : ખંભાળિયા ખાતે હરસિધ્ધિનગરમાં રહેતાં એક વિપ્ર યુવાનને ગઈકાલે શ્વાસ રૂંધાયા પછી બેભાન થઈ ગયેલ. જેથી તેમને હોસ્પિટલ ખસેડતા ફરજ પરના તબીબે તેઓનું મૃત્યુ નિપજયાનું જાહેર કર્યું હતું.

ખંભાળિયાના હરસિધ્ધિ નગર વિસ્તારમાં આવેલા હનુમાનજી મંદિર પાસે રહેતા અને કર્મકાંડના વ્યવસાય સાથે સંકળાયેલા ભરતભાઈ જીવણલાલ રાજ્યગુરુ (મૂળ જુના વિરમદળ વારા) નામના ૪૫ વર્ષના બ્રાહ્મણ યુવાન ગઈકાલે ગુરુવારે સાંજના સમયે તેમના ઘરે સુતા હતા. ત્યારે એકાએક તેમનો શ્વાસ રૂંધાવવા લાગતા તેમને મૂર્છિત અવસ્થામાં અહીંની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. આ બનાવની જાણ મૃતકના પિતરાઈ ભાઈ રજનીકાંતભાઈ લાલજીભાઈ રાજ્યગુરુ (ઉ.વ. ૪૦) એ અહીં પોલીસની કરી છે. ચાર દિવસમાં વધુ એક વિપ્ર યુવાનનું હૃદય રોગના હુમલાના કારણે મૃત્યુ નિપજયાના આ બનાવે બ્રહ્મ સમાજ સાથે સમગ્ર શહેરમાં શોક સાથે પ્રસરાવી છે.

# ખંભાળિયામાં નિદ્રાધિન અવસ્થામાં ખાટલા પરથી પડી જતાં મહિલાનું મોત

ખંભાળિયા : ખંભાળિયામાં નવાપરા વિસ્તારમાં રહેતાં એક વૃધ્ધ મહિલા રાત્રિના સમયે નિંદ્રાધિન અવસ્થામાં ખાટલા પરથી નીચે પડી જતાં તેમને ગંભીર ઈજાઓ થતાં તેઓનું મૃત્યુ નિપજયાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

ખંભાળિયાના ૨-નવાપરા વિસ્તારમાં રહેતા ભાનુબેન કરસનભાઈ રામજીભાઈ કણજારીયા નામના ૫૫ વર્ષના પ્રૌઢ મહિલા ગતરાત્રિના સમયે પોતાના રહેણાંક મકાનમાં સુતા હતા અને કોઈપણ સમયે તેઓ નિંદ્રાધીન અવસ્થામાં ખાટલા પરથી નીચે પડી જતા તેમને માથામાં ઈજા તેમજ હેમરેજ થઈ જવાના કારણે તેમનું મૃત્યુ નીપજયું હતું. આ બનાવ અંગે વિવેકભાઈ જેન્તીભાઈ નકુમ નામના યુવાન પોલીસને જાણ કરતાં ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આધેડ મહિલાના મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.


દુ:ખદ અવસાન

બેસણું



સ્વ.ભાનુમતીબેન દયાળજીભાઈ કોટેચા

સ્વ.તા.૨-૫-૨૦૨૪, ગુરૂવાર

જામનગર નિવાસી સ્વ.ભાનુમતીબેન દયાળજીભાઈ કોટેચા (ઉ.વ.૯૫) તે દિપકભાઈ, કિશોરભાઈ, વિજયભાઈ કોટેચા (નિવાસી તંત્રી સૌરાષ્ટ્ર આસપાસ દૈનિક જામનગર) તેમજ કરૂણાબેન, ઈલાબેન અને દિપ્તીબેનના માતૃશ્રી તથા રમેશકુમાર, નિલેશકુમાર અને જયેશકુમારના સાસુનું તા. ૨-૫-૨૦૨૪ને ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

♦ સ્‌ગતનું બેસણુ ♦

તા. ૩-૫-૨૦૨૪ને શુક્રવારના રોજ સાંજે ૪:૦૦ થી ૪:૩૦ કલાકે પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ખાતે ભાઈઓ તથા બહેનો માટે રાખેલ છે.

લી.

કોટેચા પરિવારના જયશ્રી કૃષ્ણ